بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ ۝

مومن کے اوصاف

# મુસલમાનની ખૂબીઓ


મુસન્નિફ

અતાએ હુઝૂર મુફ્તીયે આ'ઝમે હિંદ હાફિઝ વ કારી મૌલાના

**મુહમ્મદશાકિર નૂરી રઝવી**

*(અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી)*

અનુવાદક

**હાફિઝ મુહમ્મદસજ્જાદ પટેલ રઝવી**

*(ઈંગ્લિશ/કોમ્પ્યુટર ટીચર, દારુલ ઉલૂમ ગુલશને અજમેર–ભરૂચ)*



પ્રકાશક

**અંજુમને રઝાએ મુસ્તફા–દયાદરા**

**સુન્ની દા'વતે ઈસ્લામી (દયાદરા શાખા)**

GRWB/059/Bharuch/02 C/o. ફયૂઝાને રઝા મંઝિલ,

મુ.પો. દયાદરા–૩૯૨૦૨૦, તા. જિ. ભરૂચ, મો. ૯૪૨૭૪૬૪૪૧૧

Web. :www. barkatekhwaja.net | Email :anjuman2006@hotmail.com

Mo. 9427464411 (PhonePe/Paytm)

Bank Details

Bank of Baroda (Dayadra branch)
A/c. No. 34620100000303, Razvi Kitab Ghar
IFSC Code : BARB0DAYADR

| | | |
|---|---|---|
| પ્રકાશન નં.: ૨૪૮ | આવૃત્તિ–૧ | પ્રત: ૨૫૦૦ |
| ૪ રબીઉલ આખર | હિ.સ. ૧૪૪૧ | ડિસેમ્બર–૨૦૧૯ |

હદિયો ₹ 100/-

પ્રાસંગિક વાત

بسم اللہ الرحمٰن الرحیم

نَحْمَدُهٗ وَ نُصَلِّی عَلٰی رَسُوْلِهِ الْكَرِيْمِ

**ઉન્હેં જાના ઉન્હેં માના ન રખ્ખા ગૈરસે કામ**
**લિલ્લાહિલ હમ્દ મૈં દુન્યાસે મુસલમાન ગયા**

–(*આ'લા હઝરત* رضی اللہ عنہ)

પ્રસ્તુત કિતાબ **'મુસલમાનની ખૂબીઓ'** (મો'મિન કે અવસાફ) હઝરત કિ઼બ્લા અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી **હઝરત મૌલાના મુહમ્મદશાકિ઼ર નૂરી** مدظلہ العالی ની લખેલી અણમોલ કિતાબ છે. કોઈપણ ઈન્સાનની જિંદગીને ઈત્મિનાનવાળી, સુકૂનવાળી, સુખ ચૈનવાળી બનાવવા માટે આ કિતાબ દીવાદાંડી સમાન છે. જો એનામાં દર્શાવેલ ગુણો તથા ખૂબીઓને અપનાવી લેવામાં આવે તો ચોતરફ અમ્નો અમાનનું સામ્રાજ્ય દુનિયાભરમાં સ્થાપિત થઈ જાય. અને જો મુસલમાન એના પર અમલ કરીને જીવન જીવે તો બંને જહાનમાં ચૈન સુકૂન તથા ખુશનુમા માહોલમાં રહી શકે.

ખાસ કરીને મુસલમાને તો એના પર અમલ કરવો જ જોઈએ જ્યારે કે અલ્લાહ વ રસૂલને માનનાર છે, તેમના પર ઈમાન લાવેલો છે તો કેવળ ઝબાની ઈમાનનો દાવેદાર ન રહી જાય, નહીં તો બદ અમલીનો અંજામ પણ ઘણો જ દુઃખદાયક હશે. સુખદાયક જિંદગીનો સર્વ સમાન આ નાનકડી કિતાબમાં છે, લેખકે જાણે ગાગરમાં સાગર ભરી દીધો છે. એને ખુદ વાંચો, ઘરવાળાં, બહેનો, દોસ્તો, સગાંઓમાં આ કિતાબને વહેંચો અને દીનદારી અપનાવવા કોશિશ કરો. અલ્લાહ કરીમ તેના હબીબે પાક ﷺના સદકા઼માં આપણને સાચા પાકા નેક મો'મિન બનવાની તૌફી઼ક઼ આપે. (આમીન) લેખક, અનુવાદક, પ્રકાશકને મુબારકબાદ ! અલ્લાહ જઝાએ ખૈર આપે.

آمین بجاہ النبی الکریم علیہ افضل الصلوٰۃ والتسلیم

**–પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી**

*(ખલીફા : હુઝૂર તાજુશ્શરીઅહ્, તંત્રી : બરકાતે ખ્વાજા–માસિક)*

*(તા. ૩–ડિસેમ્બર–૨૦૧૯, મંગળવાર, હિ.સ. ૧૪૪૧, ૫ રબીઉલ આખર શરીફ)*

## ✪ અનુક્રમણિકા ✪


| | |
|---|---|
| ❀ **(૧) મો'મિન ખુશૂઅની સાથે નમાઝ પઢે છે** | **10** |
| ❑ ખુશૂઅનો મતલબ | 10 |
| ❑ ખુશૂઅનો ઈસ્તેલાહી (શરીઅતની બોલીમાં) અર્થ | 11 |
| ❑ ખુશૂઅની ફઝીલત | 11 |
| ❑ ફરીથી નમાઝ પઢો ! | 12 |
| ❑ ખુશૂઅ સાથે નમાઝ પઢવી ગુનાહોનો કફ્ફારો છે | 13 |
| ❑ હઝરત સૈયદના ખલફ બિન ઐયૂબ رضی اللہ عنہ નો ખુશૂઅ | 13 |
| ❑ હઝરત મુસ્લિમ બિન યસાર رضی اللہ عنہ નો ખુશૂઅ | 14 |
| ❑ હઝરત ઈમામ ઝૈનુલ આબેદીન رضی اللہ عنہ નો ખુશૂઅ | 14 |
| ❑ હઝરત સૈયદના હાતિમ અસમ رضی اللہ عنہ નો ખુશૂઅ | 14 |
| ❑ હઝરત આમિર બિન અબ્દુલ્લાહ رضی اللہ عنہ નો ખુશૂઅ | 15 |
| ❀ **ખુશૂઅ પૈદા કરવાવાળી ચીજો** | **16** |
| ❑ "એહસાન"ના ખયાલ સાથે નમાઝ પઢે | 16 |
| ❑ નમાઝમાં ઈત્મિનાન તથા સુકૂન | 16 |
| ❑ નમાઝમાં મોતને યાદ કરવું | 17 |
| ❑ કુર્આનની આયતો અને નમાઝના ઝિક્રોમાં વિચારણા કરવી | 18 |
| ❑ નમાઝમાં અલ્લાહ તઆલાથી વાતચીતનો અક઼ીદો | 19 |
| ❀ **ખુશૂઅમાં દખલ કરવાવાળાં કામોથી દૂર રહો** | **21** |
| ❑ નમાઝીને મશ્ગૂલ કરનારી વસ્તુઓ પાછળ નમાઝ પઢવી | 21 |
| ❑ નક્શો નિગારવાળાં કપડાં પહેરીને નમાઝ પઢવી | 21 |
| ❑ ખાવાની હાજરીમાં નમાઝ પઢવી | 21 |
| ❑ જાજરૂની જરૂરિયાત રોકી નમાઝ પઢવી | 22 |
| ❑ ઊંઘમાં નમાઝ પઢવી | 23 |
| ❑ ઊંઘતા અને વાતચીત કરવાવાળાઓની નજીક નમાઝ પઢવી | 23 |
| ❑ નમાઝ દરમિયાન આમે તેમ જોવું | 0 |
| ❀ **(૨) મો'મિન બેહૂદા અને મતલબ વગરની વાતો તરફ ધ્યાન નથી આપતો** | **24** |
| ❑ મો'મિન ખોટો આરોપ નથી લગાડતો | 25 |
| ❑ ખોટો આરોપ લગાડનારાનું ઠેકાણુ જહન્નમ છે | 26 |

| | |
|---|---|
| ❑ ખોટો આરોપ લગાડવો હલાકત (વિનાશ) અને બર્બાદીનો ઝરીયો છે | 26 |
| ❑ મો'મિન અફવાઓ નથી ફેલાવતો | 26 |
| ❑ કોઈ ખબર મળે તો પહેલાં તેહક઼ીક કરો | 27 |
| ❑ દરેક સાંભળેલી વાતને ફેલાવનારો જૂઠો છે | 27 |
| ❑ મો'મિન જૂઠુ નથી બોલતો | 28 |
| ❑ જૂઠી વાતોથી દૂર રહેવાનો હુકમ | 28 |
| ❑ જૂઠ બુરાઈ તરફ લઈ જાય છે | 28 |
| ❑ જૂઠુ બોલવાવાળાથી ફરિશ્તાઓ દૂર થઈ જાય છે | 29 |
| ❑ બાળકોને બોલાવવા માટે પણ જૂઠુ બોલવુ જાઈઝ નથી | 29 |
| ❑ જૂઠ અને વાદાખિલાફી મુનાફિક઼ની નિશાનીમાંથી છે | 30 |
| ❑ મજાકમાં પણ જૂઠુ બોલવું જાઈઝ નથી | 30 |
| ❀ **મો'મિન ગીબત નથી કરતો** | 31 |
| ❀ **ગીબત કોને કહે છે ?** | 31 |
| ❑ ગીબત કરવી મૃત્યુ પામેલા ભાઈનો ગોશ્ત ખાવાના બરાબર છે | 32 |
| ❑ ગીબત ઝિનાથી સખત છે | 33 |
| ❑ તાંબાના નખ | 33 |
| ❑ જાંગોથી ગોશ્ત કાપીને ખાવાનો અઝાબ | 33 |
| ❑ કોઈકને ઠિંગુજી કહેવું પણ ગીબત છે | 33 |
| ❀ **મો'મિન કોઈની બેઈજ્જતી નથી કરતો** | 34 |
| ❑ મુસલમાનને બેઈજ્જત કરવો સૌથી મોટુ વ્યાજ છે | 34 |
| ❑ મો'મિનની ઈજ્જતની રક્ષા કરનારને જહન્નમની આગથી દૂર કરી દેવામાં આવશે | 35 |
| ❑ જે મુસલમાનનો એબ જાહેર કરશે અલ્લાહ તઆલા તેનો અયબ જાહેર કરશે | 35 |
| ❀ **મો'મિન ખોટા લક઼બો નથી પાડતો** | 36 |
| ❑ કોઈનું બુરુ નામ રાખવું મના છે | 36 |
| ❀ **મુસલમાન ગુનાહની વાતોથી દૂર રહે છે** | 37 |
| ❀ **મો'મિન બિભત્સ વાતો નથી કરતો** | 38 |
| ❑ બિભત્સ વાતો કરવાવાળા પર જન્નત હરામ છે | 38 |
| ❑ બિભત્સ વાતો કરવી મન્હૂસ (નાપસંદ) છે | 38 |

| | |
|---|---|
| ❑ બિભત્સ કરવાવાળો ક઼યામતના દિવસે કૂતરાની શક્લમાં હશે | 38 |
| ❑ બુરી વાતોનાં નુકસાનો | 39 |
| ❀ **મુસલમાન બદ્દુઆ નથી કરતો** | 40 |
| ❑ મુસલમાન પર લા'નત કરવી તેને ક઼તલ કરવાની જેમ છે | 40 |
| ❑ લા'નત કરવી સાચા મુસલમાનને શોભતુ નથી | 41 |
| ❑ મુસલમાન એકબીજા પર લા'નત નથી કરતા | 41 |
| ❀ **મુસલમાન કોઈની મજાક નથી ઉડાવતો** | 41 |
| ❑ કોઈ ઈન્સાન કોઈ બીજા ઈન્સાનની મજાક ન ઉડાડે | 42 |
| ❑ જો કોઈ મજાક ઉડાડતો હોય તો તેને રોકવા જોઈએ | 43 |
| ❀ **મુસલમાન જૂઠો વાયદો નથી કરતો** | 44 |
| ❀ **મુસલમાન જૂઠી ક઼સમ નથી ખાતો !** | 45 |
| ❀ **મુસલમાન દોરુખી નથી હોતો** | 45 |
| ❀ **બેકાર વાતો કરવાનું નુકસાન** | 46 |
| ❑ બેકાર વાતોને છોડવાવાળો સાચો મુસલમાન છે | 47 |
| ❀ **(૩) મુસલમાન ઝકાત આપે છે** | 48 |
| ❑ ઝકાત ફર્ઝ છે | 49 |
| ❑ ઝકાત ઈસ્લામના અરકાનોમાંથી એક રુકન છે | 49 |
| ❑ ઝકાત માલની ખરાબીને નષ્ટ કરે છે | 49 |
| ❑ ઈમાન મુકમ્મલ કરવાનો ઝરીયો | 49 |
| ❑ માલને બચાવવાનું કારણ | 50 |
| ❑ માલની બર્બાદીનું કારણ ઝકાત ન આપવું છે | 50 |
| ❑ ઝકાત ન આપવાવાળા પર લા'નત | 50 |
| ❑ ઝકાત ન આપવાના નુકસાનો | 50 |
| ❑ ક઼યામતના દિવસે અઝાબ | 50 |
| ❑ સૌથી પહેલાં દોઝખમાં | 51 |
| ❑ ઝકાત ન આપવાવાળાની નમાઝ ક઼બૂલ નથી | 52 |
| ❀ **(૪) મુસલમાન શર્મગાહની હિફાઝત કરે છે** | 52 |
| ❑ શર્મગાહની હિફાઝત પર જન્નતની ઝમાનત ! | 52 |

| | |
|---|---|
| ❑ ઝિના અને તેની બુરાઈ | 52 |
| ❑ ઝિનાની નઝદીક પણ ન જાવ ! | 53 |
| ❑ ઝિના (વ્યભિચાર)ની સજા | 53 |
| ❑ ઝિના કરવાવાળો ઝિના કરે ત્યારે મો'મિન નથી રહેતો | 54 |
| ❑ ઝિનાખોરની દુઆ ક઼બૂલ થતી નથી | 54 |
| ❑ વૃદ્ધ વ્યભિચારી રહ઼મતની નઝરથી દૂર થઈ જાય છે | 55 |
| ❑ ચાર પ્રકારના લોકોથી અલ્લાહની નારાઝગી | 55 |
| ❑ વૃદ્ધ વ્યભિચારી જન્નતથી વંચિત ! | 55 |
| ❀ **લવાતત (સૃષ્ટિ વિરુદ્ઘ કૃત્ય** | 56 |
| ❑ લવાતતની શરૂઆત | 56 |
| ❑ લવાતતની બુરાઈ કુર્આન વ હદીષની રોશનીમાં | 57 |
| ❑ કામ કરવાવાળાને ક઼તલ કરી દો | 57 |
| ❑ લૂત ક઼ૌમની સાથે હશ્ર | 58 |
| ❑ લૂત લોકો લા'નત કરેલા (મલઊન) છે | 58 |
| ❑ હુઝૂર ﷺને પોતાની ઉમ્મત માટે ડર | 59 |
| ❑ અલ્લાહ તઆલા રહ઼મની નજર નહીં કરે ! | 59 |
| ❑ લૂતી પર મખ્લૂક઼ાતનો ગુસ્સો | 60 |
| ❀ **નજરોની હિફાઝત** | 60 |
| ❑ નજર શૈતાનનું તીર છે | 61 |
| ❑ ઓચિંતી નજર માફ છે | 61 |
| ❑ ખરાબ નજરથી બચવા પર ઈમાનની મીઠાશ | 62 |
| ❑ ખરાબ નજર કરવાવાળો મલઊન હોય છે | 62 |
| ❑ ખરાબ નજરથી બચવાનું ઈનામ | 63 |
| ❑ ખરાબ નજરનો ઈલાજ | 63 |
| ❑ ખરાબ નજરનો ઈલાજ કુર્આન મજીદની રોશનીમાં | 64 |
| ❑ ખરાબ નજરનો ઈલાજ હદીષની રોશનીમાં | 67 |
| ❀ **(૫) મો'મિન અમાનતો પરત કરે છે અને વાયદાને પૂર્ણ કરે છે** | 69 |
| ❑ અમાનતની હક઼ીકત | 69 |

| | |
|---|---|
| ❑ અમાનત તેના હક્કદાર સુધી પહોંચાડો | 70 |
| ❑ મુસલમાન ખયાનત કરનારાની તરફદારી નથી કરતો | 70 |
| ❑ જેમાં અમાતદારી નથી તેનામાં ઈમાન નથી | 71 |
| ❑ ખયાનત કરવી મુનાફિક્ની નિશાની છે | 71 |
| ❑ અમાનતના પ્રકારો | 71 |
| ❑ ઈબાદતમાં અમાનત | 72 |
| ❑ શરીરના ભાગોની હિફાઝત કરવી અમાનત છે | 72 |
| ❑ વાતચીત અને કલામમાં અમાનત | 72 |
| ❑ જવાબદારી અમાનત છે | 73 |
| ❑ ગેરલાયકને હોદ્દો આપવો | 74 |
| ❑ ખરીદ વેચાણમાં ખયાનત | 75 |
| ❑ ખાસ મહફિલોની વાતને આમ કરવી ખયાનત છે | 76 |
| ❑ ખોટી સલાહ આપવી પણ ખયાનત છે | 77 |
| ❑ કોઈનું રાઝ બતાવવું ખયાનત છે | 78 |
| ❑ એકાંતની વાત બીજાને બતાવવી ખયાનત છે | 78 |
| ❑ પૈસા અને બીજી વસ્તુઓમાં ખયાનત | 79 |
| ❑ કોઈનો હક્ક મારવો | 80 |
| ❑ અધિકારો ન આપવા પણ ખયાનત છે | 80 |
| ❑ ઈન્સાફ ન કરવો ખયાનત છે | 80 |
| ❀ **(૬) મો'મિનો નમાઝોની હિફાઝત કરે છે** | 81 |
| ❑ નમાઝ અલ્લાહ તઆલાની યાદનો ઝરીયો છે | 81 |
| ❑ નમાઝ બુરાઈઓથી રોકે છે | 82 |
| ❑ નમાઝ કાયમ કરવાવાળાનો બદલો અને સવાબ | 82 |
| ❑ નમાઝી હિદાયત પામેલા બંદાઓમાંથી છે | 83 |
| ❑ નમાઝીનો બદલો બેકાર કરવામાં નહીં આવે | 83 |
| ❑ ગુનાહોની મગફેરત માફી | 83 |
| ❑ ગુનાહ વૃક્ષના પાંડદાઓની જેમ ખરી જાય છે | 84 |
| ❑ જન્નતમાં લઈ જવાવાળો અમલ | 85 |

| | |
|---|---|
| ❑ નમાઝથી ગુનાહોની માફી | 85 |
| ❀ **નમાઝ છોડવાની સજાઓ** | 85 |
| ❑ નમાઝમાં સુસ્તી કરવાવાળા પર અઝાબ | 85 |
| ❑ જહન્નમના દરવાજા પર નામ | 86 |
| ❑ અમલો મરદૂદ થઈ જશે | 86 |
| ❑ કુફ્રના નજીક ! | 86 |
| ❀ **શ્રેષ્ઠ મુસલમાનો** | 88 |
| ❑ **૦૧.** ખાવા ખવડાનાર અને સલામ કરનારો શ્રેષ્ઠ મુસલમાન છે | 88 |
| ❑ **૦૨.** નેકી કરી ખુશ થવાવાળો અને ગુનાહથી ઈસ્તિગફાર કરવાવાળો શ્રેષ્ઠ મુસલમાન છે | 88 |
| ❑ **૦૩.** દુનિયા અને આખેરત બંનેની ફિક્ર કરવાવાળો શ્રેષ્ઠ મુસલમાન છે | 89 |
| ❑ **૦૪.** ઈશ્ક઼ હોવા છતાંય શરીઅતની વિરુદ્ધ અમલથી બચવાવાળો શ્રેષ્ઠ મુસલમાન છે | 90 |
| ❑ **૦૫.** ગુનાહોથી તોબા કરવાવાળો શ્રેષ્ઠ મુસલમાન છે | 91 |
| ❑ **૦૬.** વાયદો પૂરો કરવાવાળો શ્રેષ્ઠ મુસલમાન છે | 91 |
| ❑ **૦૭.** કુર્આન શીખવા અને બીજાઓને શીખવવાવાળો શ્રેષ્ઠ મુસલમાન છે | 92 |
| ❑ **૦૮.** હાફિઝે કુર્આન અને રાતને જીવંત રાખવાવાળા શ્રેષ્ઠ મુસલમાન છે | 93 |
| ❑ **૦૯.** ગુનાહ અને હસદ ન કરવાવાળો શ્રેષ્ઠ મુસલમાન છે | 93 |
| ❑ **૧૦.** જેના અખ્લાક઼ સારા હોય એ શ્રેષ્ઠ મુસલમાન છે | 93 |
| ❑ **૧૧.** ફક઼ીહ શ્રેષ્ઠ મુસલમાન છે | 94 |
| ❑ **૧૨.** આલિમે દીન શ્રેષ્ઠ મુસલમાન છે | 95 |
| ❑ **૧૩.** અલ્લાહ તઆલાની તરફ બોલવનાર શ્રેષ્ઠ મુસલમાન છે | 96 |
| ❑ **૧૪.** જેને મોડેથી ગુસ્સો આવે અને જલ્દી ચાલ્યો જાય એ શ્રેષ્ઠ મુસલમાન છે | 96 |
| ❑ **૧૫.** જે ક઼ર્ઝ સમયસર અદા કરે તે શ્રેષ્ઠ મુસલમાન છે | 97 |
| ❑ **૧૬.** જે પોતાની પત્ની અને બાળકોનો સારી રીતે ખયાલ રાખે એ શ્રેષ્ઠ મુસલમાન છે | 98 |
| ❑ **૧૭.** જેને જોઈને ખુદા યાદ આવે એ શ્રેષ્ઠ મો'મિન (મુસલમાન) છે | 97 |
| ❑ **૧૮.** જે દુનિયાની સગવડોથી દિલ ન લગાડે એ સૌથી શ્રેષ્ઠ છે | 98 |
| ❑ **૧૯.** જેની દુષ્ટતાથી લોકો મહેફૂઝ રહે એ શ્રેષ્ઠ મુસલમાન છે | 99 |


❀❀❀

بِسۡمِ اللّٰهِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ

نَحۡمَدُہٗ وَ نُصَلِّی عَلٰی رَسُوۡلِہِ الۡکَرِیۡمِ

اَلصَّلٰوۃُ وَالسَّلَامُ عَلَیۡكَ یَارَسُوۡلَ اللّٰہِ اَلصَّلٰوۃُ وَالسَّلَامُ عَلَیۡكَ یَا نَبِیَّ اللّٰہِ
اَلصَّلٰوۃُ وَالسَّلَامُ عَلَیۡكَ یَاحَبِیۡبَ اللّٰہِ اَلصَّلٰوۃُ وَ السَّلَامُ عَلَیۡكَ یَا نُوۡرَ اللّٰہِ
صَلَّی اللّٰہُ تَعَالٰی عَلَیۡكَ وَسَلَّمَ

કુર્આન શરીફમાં قَدۡ اَفۡلَحَ الۡمُؤۡمِنُوۡنَ પેજ–૧૧ "સફળ થવાવાળા મો'મિન છે" ફર્માવીને સફળતાની જડ ઈમાનને બતાવી દીધી. અને પછી સફળ મો'મિનની ખૂબીઓ વર્ણવી. ઈમાન ખરેખર અલ્લાહ તઆલાની તરફથી મળેલ એક મહાન ઈનામ છે, પરંતુ ઈમાનની સાથે તેના તકાઝા પૂરા કરવા જરૂરી છે. સૂરએ મુઅ્મિનીનની શરૂઆતની આયતોમાં મો'મિનની ખૂબીઓ અને ઈમાનના તકાઝાઓને વિસ્તૃતમાં વર્ણવેલ છે.

હઝરત યઝીદ બિન બાબનૂસ رضی اللہ عنہ ફર્માવે છે કે અમે ઉમ્મુલ મો'મિનીન સૈયદના આઈશા સિદ્દીક઼ા رضی اللہ عنہا ની બારગાહમાં અર્ઝ કરી, "હુઝૂર ﷺ નો અખ્લાક઼ મુબારક કેવા હતા ? كَیۡفَ كَانَ خُلُقُ رَسُوۡلِ اللّٰہِ صَلَّی اللّٰہُ عَلَیۡہِ وَسَلَّمَ ؟" આપે ફર્માવ્યું : كَانَ خُلُقُ رَسُوۡلِ اللّٰہِ الۡقُرۡاٰنَ "હુઝૂર ﷺ ના અખ્લાક઼ કુર્આન કરીમના મુજબ હતા. પછી હઝરત આઈશા رضی اللہ عنہا સૂરએ મુઅ્મિનીનની શરૂઆતની (૯) નવ આયતો وَالَّذِیۡنَ هُمۡ عَلٰی صَلَوٰتِهِمۡ یُحَافِظُوۡنَ સુધી તિલાવત ફર્માવી અને ફર્માવ્યું કે હુઝૂર ﷺ ના અખ્લાક઼ આવા હતા.

*(સુનને નિસાઈ, ભાગ–૧૦, પેજ–૧૯૩)*

આપણને હુઝૂર ﷺ ના અખ્લાક઼ પર અમલ કરવાનો હુકમ આપવામાં આવ્યો છે. કુર્આન કરીમ ફર્માવે છે. لَقَدۡ كَانَ لَكُمۡ فِیۡ رَسُوۡلِ اللّٰہِ اُسۡوَۃٌ حَسَنَۃٌ "બેશક ! તમારા માટે રસૂલ ﷺ ની પૈરવી બેહતર છે." *(સૂરએ અહઝાબ, આ. ૧૨)*

માટે મો'મિનના માટે જરૂરી છે કે તે આ ખૂબીઓને અપનાવે. સૂરએ મુઅ્મિનીનની એ શરૂઆતની આયતો નીચે મુજબ છે :–

قَدْ اَفْلَحَ الْمُؤْمِنُوْنَ ۝ الَّذِيْنَ هُمْ فِيْ صَلَاتِهِمْ خٰشِعُوْنَ ۝ وَالَّذِيْنَ هُمْ عَنِ اللَّغْوِ مُعْرِضُوْنَ ۝ وَالَّذِيْنَ هُمْ لِلزَّكٰوةِ فٰعِلُوْنَ ۝ وَالَّذِيْنَ هُمْ لِفُرُوْجِهِمْ حٰفِظُوْنَ ۝ اِلَّا عَلٰٓى اَزْوَاجِهِمْ اَوْ مَا مَلَكَتْ اَيْمَانُهُمْ فَاِنَّهُمْ غَيْرُ مَلُوْمِيْنَ ۝ فَمَنِ ابْتَغٰى وَرَآءَ ذٰلِكَ فَاُولٰٓئِكَ هُمُ الْعٰدُوْنَ ۝ وَالَّذِيْنَ هُمْ لِاَمٰنٰتِهِمْ وَعَهْدِهِمْ رٰعُوْنَ ۝ وَالَّذِيْنَ هُمْ عَلٰى صَلَوٰتِهِمْ يُحَافِظُوْنَ ۝

''બેશક ! મુરાદ પામ્યા ઈમાનવાળાઓ ✪ જેઓ પોતાની નમાઝમાં કરગરે છે ✪ અને તેઓ જે કોઈ બેહૂદી બાબત પ્રત્યે ધ્યાન આપતા નથી ✪ અને તેઓ કે ઝકાત આપવાનુ કાર્ય કરે છે ✪ અને તેઓ જે પોતાની શર્મગાહોને જાળવે છે ✪ પણ પોતાની પત્નીઓ અથવા શરીઅત મુજબની લોંડીઓથી જે તેમના હાથોની મિલ્કત છે કે તેમના પર કશો ઠપકો નથી ✪ તો જે એ બે સિવાય કંઈક બીજુ ઈચ્છે તેઓ જ હદ ઓળંગનાર છે ✪ અને તે જેઓ પોતાની અમાનતો તેમજ પોતાના વાયદાનો ખયાલ રાખે છે ✪ અને તેઓ જે પોતાની નમાઝોની સંભાળ રાખે છે.''

*(સૂરએ મુઅમિનીનૂ, આ.૧ થી ૯)*

નીચે આ ખૂબીઓમાંથી દરેકનુ વિસ્તૃતમાં વર્ણન કરવામાં આવે છે.

## (૧) મો'મિન ખુશૂઅની સાથે નમાઝ પઢે છે

કુર્આન મજીદમાં મો'મિનની પહેલી ખૂબી બયાન કરી છે કે તે લોકો ખુશૂઅ અને આજીજીની સાથે નમાઝ પઢે છે.

અલ્લાહ ઈર્શાદ ફર્માવે છે : الَّذِيْنَ هُمْ فِيْ صَلَاتِهِمْ خٰشِعُوْنَ ۝ ''જેઓ પોતાની નમાઝમાં કરગરે છે.'' *(સૂરએ મુઅમિનૂન, આયત–૨)*

### ★ ખુશૂઅનો મતલબ ★

ખુશૂઅનો અસલ મતલબ છે કે કોઈની સામે ઝુકી જવું, દબાઈ જવું, આજીજી

અને વિનમ્રતાનો ઈઝહાર (પ્રદર્શન) કરવો, ખુશૂઅની કેફિયતનો સંબંધ દિલની સાથે પણ હોય છે અને શરીર સાથે પણ હોય છે.

✦ **દિલનો ખુશૂઅ** : દિલનો ખુશૂઅ (આજીજી) એ છે કે આદમી કોઈના દબદબા, ગુસ્સા અને મહાનતાથી ડરી જાય.

✦ **શરીરનો ખુશૂઅ** : શરીરનો ખુશૂઅ એ છે કે જ્યારે એ તેની સામે જાય તો પોતાના માથાને અને નિગાહને ઝુકાવી લે અને અવાજને નીચો કરી લે.

## ★ ખુશૂઅનો ઈસ્તેલાહી (શરીઅતની બોલીમાં) અર્થ ★

નમાઝમાં ખુશૂઅનો મતલબ દિલ અને શરીર બન્નેની કેફિયત છે અને એ જ નમાઝની અસલી રૂહ છે. હઝરત સઈદ બિન મુસૈયિબ (رضی اللہ عنہ)થી મરવી છે, કે નબીએ કરીમ ﷺએ એક શખ્સને નમાઝમાં દાઢી સાથે રમતો જોયો તો ઈર્શાદ ફર્માવ્યો :–

لَوْ خَشَعَ قَلْبُهٗ خَشَعَتْ جَوَارِحُهٗ ''જો એના દિલમાં ખુશૂઅ હોત તો તેના શરીરના ભાગો પરથી પણ એ જાહેર ન થાત.''

*(મુસન્નફે અબ્દુર્રઝાક અલ સુન્આની, પેજ–૨૬૬, ભાગ–૨)*

કુર્આન શરીફ ઈર્શાદ ફર્માવે છે :–

وَاسْتَعِيْنُوْا بِالصَّبْرِ وَالصَّلٰوةِ وَاِنَّهَا لَكَبِيْرَةٌ اِلَّا عَلَى الْخٰشِعِيْنَ ○

''અને સબર અને નમાઝથી મદદ મેળવો, બેશક ! નમાઝ જરૂર ભારે છે, પણ તેના પર જે દિલથી મારી તરફ ઝુકે છે.'' *(સૂરએ બક઼રહ, આયત–૪૫)*

આ આયતમાં અલ્લાહ તઆલાએ પોતાના બંદાઓથી ફર્માવ્યું કે તમે નમાઝ અને સબરથી મદદ મેળવો, અને સાથે એ પણ ખુલાસો કર્યો કે આ મદદને હાંસલ કરવામાં તે જ લોકો કામયાબ થશે જેઓ ખુશૂઅ તથા ખુઝૂઅવાળા (દિલથી તલ્લીન) છે.

## ★ ખુશૂઅની ફઝીલત ★

નમાઝ ઈસ્લામના અતિ મહત્વના ફર્ઝોમાંથી છે. એના ફાયદાઓ જે કુર્આન તથા હદીષમાં બયાન કરવામાં આવ્યા છે તે ત્યારે જ મળી શકે છે જ્યારે નમાઝને

નબીની સુન્નત પ્રમાણે સુકૂન અને શાંતિથી અદા કરવામાં આવે જેથી નમાઝમાં ખુશૂઅ તથા ખુઝૂઅ હાંસલ થઈ શકે છે. નીચે ખુશૂઅ અને ખુઝૂઅની સાથે નમાઝ પઢવાના વિશે કેટલીક હદીષો પેશ કરવામાં આવે છે :–

## ★ ફરીથી નમાઝ પઢો ! ★

હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہથી રિવાયત છે કે રસૂલે કરીમ ﷺ મસ્જિદના એક ખૂણામાં બેઠા હતા. એક શખ્સ મસ્જિદમાં આવ્યો અને નમાઝ પઢી અને પછી હુઝૂર ﷺની ખિદમતમાં હાજર થઈ સલામ અર્ઝ કરી. હુઝૂર ﷺએ ઈર્શાદ ફર્માવ્યો, وَعَلَيْكَ السَّلَامُ જાવ ! નમાઝ પઢો કે તમારી નમાઝ નથી થઈ. એ ગયા અને નમાઝ પઢયા. પછી હાજર થઈ સલામ અર્ઝ કરી. હુઝૂર ﷺએ ઈર્શાદ ફર્માવ્યો, وَعَلَيْكَ السَّلَامُ જાવ ! નમાઝ પઢો કે તમારી નમાઝ નથી થઈ. ત્રીજીવાર કે એના પછી અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ﷺ મને શીખવાડો. આપ ﷺએ ઈર્શાદ ફર્માવ્યો, જયારે નમાઝ માટે ઉભા રહેવા ચાહો તો કામિલ (બરાબર) વુઝૂ કરી લો, પછી કિ઼બ્લાની બાજુ મોઢુ કરીને اَللّٰهُ اَكْبَرُ કહો, પછી જેટલુ બની શકે કુર્આન પઢો. પછી રૂકૂઅ કરો ત્યાં સુધી કે રુકૂઅમાં તમને શાંતિ મળે. પછી ઉઠો ત્યાં સુધી કે સીધા ઉભા થઈ જાવ, પછી સજદો કરો ત્યાં સુધી કે સજદામાં શાંતિ મળી જાય, પછી ઉઠીને બેસી જાવ ત્યાં સુધી કે બેસવામાં શાંતિ (ઈત્મિનાન) મળી જાય, પછી સજદો કરો ત્યાં સુધી કે સજદામાં ઈત્મિનાન મળી જાય, પછી ઉઠો અને સીધા ઉભા થઈ જાવ, આવી રીતે નમાઝ પૂરી કરો.

*(સહીહ બુખારી, ભાગ–૧, પેજ–૧૫૨)*

ઉમ્મુલ મો'મિનીન હઝરત આઈશા رضی اللہ عنہاથી મરવી છે કે, રસૂલુલ્લાહ ﷺ નમાઝ اَللّٰهُ اَكْبَرُ થી શરૂઆત ફર્માવતા અને કિ઼ર્અત اَلْحَمْدُ لِلّٰهِ رَبِّ الْعٰلَمِيْنَથી કરતા. જયારે રુકૂઅ કરતા ત્યારે માથાને ન ઝુકાવેલુ રાખતા ન ઉઠાવેલુ બલ્કે દરમિયાનમાં (વચ્ચેની હાલતમાં) રાખતા અને જયારે રુકૂઅથી માથુ ઉઠાવતા તો ત્યાં સુધી સજદામાં ન જતા જયાં સુધી સીધા ઉભા ન થઈ જતા. સજદામાંથી ઉઠી બીજીવાર સજદો ન કરતા જયાં સુધી સીધા ન બેસી જતા. દરેક બે રકાત પર 'અત્તહિય્યાત'

પઢતા. ડાબો પગ બિછાવી દેતા અને સીધો (જમણો) ઉભો રાખતા. શૈતાનની જેમ બેસવાથી મના ફર્માવતા અને સજદામાં (મર્દોને) ચોપગાંઓની જેમ કોણીઓ બિછાવવાથી મના ફર્માવતા અને નમાઝને સલામ પર પૂરી કરતા.

*(સહીહ બુખારી, ભાગ–૧, પેજ–૧૫૨)*

## ★ ખુશૂઅ સાથે નમાઝ પઢવી ગુનાહોનો કફ્ફારો છે ★

હઝરત ઉષ્માન બિન અફ્ફાન رضي الله عنه ફર્માવે છે કે મેં રસૂલુલ્લાહ ﷺને ઈર્શાદ ફર્માવતાં સાંભળ્યા. જે મુસલમાન ફર્ઝ નમાઝનો સમય આવવાના સમયે તેના માટે સારી રીતે વુઝૂ કરે છે પછી ખૂબ જ ખુશૂઅની સાથે નમાઝ પઢે છે. સારી રીતે રૂકૂઅ કરે છે. તો જ્યાં સુધી એ કબીરા ગુનાહ ન કરે, આ નમાઝ એના માટે પાછલા ગુનાહોનો કફફારો બની જાય છે. અને આ ફઝીલત હમેશા માટે છે.

*(સહીહ મુસ્લિમ, ભાગ–૧, પેજ–૨૬)*

ખુશૂઅ અને ખુઝૂઅ જ્યારે આટલી બધી ખાસ મો'મિનની ખૂબીઓમાંથી છે તો ખરેખર તેને હાંસલ કરવાની તમન્ના દરેક મો'મિનમાં હોવી જોઈએ. અને તેને પ્રાપ્ત કરવાની જેટલી બની શકે એટલી દરેક કોશિશ પણ કરવી જોઈએ. આપણે આપણા બુઝુર્ગોની જિંદગી વિશે પઢીએ તો એ વાતનો અંદાજો લગાડી શકીશું કે તેમનામાં આ ખૂબી ઘણા મોટા પ્રમાણમાં જોવામાં આવશે. જેના લીધે તેમની જિંદગી અને રાત દિવસના મામલાઓ બિલકુલ અનોખા રહેતા હતા. કેટલાક બનાવો લખવામાં આવી રહ્યા છે.

## ★ હઝરત સૈયદના ખલફ બિન ઐયૂબ رضي الله عنهનો ખુશૂઅ ★

હઝરત સૈયદના ખલફ બિન ઐયૂબ رضي الله عنهથી પૂછવામાં આવ્યુ, કે તમે માખીઓને દૂર નથી કરતા, શું એ નમાઝમાં તમને તકલીફ નથી પહોંચાડતી ? હઝરત સૈયદના ખલફ رضي الله عنهએ ફર્માવ્યું, મને એ વાત મળી કે ફાસિક અને ફાજિર (ખુલ્લે આમ ગુનાહ કરવાવાળા) લોકો બાદશાહોના કોરડા ચાબુક નીચે સબર કરે છે તો કહેવામાં આવે છે કે તે ફલાણો ઘણો જ સબર કરવાવાળો છે અને તે તેના પર ગર્વ કરે છે. તો શું હું મારા રબ عزوجلની બારગાહમાં ઉભો રહી માખીના કારણે હરકત કરું ? *(અલ મુસ્તતરફ ફી કુલ્લિ ફન્ને મુસ્તતરફ ભાગ–૧, પેજ–૧૫)*

## ★ હઝરત મુસ્લિમ બિન યસાર رضی اللہ عنہ નો ખુશૂઅ ★

હઝરત મુસ્લિમ બિન યસાર رضی اللہ عنہ જયારે નમાઝનો ઈરાદો કરતા તો ઘરવાળાઓથી ફર્માવતા. તમે એકબીજા સાથે વાતચીત કરતા રહો, હું તમારી વાતચીત સાંભળીશ નહીં. એક દિવસ આપ رضی اللہ عنہ બસરાની મસ્જિદમાં નમાઝ પઢી રહ્યા હતા. કે તેમની પાછળની બાજુ મસ્જિદનો એક સ્તંભ પડયો, તેના કારણે લોકો ભેગા થઈ ગયા. પરંતુ આપ رضی اللہ عنہ ને નમાઝ પૂરી થતા સુધી કાંઈ જ ખબર ન પડી. *(હિલ્યતુલ અવલિયા, ભાગ–૨, પેજ–૩૩૦)*

## ★ હઝરત ઈમામ ઝૈનુલ આબેદીન رضی اللہ عنہ નો ખુશૂઅ ★

હઝરત સૈયદના ઈમામ ઝૈનુલ આબેદીન અલી બિન હુસૈન رضی اللہ عنہ જયારે વુઝૂ કરતા તો ચેહરાનો રંગ પીળો થઈ જતો. ઘરવાળા અર્ઝ કરતા કે વુઝૂ કરતી વખતે તમારા પર કઈ વસ્તુનો ડર તારી થઈ જાય છે ? ફર્માવે છે, શું તમે જાણો છો કે કોની બારગાહમાં ઉભા રહેવાનો ઈરાદો કરી રહ્યો છું ?!

*(અઝ્ ઝુહદુલ ઈમામ અહમદ બિન હમ્બલ, ભાગ–૮, પેજ–૩૪૩)*

## ★ હઝરત સૈયદના હાતિમ અસમ رضی اللہ عنہ નો ખુશૂઅ ★

હઝરત હાતિમ અસમ رضی اللہ عنہ થી કોઈએ તેમની નમાઝની કૈફિયત (સ્થિતિ)ના વિશે પૂછયું તો ફર્માવ્યું, જયારે નમાઝનો સમય નજીક આવે છે તો હું સંપૂર્ણ વુઝૂ કરૂં છું. પછી જે જગ્યાએ નમાઝ પઢવાનો ઈરાદો થાય ત્યાં જઈને બેસી જાઉં છું ત્યાં સુધી કે મારા બધા અંગો ભેગા થઈ જાય છે. પછી એ ખયાલ બાંધીને નમાઝ માટે ઊભો થાઉં છું કે કા'બા શરીફ મારી સામે, પુલસિરાત પગો નીચે, જન્નત મારી ડાબી બાજુ, જહન્નમ જમણી બાજુ અને મૌતના ફરિશ્તા (علیہ السلام) મારી પાછળ છે અને વિચારું છું કે આ મારી છેલ્લી નમાઝ છે. આશા અને ભયની વચ્ચેની હાલતમાં હોઉં છું, હક઼ીક઼તની સાથે તકબીરે તેહરીમા કહું છું. રોકાઈ રોકાઈને ક઼િરાઅત કરુ છું, આજીઝી સાથે રુકૂઅ અને ખુશૂઅ સાથે સજદો કરું છું જમણા પડખા પર ક઼ાઈદો કરું છું, અને ડાબો પગ બિછાવીને તેના પર બેસી જાઉં છું. અને જમણા પગને અંગૂઠા પર ઉભો રાખુ છું, ઈખ્લાસથી કામ લઉં છું, ત્યારબાદ હું

નથી જાણતો કે મારી નમાઝ કબૂલ થઈ છે કે નહીં.

*(કુવ્વતુલ્ કુલૂબ, ભાગ–૨, પેજ–૧૭૧)*

## ★ હઝરત આમિર બિન અબ્દુલ્લાહ رضی اللہ عنہ નો ખુશૂઅ ★

હઝરત સૈયદના આમિર બિન અબ્દુલ્લાહ رضی اللہ عنہ જ્યારે નમાઝ પઢી રહ્યા હોય ત્યારે ઘણી વખત આપની દીકરી દફ વગાડતી અને ઘરમાં આવવાવાળી સ્ત્રીઓથી વાતો કરતી, પરંતુ ન આપ તેમની વાતો સાંભળતા અને ન સમજી શકતા. એકવાર આપ رضی اللہ عنہ થી પૂછવામાં આવ્યું, શું આપ નમાઝમાં તમારા નફસની સાથે કોઈ વાત કરો છો ? તો ફર્માવ્યું, હા ! એ વાત કે હું અલ્લાહ તઆલાની સામે ઉભો છું અને હું બે ઘરોમાંથી એક ઘરમાં પાછો જવાનો છું. અર્ઝ કરવામાં આવી, શું અમારી જેમ તમે પણ નમાઝમાં દુનિયાની બાબતોમાંથી કઈક મેળવો છો ? ફર્માવ્યું, મને નમાઝમાં દુનિયાના વિચારો પૈદા થાય તેના કરતાં એ વાત પસંદ છે કે મારા પર તીરોથી હુમલો કરવામાં આવે. આપ رضی اللہ عنہ એ પણ ફર્માવ્યા કરતા હતા, જો પર્દો ઉઠાવી લેવામાં આવે તો પણ મારા યકીનમાં કોઈ વધારો નહીં થાય. (એટલે કે આપ યકીનની છેલ્લી હદ સુધી પહોંચેલા હતા.)

આ અલ્લાહવાળાઓનો ખુશૂઅ અને તેમની નમાઝોની હાલત છે. ખરેઅર તે હઝરાતે કામિલ (પૂરેપૂરા) મો'મિન હતા, એટલા માટે તેમની અંદર આ મોમિનવાળી ખૂબી હતી. એમના ખુશૂઅ અને ખુઝૂઅની હાલત એ હતી કે તકબીરે તેહરીમા કહેતાં જ દુનિયા અને દુનિયાની વસ્તુઓથી બેખબર થઈ જતા. અને તેમના શરીર જોડે જોડે તેમનું દિમાગ અન દિલ પણ નમાઝમાં એવું મસ્ત થઈ જતુ હતુ કે તેમની નજીકમાં કોઈ મોટો બનાવ ઘટી જતો તો પણ તેમને ખબર પડતી ન હતી. એટલા જ માટે તેમની નમાઝો તેમની સફળતાઓમાં વધારો કરતી હતી.

## ખુશૂઅ પૈદા કરવાવાળી ચીજો

નમાઝમાં ખુશૂઅ કેવી રીતે પ્રાપ્ત થાય ? આ એક મહત્વનો સવાલ છે. ખુશૂઅ પૈદા કરવા માટે આપણે એ વાતો જાણવી જોઈએ જેનાથી ખુશૂઅ પૈદા થાય અને એ વસ્તુનો પણ ઈલ્મ હોવો જોઈએ જે ખુશૂઅ પૈદા કરવામાં આડ બને છે.

નીચે ખુશૂઅ પૈદા કરવાના ઝરિયા બયાન કરવામાં આવે છે.

### ★ "એહસાન"ના ખયાલ સાથે નમાઝ પઢે ★

નમાઝની હાલતમાં જે વસ્તુઓ ખુશૂઅ તથા ખુઝૂઅને પ્રાપ્ત કરવામાં અડચણ બને છે તે સામાન્ય રીતે નમાઝીના વિચારો છે. નમાઝમાં એવા ખયાલનું આવવુ જે ઈન્સાનને અલ્લાહની સામે ઉભા રહેવાનો ખયાલ કાઢી નાખે "એહસાનની" હાલતની સાથે નમાઝ પઢવાનો હુકમ આપવામાં આવ્યો છે એ એહસાનની કૈફિયતથી વિરુદ્ધ છે, જ્યારે કે આપણને એહસાનની કૈફિયતની સાથે નમાઝ પઢવાનો હુકમ આપ્યો છે. એહસાન શું છે ?

હદીષે જિબ્રઈલ عليه السلام છે કે એહસાન એ છે કે તમે અલ્લાહની એવી ઈબાદત કરો કે તમે અલ્લાહને જોઈ રહ્યા છો. જો એવું ન કરી શકો તો એવું કરો જાણે કે અલ્લાહ તમને જોઈ રહ્યો છે. અલ્લાહને જોવાનો મતલબ એ છે કે એવી રીતે ઈબાદત કરો જેમ કે પોતાના રબની સામે તેના દરબારમાં ઉભા છો. એટલે કે તેનું દિલ અને દિમાગ બંને અલ્લાહની તરફ લાગેલા હોય. કેમ કે તેમાંથી ડર અને મહબ્બત બંને પૈદા થાય છે. બસ, આ બે કૈફિયતના સિવાય બીજી કોઈ કૈફિયતની સાથે પઢેલી નમાઝ એહસાનની કૈફિયતથી ખાલી હશે.

### ★ નમાઝમાં ઈત્મિનાન તથા સુકૂન ★

નમાઝના દરેક અરકાનને સહીહ અદા કરવા જરૂરી છે. તેના માટે નમાઝને શાંતિ અને સંતોષથી અદા કરવી જરૂરી છે. ઘણા લોકો રુકૂઅમાં પૂરી રીતે નથી ઝુકતા, ઘણા લોકો રુકૂઅ પછી સીધા ઊભા નથી રહેતા, ઘણા એવા છે જે બે

સજદાની વચ્ચે સીધા બેઠા વગર બીજો સજદો કરવા લાગે છે. આવી રીતે ઘણા બધા ખોટો તરીક઼ાઓ લોકોએ પોતાની દરમિયાન અપનાવી લીધા છે જે એકદમ ખોટા છે. હઝરત અબૂ ક઼તાદા (رضی اللہ عنہ) બયાન કરે છે કે રસૂલલ્લાહ ﷺએ ઈર્શાદ ફ઼ર્માવ્યો, સૌથી મોટો ચોર નમાઝનો ચોર છે. કોઈએ પૂછયું એ કઈ રીતે નમાઝની ચોરી કરે છે ? તો આપ ﷺએ ઈર્શાદ ફ઼ર્માવ્યો :–

لَا يُتِمُّ رُكُوعَهَا وَلَا سُجُودَهَا ''ન તે રુકૂઅ સહી તરીક઼ાથી કરે છે, અને ન સજદા.''

*(અલ મુસ્તદરક અલસ્સહીહૈન, ભાગ–૧, પેજ–૩૫૨)*

હઝરત અબૂ અબ્દુલ્લાહ અશ્અરી رضی اللہ عنہ બયાન કરે છે કે, રસૂલુલ્લાહ ﷺએ ઈર્શાદ ફ઼ર્માવ્યો :–

مَثَلُ الَّذِيْ لَا يُتِمُّ رُكُوعَهُ وَيَنْقُرُ فِيْ سُجُوْدِهٖ مَثَلُ الْجَائِعِ يَأْكُلُ التَّمْرَةَ وَالتَّمْرَتَيْنِ لَا يُغْنِيَانِ عَنْهُ شَيْئًا۔

''જે આદમી બરાબર રીતે રુકૂઅ ન કરે અને સજદામાં પણ ચાંચો મારે એનુ ઉદાહરણ એ ભૂખ્યા માણસની જેમ છે, જે એક કે બે ખજૂરો ખાય છે અને આ બે ખજૂરો તેનો કોઈ ફાયદો નથી આપતી.'' *(અલ મોઅ્જમુલ કબીર, લિત્તબ્રાની, ૪/૧૧૫)*

નમાઝમાં ઈત્મિનાન વિના ખુશૂઅની કૈફિયત પૈદા નથી થતી કારણ કે ઉતાવળ ખુશૂઅને સમાપ્ત કરી દે છે. એટલા માટે આપણે શાંતિ અને સંતોષથી નમાઝ અદા કરવી જોઈએ.

## ★ નમાઝમાં મોતને યાદ કરવું ★

હઝરત અનસ બિન માલિક رضی اللہ عنہથી મરવી છે કે હુઝૂર ﷺએ ઈર્શાદ ફ઼ર્માવ્યો :–

اُذْكُرِ الْمَوْتَ فِيْ صَلَاتِكَ فَإِنَّ الرَّجُلَ إِذَا ذَكَرَ الْمَوْتَ فِيْ صَلَاتِهٖ لَحَرِيٌّ أَنْ يُحْسِنَ صَلَاتَهٗ وَصَلِّ صَلَاةَ رَجُلٍ لَّا يَظُنُّ أَنَّهٗ يُصَلِّيْ غَيْرَهَا

''પોતાની નમાઝમાં મોતને યાદ કરા કરો કેમ કે જયારે ઈન્સાન નમાઝમાં મોતને યાદ કરી લે તો ખરેખર તે નમાઝને ઉત્તમ અને સારી રીતે અદા કરશે. અને

એ માણસની જેમ નમાઝ પઢો કે જેને ખાતરી ન હોય કે આટલી નમાઝ પઢી શકાશે. (દરેક નમાઝને જિંદગીની છેલ્લી નમાઝ સમજી પઢો)."

*–(મુસ્નદુલ ફિરદોસ, ભાગ–૧, પેજ–૪૩૧)*

હઝરત અબૂ ઐયૂબ અન્સારી رضی اللہ عنہને આ વિશે વસીયત કરતાં રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ ઈર્શાદ ફર્માવ્યો હતો :–

اِذَا قُمْتَ فِیْ صَلَاتِكَ فَصَلِّ صَلَاةَ مُوَدِّعٍ "જ્યારે તમે નમાઝ માટે ઉભા થાવ તો તેને આખરી નમાઝ સમજી અદા કરો." *(સુનને ઈબ્ને માજહ, ભાગ–૨, પેજ–૧૩૯૬)*

એટલે કે એ સમજીને નમાઝ પઢયા કરો કે મને આગલી નમાઝ નહીં મળે, કેમ કે જ્યારે ઈન્સાન એ સમજીને નમાઝ પઢશે કે આ તેની છેલ્લી નમાઝ છે. તો એ નમાઝને બિલકુલ (એકદમ) ખુશૂઅ અને ખુઝૂઅની સાથે અદા કરશે.

## ★ કુર્આનની આયતો અને નમાઝના ઝિક્રોમાં વિચારણા કરવી ★

કુર્આન હકીમ સોચ અને વિચાર માટે ઉતર્યું છે. અલ્લાહ તઆલાનુ ફર્માન છે :

كِتٰبٌ اَنْزَلْنٰهُ اِلَيْكَ مُبٰرَكٌ لِّيَدَّبَّرُوْٓا اٰيٰتِهٖ وَلِيَتَذَكَّرَ اُولُوا الْاَلْبَابِ ○

"અને તે એક કિતાબ છે કે અમે તમારી બાજુ ઉતારી બરકતવાળી જેથી તેની આયતોને વિચારે અને બુદ્ધિવાળા શીખ મેળવે." *(સૂરએ સ્વાદ, આયત–૨૯)*

અને કુર્આન પર સોચવું વિચારવુ ત્યારે જ શક્ય બનશે જ્યારે પઢવાવાળાને તેનો અર્થ સમજમાં આવે જેથી તે આ આયતોમાં સોચ વિચાર કરી શકે.

અલ્લાહ તઆલાનું ફર્માન છે :–

وَالَّذِيْنَ اِذَا ذُكِّرُوْا بِاٰيٰتِ رَبِّهِمْ لَمْ يَخِرُّوْا عَلَيْهَا صُمًّا وَّعُمْيَانًا ○

"અને એ કે જ્યારે તેમને તેમના રબની આયતો યાદ કરાવવામાં આવે તો એના પર બેહરા અને આંધળા થઈ નથી પડતા !" *(સૂરએ ફુર્કાન, આયત–૭૩)*

હઝરત અતા બિન રબાહ رضی اللہ عنہ બયાન કરે છે કે હું અને ઓબૈદ બિન ઉમેર رضی اللہ عنہ અમે બન્ને હઝરત આઈશા رضی اللہ عنہાની ખિદમતમાં હાજર થયા. જનાબ ઓબૈદ બિન ઉમેર رضی اللہ عنہ એ દરખાસ્ત કરી કે રસૂલે કરીમ صلی اللہ علیہ وسلمના હવાલાથી અમને કોઈ એવો બનાવ બતાવો જે આપને સૌથી વધારે શ્રેષ્ઠ

(ભલાઈવાળો) લાગ્યો હોય. આ સાંભળી હઝરત આઈશા رضی اللہ عنہا રડવા લાગ્યાં અને ફર્માવ્યું :–

એક રાત રસૂલુલ્લાહ ﷺ તહજ્જુદ માટે ઉભા થયા અને ફર્માવ્યું, હે આઈશા ! આજે મને મારા રબની ઈબાદત કરવા દો. મેં કહ્યું, અલ્લાહની કસમ ! મને આપ ﷺની નઝદીકી પસંદ છે અને જે વસ્તુ આપ ﷺને ખુશ કરે એ પણ મને પસંદ છે. હઝરત આઈશા رضی اللہ عنہا બયાન કરે છે, આપ ﷺ ઉભા થઈ ગયા અને વુઝૂ કર્યું, અને પછી નમાઝ માટે ઉભા થઈ ગયા. આપ સતત રડતા રહ્યા. આપ ﷺની દાઢી મુબારક ભીની થઈ ગઈ. પછી આપ રડતા રહ્યા ત્યાં સુધી કે ક઼મીસ (કપડાનો)નો આગલો ભાગ ભીનો થઈ ગયો, પછી રડતા રહ્યા ત્યાં સુધી કે જમીન પણ ભીની થઈ ગઈ. આ દરમિયાન હઝરત બિલાલ رضی اللہ عنہએ અર્ઝ કરી, યા રસૂલુલ્લાહ ﷺ ! આપ રડી રહ્યા છો ? અલ્લાહ તઆલાએ આપ ﷺના સદક઼ામાં આપના આગલા તથા પાછલાઓની ભૂલો માફ કરી દીધી છતાં પણ ?! તો આપ ﷺએ ફર્માવ્યું :–

اَفَلَا اَكُوْنُ عَبْدًا شَكُوْرًا؟ لَقَدْ نَزَلَتْ عَلَيَّ اللَّيْلَ اٰيَاتٌ وَيْلٌ لِّمَنْ قَرَأَهَا وَلَمْ يَتَفَكَّرْ مَا فِيْهَا: اِنَّ فِيْ خَلْقِ السَّمٰوَاتِ وَالْاَرْضِ..اَلْاٰيَةَ كُلَّهَا۔

"શું હું અલ્લાહનો શુક્ર અદા કરવાવાળો બંદો ન બનું ? આજે રાત્રે મારા પર કેટલીક આયતો ઉતરી છે. જે માણસ તેને પઢે પણ તેના પર સોચ વિચાર ન કરે તેના માટે ખરાબી સમસ્યા છે." *(સહીહ ઈબ્ને હબ્બાન, ભાગ–૨, પેજ–૩૮૭)*

પછી આપે આ આયત તિલાવત ફર્માવી :–

اِنَّ فِيْ خَلْقِ السَّمٰوٰتِ وَالْاَرْضِ وَاخْتِلَافِ الَّيْلِ وَالنَّهَارِ لَاٰيٰتٍ لِّاُولِي الْاَلْبَابِ ○

"બેશક ! આસમાનો અને જમીનની પૈદાઈશ અને રાત દિવસના આપસમાં બદલાવમાં બુદ્ધિશાળીઓ માટે નિશાનીઓ છે." *(સૂરએ આલે ઈમરાન, આયત–૧૯૦)*

## ★ નમાઝમાં અલ્લાહ તઆલાથી વાતચીતનો અક઼ીદો ★

હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہથી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺએ ઈર્શાદ ફર્માવ્યો, અલ્લાહ તઆલા ફર્માવે છે કે મેં નમાઝને મારા અને મારા બંદા પછી

અડધી અડધી વહેંચી દીધી છે અને મારો બંદો જે માગે તેના માટે તે છે. પછી જ્યારે બંદો કહે છે : اَلْحَمْدُ لِلّٰهِ رَبِّ الْعٰلَمِيْنَ ''સર્વ ખૂબીઓ અલ્લાહ માટે જે સર્વ જહાનવાળાઓનો માલિક છે.'' અલ્લાહ તઆલા ફર્માવે છે, મારા બંદાએ મારી તારીફ કરી છે. જ્યારે બંદો કહે છે : الرَّحْمٰنِ الرَّحِيْمِ ''ઘણો જ મહેરબાર રહમતવાળો'' તો અલ્લાહ તઆલા ફર્માવે છે, કે મારી બંદાએ મારી સના બયાન કરી, જ્યારે બંદો કહે છે : مٰلِكِ يَوْمِ الدِّيْنِ ''કયામતના દિવસનો માલિક'', તો અલ્લાહ તઆલા ફર્માવે છે કે મારા બંદાએ મારી બુઝુર્ગી બયાન કરી. જ્યારે બંદો કહે છે : اِيَّاكَ نَعْبُدُ وَاِيَّاكَ نَسْتَعِيْنُ ''અમે તને જ પૂજીએ અને તારી જ મદદ માગીએ'', અલ્લાહ તઆલા ફર્માવે છે : આ મારા અને મારા બંદાના દરમિયાન છે અને મારા બંદાએ જે માગ્યું એ તેનું છે. પછી જ્યારે બંદો કહે છે :–

اِهْدِنَا الصِّرَاطَ الْمُسْتَقِيْمَ ○ صِرَاطَ الَّذِيْنَ اَنْعَمْتَ عَلَيْهِمْ ○ غَيْرِ الْمَغْضُوْبِ عَلَيْهِمْ وَلَا الضَّآلِّيْنَ ○

''અમને સીધા રસ્તા પર ચલાવ, રસ્તો જેમના પર તેં એહસાન કર્યું, ન તેમનો જેમના પર ગઝબ થયો અને ન ભટકી ગયેલાઓનો'' અલ્લાહ તઆલા ફર્માવે છે : મારા બંદાનો હક છે અને જે મારા બંદાએ માગ્યુ તે તેનું થયું.

*(સહીહ મુસ્લિમ, ભાગ–૧, પેજ–૨૯૬)*

આ હદીષે પાક ખુશૂઅની હાલત પૈદા કરવા માટે ખૂબ જ અસરકારક છે. જો નમાઝીના દિમાગમાં નમાઝ દરમિયાન આ ખ્યાલ પૈદા થઈ જાય તો તેનામાં આપમેળે ખુશૂઅની કેફિયત પૈદા થઈ જશે અને સૂરએ ફાતિહાની મહાન અસર થશે. આ રીતે તેને એહસાસ (અનુભૂતિ) થઈ જશે કે તેનો રબ તેની સાથે વાતચીત કરી રહ્યો છે, અને તેની મુરાદો પૂરી કરી રહ્યો છે.

રસૂલુલ્લાહ ﷺએ ઈર્શાદ ફર્માવ્યો, જ્યારે તમારામાંથી કોઈ નમાઝ પઢી રહ્યો હોય તો ખરેખર તે પોતાના રબ સાથે વાતો કરી રહ્યો હોય છે. તેણે ખયાલ રાખવો જોઈએ કે એ કયા અંદાજમાં વાતો કરે છે.

*(અલ મુસ્તદરક લિલ્ હાકિમ, ભાગ–૧, પેજ–૩૩૬)*

## ખુશૂઅમાં દખલ કરવાવાળાં કામોથી દૂર રહો

આનાથી પહેલાં જે વાતો બયાન કરવામાં આવી એ બધી એવી વાતો હતી જેનાથી નમાઝમાં ખુશૂઅ અને ખુઝૂઅ મેળવવામાં મદદ મળે છે હવે એ વાતો બયાન કરવામાં આવે છે જેનાથી ખુશૂઅ અને ખુઝૂઅમાં અડચણ પૈદા થાય છે જેથી તેને નાબૂદ કરી પૂરેપૂરા ખુશૂઅ અને ખુઝૂઅ સાથે નમાઝ અદા કરી શકાય.

### ★ નમાઝીને મશ્ગૂલ કરનારી વસ્તુઓ પાછળ નમાઝ પઢવી ★

હઝરત અનસ બિન માલિક رضی اللہ عنہ બયાન કરે છે કે હઝરત આઈશા رضی اللہ عنہا એ નકશીકામવાળુ કપડુ ખૂણામાં લગાવેલુ હતુ. રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم એ હઝરત આઈશા رضی اللہ عنہا થી ફર્માવ્યું :–

اَمِيطِي عَنَّا قِرَامَكِ هٰذَا فَاِنَّهٗ لَا تَزَالُ تَصَاوِيْرُهٗ تَعْرِضُ لِيْ فِيْ صَلَاتِيْ۔

''તમારા આ કપડાને અહીંયાથી હટાવી લો, કેમ કે તેનું નકશીકામ નમાઝમાં મને સતત મુશ્કેલી આપે છે.'' *(સહીહ બુખારી, ભાગ–૧, પેજ–૮૪)*

### ★ નક્શો નિગારવાળાં કપડાં પહેરીને નમાઝ પઢવી ★

હઝરત આઈશા رضی اللہ عنہا બયાન કરે છે કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم કાળી અને સફેદ ધારીવાળા કમીઝમાં નમાઝ માટે ઉભા થતા તો આપ صلی اللہ علیہ وسلم નું ધ્યાન ધારીઓ તરફ કેન્દ્રિત થયું. નમાઝ પૂરી કર્યા બાદ ફર્માવ્યું, આ ધારીવાળી કમીઝ અબૂ ઝહમ બિન હુઝૈફાને આપી દો, અને મને સાદુ કમીઝ લાવી આપો. આ કમીઝે મને નમાઝથી ગાફિલ કરી રાખ્યો હતો. *(સહીહ બુખારી, ભાગ–૧, પેજ–૮૪)*

### ★ ખાવાની હાજરીમાં નમાઝ પઢવી ★

ક્યારેક એવુ થાય છે કે આપણને ખૂબ જ ભૂખ લાગી હોય પરંતુ આપણે નમાઝ માટે ઉભા થઈ જઈએ છીએ, જ્યારે કે આવુ કરવાથી નમાઝમાં ખુશૂઅ પૈદા થતો નથી બલ્કે વારેવારે દિમાગ ખાવા તરફ જાય છે. માટે જો ખાવા હાજર હોય અને ખાવાની ઈચ્છા પણ હોય તો પહેલાં ખાવા ખાઈ લો પછી નમાઝ અદા કરો

જેથી દિમાગ પૂરી રીતે નમાઝમાં હાજર રહે છે. રસૂલુલ્લાહ ﷺનો ઈર્શાદ છે : لَا صَلَاةَ بِحَضْرَةِ طَعَامٍ۔ ''ખાવાની હાજરીમાં નમાઝ ન પઢવામાં આવે.''

*(સહીહ મુસ્લિમ, ભાગ–૧, પેજ–૩૯૩)*

બીજી હદીષ શરીફમાં છે કે નબીએ કરીમ ﷺએ ઈર્શાદ ફર્માવ્યો :–

اِذَا قُرِّبَ الْعَشَاءُ وَحَضَرَتِ الصَّلَاةُ فَابْدَؤُوْا بِهٖ قَبْلَ اَنْ تُصَلُّوْا صَلَاةَ الْمَغْرِبِ وَلَا تَعْجَلُوْا عَنْ عَشَاءِ كُمْ۔

''જ્યારે સાંજનુ ખાવા લગાડી દેવામાં આવે અને નમાઝનો સમય પણ થઈ જાય તો મગરિબની નમાઝ પઢતા પહેલાં તમે ખાવા ખાઈ લો, પરંતુ ખાવાથી પહેલાં ન નમાઝ પઢો.'' *(સહીહ મુસ્લિમ,ભાગ–૧, પેજ–૩૯૨)*

## ★ જાજરૂની જરૂરિયાત રોકી નમાઝ પઢવી ★

પેશાબ અને પાખાનાની જરૂરત ઈન્સાનને દરેકથી મશ્ગૂલ (બેખયાલ) કરી દે છે, ચાહે એ કેટલુ પણ ખાસ કામ કેમ ન હોય. સખત જરૂરતના સમયે ઈન્સાનનો સબર જવાબ આપી દે છે. પછી કોઈ શખ્સ આવી હાજતના સમયે તેને પૂર્ણ કરવાની જગ્યાએ નમાઝમાં વ્યસ્ત થાય તો જરૂર આ જરૂરિયાતો તેને નમાઝમાં શાંતિ અને સુકૂન, ખુશૂઅથી દૂર કરી દેશે. એટલા માટે આપણા નબી ﷺએ આપણને એ તા'લીમ ફર્માવી છે કે જો જમાઅત ઉભી થઈ ગઈ હોય અને તમને પેશાબ પાખાનાની જરૂરત હોય તો પહેલા તેનાથી ફારિગ થાવ. ઈર્શાદ ફર્માવ્યો :–

اِذَا اَرَادَ اَحَدُ كُمْ اَنْ يَّذْهَبَ الْخَلَاءَ وَقَامَتِ الصَّلٰوةُ فَلْيَبْدَءْ بِالْخَلَاءِ۔

''જો કોઈને બયતુલ ખલા (ટોયલેટ) જવાની હાજત હોય અને તે વખતે જમાઅત ઉભી થાય, તો તેણે પહેલા ટોયલેટ જવું જોઈએ.''

*(સુનને ઈબ્ને દાઊદ, ભાગ–૧, પેજ–૨૨)*

એક બીજી હદીષમાં હુઝૂર ﷺનો ઈર્શાદે પાક છે :–

لَا صَلَاةَ بِحَضْرَةِ الطَّعَامِ وَلَا وَهُوَ يُدَافِعُهُ الْاَخْبَثَانِ۔

''ખાવાની હાજરીમાં નમાઝ નથી થતી, અને ન તે સમયે જ્યારે પેશાબ પાખાનાની ખૂબ જ જરૂરત હોય.'' *(સહીહ મુસ્લિમ, ભાગ–૧, પેજ–૩૯૩)*

## ★ ઊંઘમાં નમાઝ પઢવી ★

હઝરત અનસ બિન માલિક رضی اللہ عنہ બયાન કરે છે કે રસૂલુલ્લાહ ﷺએ ઈશાદ ફર્માવ્યો :– اِذَا نَعِسَ اَحَدُ کُمْ فِی الصَّلَاۃِ فَلْیَنَمْ حَتّٰی یَعْلَمَ مَا یَقُوْلُ۔

"જ્યારે નમાઝ દરમિયાન તમારામાંથી કોઈને ઊંઘ સતાવવા લાગે, તો તેણે જઈને સૂઈ જવુ જોઈએ ત્યાં સુધી કે તેને ખબર હોય કે તે શું કહી રહ્યો છે."

*(સહીહ બુખારી, ભાગ–૧, પેજ–૫૩)*

ઈન્સાન નિદ્રામાં હોય તો તેને ખબર નથી રહેતી કે એ શું કહી રહ્યો છે. આવી હાલતમાં પઢેલી નમાઝ ખુશૂઅથી ખાલી તો હશે જ સાથે સાથે એ પણ શક્ય છે કે નમાઝીએ નમાઝ દરમિયાન તસ્બીહ, ઝિક્ર અને આયતમાં ફેરફાર કર્યો હોય જેનાથી તેનો અર્થ બગડી ગયો હોય અને નમાઝ જતી રહી છે. શક્ય છે એ કુફ્રનો કલમો (શબ્દ) હોય અથવા એ પણ શક્ય છે કે પોતાની માટે દુઆ કરવાની જગ્યાએ બદ દુઆ કરી લીધી હોય. હઝરત આઈશા رضی اللہ عنہا બયાન કરે છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું :–

اِذَا نَعِسَ اَحَدُ کُمْ وَھُوَ یُصَلِّیْ فَلْیَرْقُدْ حَتّٰی یَذْھَبَ عَنْهُ النَّوْمَ فَاِنَّ اَحَدَ کُمْ اِذَا صَلّٰی وَھُوَ نَاعِسٌ لَّعَلَّهٗ یَذْھَبُ یَسْتَغْفِرُ فَیَسُبُّ نَفْسَهٗ۔

"જ્યારે નમાઝ દરમિયાન કોઈને ઊંઘ આવી જાય તો તેણે સૂઈ જવુ જોઈએ જેથી ઊંઘ પૂરી થઈ જાય. કેમ કે જો આદમી ઊંઘમાં નમાઝ પઢતો રહે તો એને શું ખબર રહેશે કે તે ઈસ્તિગફારની જગ્યાએ પોતાની જાતને બદ્દુઆ આપી રહ્યો હોય." *(સુનને અબૂ દાઊદ, ભાગ–૨, પેજ–૩૩)*

## ★ ઊંઘતા અને વાતચીત કરવાવાળાઓની નજીક નમાઝ પઢવી ★

નબીએ કરીમ علیہ الصلوٰۃ والسلامએ વાતચીત કરતા લોકોની પાછળ નમાઝ પઢવાથી મના ફર્માવ્યું છે. ઈર્શાદ ફર્માવ્યો : لَا تُصَلُّوْا خَلْفَ النَّائِمِ وَلَا الْمُتَحَدِّثِ۔ "ઊંઘતા અને વાતો કરતા લોકો પાછળ નમાઝ ન પઢો." *(સુનને અબી દાઊદ, ૧/૧૮૫)*

ઊંઘવાવાળો પોતાની વિચિત્ર હરકતથી હસવાનું કારણ બનશે અને વાતો કરવાવાળો તેના અવાજથી નમાઝથી ગાફિલ કરી દેશે. એટલા માટે આ બંનેના

નજીક નમાઝ પઢવાથી રોકવામાં આવ્યા જેથી નમાઝ ખુશૂઅની સાથે અદા થઈ શકે.

### ★ નમાઝ દરમિયાન આમે તેમ જોવું ★

હઝરત અબૂઝર رضی اللہ عنہ બયાન કરે છે કે રહ્‌મતે આલમ صلی اللہ علیہ وسلم એ ઈર્શાદ ફર્માવ્યો :–

لَا یَزَالُ اللّٰہُ عَزَّوَجَلَّ مُقْبِلًا عَلَى الْعَبْدِ وَھُوَ فِیْ صَلَاتِہٖ مَالَمْ یَلْتَفِتْ فَاِذَا الْتَفَتَ انْصَرَفَ عَنْہُ۔

''જ્યારે બંદો નમાઝમાં હોય ત્યારે અલ્લાહ عزوجل ની રહ્‌મત તેની તરફ કેન્દ્રિત રહે છે, ત્યાં સુધી કે બંદો આમતેમ ન જુએ. અને જ્યારે બંદો આમતેમ જુએ છે તો અલ્લાહ તઆલાની રહ્‌મત તેનાથી દૂર થઈ જાય છે.'' *(સુનને અબી દાઊદ, ૧/૨૩૯)*

આ હદીષની રજૂઆત બાદ એવી જગ્યાએ નમાઝ પઢવાથી બચવું જોઈએ જ્યાંથી લોકો વધુ પ્રમાણમાં પસાર થતા હોય, ઘોંઘાટ થતો હોય, બૂમાબૂમ થતી હોય, જ્યાં બેસીને લોકો વાતો કરી રહ્યા હોય અથવા પત્તાં, ચેસ વગેરે રમી રહ્યા હોય અથવા બીજા ખેલકૂદમાં વ્યસ્ત હોય જેમ કે ટીવી વગેરે ચાલી રહ્યું હોય તેમજ દરેક એ જગ્યા જ્યાં નજર બેહકી જતી હોય.

એ જ પ્રમાણે શક્ય હોય તો ખૂબ જ ગરમ અને ખૂબ જ ઠંડી જગ્યા ઉપર નમાઝ પઢવાથી બચવું જોઈએ. એટલા માટે હુઝૂર صلی اللہ علیہ وسلم એ ગરમીમાં ઝોહરની નમાઝને મોડેથી પઢવાનો હુકમ આપ્યો છે, કારણ કે ગરમી ઓછી થઈ જાય અને બંદો દિલની હાજરીથી નમાઝ અદા કરી શકે અને તેને નમાઝનો ફાયદો હાંસલ થાય. એટલે કે ખુશૂઅ પણ હોય અને તેનું દિલ અલ્લાહ عزوجل ની તરફ ધ્યાનિત રહે.

## (૨) મો'મિન બેહૂદા અને મતલબ વગરની વાતો તરફ ધ્યાન નથી આપતો

સૂરએ મુ'મિનૂનની આયતે કરીમામાં કામયાબ મો'મિનની બીજી ખૂબીઓ બયાન કરવામાં આવી છે કે એ બેહૂદા (કઢંગી) અને બેમતલબ (નકામી) વાતોથી દૂર રહે છે, અને તેમાં વ્યસ્ત નથી થતો બલ્કે તેનાથી દૂર ભાગે છે.

وَالَّذِیْنَ ھُمْ عَنِ اللَّغْوِ مُعْرِضُوْنَ○ ''અને તેઓ જે કોઈ બેહૂદી બાબત પ્રત્યે ધ્યાન

આપતા નથી.'' *(સૂરએ મુ'મિનૂન, આ. ૩)*

નકામી વાતો એને કહે છે જે બેકાર અને ફાયદા વગરની હોય, જેનાથી કોઈ ઉપયોગી પરિણામ મળતુ ન હોય, જેનો કોઈ હેતુ ન હોય. કુર્આને કરીમે મો'મિનની એ ખૂબી બયાન કરી છે કે બેકાર વાતોની બાજુ ધ્યાન નથી આપતો અને ન એમાં કોઈ રસ રાખે છે. જ્યાં નકામી વાતો થઈ રહી હોય અથવા બેકાર કામ થઈ રહ્યું હોય ત્યાં જવાથી દૂર રહે છે. અને જો તેમનાથી સામનો થઈ જાય તો કતરાઈને નીકળી જાય છે. અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝતનો કૌલ છે :–

وَإِذَا مَرُّوا بِاللَّغْوِ مَرُّوا كِرَامًا ○ ''તેઓ એવી જગ્યાએથી પસાર થાય છે જ્યાં નકામી વાતો થઈ રહી હોય તો તે પોતાની ઈજ્જત બચાવી ત્યાંથી નીકળી જાય છે.'' *(સૂરએ ફુર્કાન, આ. ૭૨)*

મો'મિન એક સારા સ્વભાવનો, પાક મિજાઝ અને તક્વાવાળો ઈન્સાન હોય છે. નકામી અને બેહૂદા વાતોથી તેને કોઈ લગાવ હોતો નથી. એ ફાયદાકારક વાતો કરે છે અને બેકાર વાતોથી દૂર રહે છે. જ્યારે એક મો'મિનની શાન એ છે કે તે કામ વગરની બેકાર વાતો કરવાથી પોતાને બચાવે છે તો પછી તે કોઈના પર આરોપ કઈ રીતે લગાડી શકે છે ? અફવાઓ કઈ રીતે ફેલાવી શકે ?જૂઠુ કેવી રીતે બોલી શકે છે ? ગીબત કઈ રીતે કરી શકે શકે છે ? કોઈનું દિલ કેવી રીતે દુઃખાડી શકે છે ? કોઈની ખીજો (ખરાબ લક્બો) કેવી રીતે પાડી શકે છે ? ગુનાહોની વાતો કેવી રીતે કરી શકે છે ? કોઈની સાથે ઝઘડો કઈ રીતે કરી શકે છે ? નકામી વાતો કેમ કરીને કરે શકે છે ? કોઈનું બુરુ કેવી રીતે બોલી શકે છે ? કોઈની મઝાક કેવી રીતે કરી શકે છે ?! જે મો'મિન હશે એ આ બધા જ કામોથી પોતાને બચાવશે.

### ★ મો'મિન ખોટો આરોપ નથી લગાડતો ★

કોઈના પર ખોટો આરોપ લગાડવો ઘણી ખરાબ વાત છે. તેનાથી બીજા ઈન્સાનની ઈજ્જતને નુકસાન પહોંચે છે અને તેને તકલીફ પહોંચે છે. ખાસ કરીને જ્યારે આ તકલીફ મો'મિન ભાઈ સાથે તો ખૂબ જ ખરાબ કહેવાય. કેમ કે મો'મિનને તકલીફ પહોંચાડવી એ હુઝૂર علیہ الصلوٰۃ والسلام ને તકલીફ પહોંચાડવી છે. ઘણીવાર ખોટો આરોપ લગાડવાથી ઘણો મોટો ઝઘડો અને મોટો અકસ્માત બને શકે છે. એટલા

માટે ઈસ્લામે આનાથી સખ્તીથી રોક્યા છે. કોઈની ઈજ્જત સાથે ખેલવું એ બિલકુલ યોગ્ય નથી, માટે દરેક મો'મિન બંદાએ તેનાથી દૂર રહેવું જોઈએ.

### ★ ખોટો આરોપ લગાડનારાનું ઠેકાણુ જહન્નમ છે ★

હુઝૂર નબીએ કરીમ علیہ السلام એ ઈર્શાદ ફર્માવ્યો :–

وَمَنْ قَالَ فِيْ مُؤْمِنٍ مَّا لَيْسَ فِيْهِ اَسْكَنَهُ اللهُ رَدْغَةَ الْخَبَالِ حَتّٰى يَخْرُجَ مِمَّا قَالَ۔

''જેણે કોઈ મો'મિનના વિશે એવી વાત કહી જે તેનામાં નથી તો અલ્લાહ તઆલા તેનુ ઠેકાણુ બર્બાદીના સખત કીચડ જહન્નમમાં બનાવશે ત્યાં સુધી કે પોતાના કહેલાથી રજૂ (માફી માગે) કરે.'' *(સુનને અબૂ દાઊદ, ૩/૩૦૫)*

### ★ ખોટો આરોપ લગાડવો હલાકત (વિનાશ) અને બર્બાદીનો ઝરીયો છે ★

ખોટો આરોપ લગાડવો એ સાત બાબતોથી છે, જે વિનાશ અને બર્બાદ કરવાવાળી છે અને તેનાથી બચવાનો હુકમ ભારપૂર્વક આપવામાં આવ્યો છે. નબીએ કરીમ علیہ الصلوٰۃ والسلام એ ઈર્શાદ ફર્માવ્યો :–

اِجْتَنِبُوا السَّبْعَ الْمُوْبِقَاتِ وَقَذْفَ الْمُؤْمِنَاتِ الْغَافِلَاتِ۔ ''સાત બર્બાદ કરવાવાળી ચીજોથી બચો, તેમાંથી એક પાક દામન મો'મિના ઔરત પર આરોપ લગાડવો છે.''

### ★ મો'મિન અફવાઓ નથી ફેલાવતો ★

અફવા ફેલાવવી પણ આરોપ લગાડવાની જેમ જ છે. જેમ કે કોઈના વિશે એ અફવા ફેલાવવામાં આવે કે તે શરાબ (દારૂ) પીએ છે, પરંતુ એ નથી પીતો. એનાથી ઘણા મોટા નુકસાનનો ડર છે. આજકાલ અફવા ફેલાવવાનો એક ઘણો મોટો ઝરીયો ઈન્ટરનેટ અને મોબાઈલ છે. અફવા ફેલાવવા માટે આનો ઉપયોગ ખૂબ જ સહેલાઈથી કરવામાં આવે છે. જેમ કે લોકો કોઈ પણ જાતનું સંશોધન કર્યા વિના કોઈ પણ સંદેશને આગળ પહોંચાડી દે છે અને પછી આમ આગળ ચાલતુ રહે છે. અને કોઈ સંશોધન (ખબર કાઢવાની) કરવાની તકલીફ નથી ઉપાડતુ. જો કે મો'મિનનો મિજાઝ (વર્તન) આનાથી બિલકુલ અલગ હોવો જોઈએ.

## ★ કોઈ ખબર મળે તો પહેલાં તેહક઼ીક કરો ★

ઈસ્લામે પોતાના માનવાવાળાઓને ખબર (સંદેશ) મળવા પર તેહક઼ીક઼ (સંશોધન)નો હુકમ આપ્યો છે. ખાસ કરીને ત્યારે જ્યારે એ કોઈ એવા શખ્સ અથવા જગ્યાએથી પ્રાપ્ત થઈ હોય જે ભરોસાપાત્ર ન હોય.

અલ્લાહ તબારક વ તઆલા ફર્માવે છે :–

يَاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْٓا اِنْ جَآءَ كُمْ فَاسِقٌۢ بِنَبَاٍ فَتَبَيَّنُوْٓا اَنْ تُصِيْبُوْا قَوْمًۢا بِجَهَالَةٍ فَتُصْبِحُوْا عَلٰى مَا فَعَلْتُمْ نٰدِمِيْنَ○

"હે ઈમાનવાળાઓ ! જ્યારે કોઈ ફાસિક઼ તમારી પાસે કોઈ વાત લાવે તો તેહક઼ીક (સંશોધન) કરો, ક્યાંક કોઈ ક઼ૌમને ખબર વિના તકલીફ ન દો, બેસો અને પોતાના કરેલા પર અફસોસ કરતા રહી જાવ." *(સૂરએ હુજુરાત, આ. ૬)*

આ આયતે મુબારકામાં અલ્લાહ તઆલાએ એ લોકોને ચેતવણી આપી છે જે કોઈ પણ ખબર (સંદેશ)ની પુષ્ટિ અને સંશોધન કર્યા વગર તેને બીજા સુધી પહોંચાડી દે છે. અને એ વાતની બિલકુલ પરવા નથી કરતા કે આ ખબર સાચી છે કે ખોટી. فَتُصْبِحُوْا عَلٰى مَا فَعَلْتُمْ نٰدِمِيْنَ ફર્માવી અલ્લાહ તઆલાએ આ વાત પર ચેતવણી આપી ફર્માવ્યું કે આવુ કરવાના કિસ્સામાં જો ખબર ખોટી સાબિત થઈ તો તમારે શરમમાં મૂકાવું પડશે.

## ★ દરેક સાંભળેલી વાતને ફેલાવનારો જૂઠો છે ★

હદીષ પાકમાં એ શખ્સને જૂઠો કહેવામાં આવ્યો છે જે દરેક સાંભળેલી વાતોને લોકોમાં બયાન કરી દે છે. સરકાર عليه الصلوٰة والسلام ઈર્શાદ ફર્માવે છે :–

كَفٰى بِالْمَرْءِ كَذِبًا اَنْ يُّحَدِّثَ بِكُلِّ مَا سَمِعَ۔ "ઈન્સાનના જૂઠા હોવાની બાબતે એટલુ જ પૂરતુ છે કે તે દરેક સાંભળેલી વાતને વર્ણન કરતો રહે." *(સહીહ મુસ્લિમ, ૧/૧૦)*

એક રિવાયતમાં ઈર્શાદ ફર્માવ્યો : كَفٰى بِالْمَرْءِ اِثْمًا اَنْ يُّحَدِّثَ بِكُلِّ مَا سَمِعَ۔ "ઈન્સાનના ગુનેહગાર હોવા માટે એટલુ પૂરતુ છે કે તે દરેક સાંભળેલી વાતને બયાન કરતો રહે." *(સુનને અબી દાઊદ, ભાગ : ૪, પેજ : ૨૯૮)*

પ્રથમ રિવાયતમાં બતાવવામાં આવ્યું કે, દરેક સાંભળેલી વાત બયાન કરવી એની જેમ છે કે જૂઠી વાતથી કામ લેવું. અને બીજી રિવાયતમાં ફર્માવવામાં આવ્યું કે જેવી રીતે જૂઠુ બોલવું ગુનાહ અને અપરાધ છે, એવી જ રીતે ફકત સાંભળેલી વાત બયાન કરવી (ફેલાવવી) પણ ગુનોહ અને અપરાધ છે.

## ★ મો'મિન જૂઠુ નથી બોલતો ★

જૂઠુ બોલવું એ ઘણી મોટી બુરાઈ છે અને સૌથી ખરાબ ગુનોહ છે. જૂઠને બુરાઈઓની જડ (મૂળ) કહેવામાં આવે છે, કેમ કે તેનાથી સમાજમાં અગણિત ખરાબીઓ જન્મ લે છે. જૂઠુ બોલવાવાળો દરેક જગ્યાએ બેઈજ્જત થાય છે. દરેક મજલિસમાં અને દરેક ઈન્સાનની સામે ભરોસા વગરનો અને ઈજ્જત વગરનો થઈ જાય છે. આ તેની ખરાબ આદત છે જેને ફકત ઈસ્લામ નહીં પરંતુ દરેક ધર્મો ખોટુ અને અપરાધ સમજે છે.

## ★ જૂઠી વાતોથી દૂર રહેવાનો હુકમ ★

કુર્આન શરીફમાં જૂઠી વાતથી દૂર રહેવાનો હુકમ ફર્માવવામાં આવ્યો છે. અલ્લાહ તબારક વ તઆલાનો ઈર્શાદ છે :–

فَاجْتَنِبُوا الرِّجْسَ مِنَ الْاَوْثَانِ وَاجْتَنِبُوْا قَوْلَ الزُّوْرِ ○ "તો દૂર રહો મૂર્તિઓની ગંદકીથી અને જૂઠી વાતથી બચો." *(સૂરએ હજ્જ, આ. ૩૦)*

## ★ જૂઠ બુરાઈ તરફ લઈ જાય છે ★

જૂઠ એક એવી બુરી આદત છે જે ઈન્સાનને કોઈ ન કોઈ બીજી બુરાઈ કરવા આકર્ષિત કરે છે. કેમ કે એક જૂઠ પોતાની સાથે ઘણી બધી બીજી મુશ્કેલીઓ લાવે છે કે જૂઠને છુપાવવા માટે અનેકવાર કેટલાય જૂઠ બોલવાં પડે છે. એટલા માટે હદીષ શરીફમાં તેનાથી સખ્તીની સાથે રોકવામાં આવ્યા છે. હઝરત અબ્દુલ્લાહ બિન મસઊદ رضی اللہ عنہ થી મરવી છે કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم એ ઈર્શાદ ફર્માવ્યો :–

સચ્ચાઈને પકડી લો કેમ કે સચ્ચાઈ નેકી તરફ લઈ જાય છે અને નેકી જન્નતનો રસ્તો બતાવે છે. મનુષ્ય હમેશાં સાચુ બોલતો રહે છે અને સાચુ બોલવાની કોશિશ

કરતો રહે છે ત્યાં સુધી કે તે અલ્લાહ جل جلاله ના નજીક સિદ્દીક઼ લખી દેવામાં આવે છે. જૂઠથી બચો, કેમ કે જૂઠુ ગુનાહની તરફ લઈ જાય છે અને ગુનાહ જહન્નમનો રસ્તો બતાવે છે. અને આદમી સતત જૂઠુ બોલતો રહે છે અને જૂઠુ બોલવાની કોશિશ કરે છે, ત્યાં સુધી કે અલ્લાહ جل جلاله ના નજીક જૂઠો લખી દેવામાં આવે છે.

*(જામેઅ તિર્મિઝી, ભાગ : ૪, પેજ : ૩૪૮)*

માટે આપણા માટે જરૂરી છે કે જાતે પણ સાચુ બોલવાની આદત પાડો અને પોતાના બાળકોને પણ સાચુ બોલવાના પાબંદ બનાવો અને જો એ ક્યારેક જૂઠુ બોલો તો તેમને જૂઠુ બોલવાની ખરાબીઓ અને તેના નુકસાનો બતાવી સજા આપો કે આવનાર સમયમાં (બીજીવાર) જૂઠુ બોલવાથી ખાસ રીતે દૂર રહે.

## ★ જૂઠુ બોલવાવાળાથી ફરિશ્તાઓ દૂર થઈ જાય છે ★

જ્યારે કોઈ શખ્સ જૂઠુ બોલે છે તો તેના મોઢેથી ખૂબ જ ખરાબ બદ્બૂ આવે છે. આ દુર્ગંધ એટલી બધી સખત અને તકલીફ આપવાવાળી હોય છે કે તેની પાસે જે ફરિશ્તાઓ હાજર હોય છે તે આ દુર્ગંધને કારણે તેનાથી એક માઈલ દૂર જતા રહે છે. હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہ થી મરવી છે કે હુઝૂર صلی اللہ علیہ وسلم એ ઈર્શાદ ફર્માવ્યો : اِذَا كَذِبَ الْعَبْدُ تَبَاعَدَ عَنْهُ الْمَلَكُ مِيلًا مِّنْ نَتْنِ مَا جَاءَ بِهٖ۔ "જ્યારે બંદો જૂઠ બોલે છે તો ફરિશ્તાઓ તેની વાતની દુર્ગંધના કારણે એક માઈલ દૂર ચાલ્યા જાય છે."

*(જામેઅ તિર્મિઝી, ૪/૩૪૮)*

## ★ બાળકોને બોલાવવા માટે પણ જૂઠુ બોલવુ જાઈઝ નથી ★

હઝરત અબ્દુલ્લાહ બિન આમિર رضی اللہ عنہ એ બયાન ફર્માવ્યું :–

دَعَتْنِي أُمِّي يَوْمًا وَّ رَسُوْلُ اللهِ صَلَّى اللهُ عَلَيْهِ وَسَلَّمَ قَاعِدٌ فِي بَيْتِنَا فَقَالَتْ هَا تَعَالَ أُعْطِيكَ فَقَالَ لَهَا رَسُوْلُ اللهِ صَلَّى اللهُ عَلَيْهِ وَسَلَّمَ وَمَا أَرَدْتِ أَنْ تُعْطِيهِ قَالَتْ أُعْطِيهِ تَمْرًا فَقَالَ لَهَا رَسُوْلُ اللهِ صَلَّى اللهُ عَلَيْهِ وَسَلَّمَ أَمَا إِنَّكِ لَوْ لَمْ تُعْطِيهِ شَيْئًا كُتِبَ عَلَيْكِ كِذْبَةٌ۔

"જ્યારે હું નાનો હતો, મારી વાલિદાએ એક દિવસ મને બોલાવ્યો અને કહ્યું, અહીંયા આવ ! હું તને કાંઈક આપી રહી છું. તે સમયે હુઝૂર صلی اللہ علیہ وسلم અમારા ઘરમાં

હાજર હતા. આપે મારી વાલિદાથી ફર્માવ્યું, તમે તેને કઈ વસ્તુ આપવાનો ઈરાદો કર્યો છે ? તેમણે અર્ઝ કરી, હું તેને ખજૂર આપવા માગુ છું. આપે ફર્માવ્યું કે, ખબરદાર ! જો તું તેને કાંઈ પણ ન આપતી તો તારી ઉપર એક જૂઠુ બોલવાનો ગુનો લખાઈ જતો.'' *(સુનને અબી દાઊદ, ૪/૨૯૮)*

આનાથી જાણવા મળ્યું કે જૂઠુ બોલવુ આપણા મઝહબમાં કેટલા સખત પ્રમાણમાં નાપસંદ છે કે બાળકોને પટાવવા માટે પણ જૂઠુ બોલવાની છૂટ નથી આપવામાં આવી. લોકોની આદત છે કે બાળકોને કોઈ કામ માટે બોલાવવા અથવા ક્યાંક સાથે લઈ જવા હોય તો જીદ પૂરી કરવા માટે જૂઠો વાયદો કરવામાં આવે છે કે પેલી વસ્તુ લાવીશું, આ મંગાવી દઈશું, તે બનાવી લાવીશું, આ રીતે જૂઠા વાયદા કરવા અને તેને પૂર્ણ ન કરવા ગુનોહ છે, જેમ કે ઉપરની હદીષથી જાણવા મળ્યું.

## ★ જૂઠ અને વાદાખિલાફી મુનાફિક્ની નિશાનીમાંથી છે ★

મુનાફિક્ એ શખ્સ છે, જે સામે તો ઈમાન જાહેર કરે પરંતુ તેના દિલમાં ઈમાન ન હોય, જૂઠ, વાદાખિલાફી અને ખયાનત આ ત્રણેયને મુનાફિક્ની આદત દર્શાવવામાં આવી છે. હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہથી મરવી છે કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું :–

آيَةُ الْمُنَافِقِ ثَلَاثٌ: إِذَا حَدَّثَ كَذَبَ وَإِذَا وَعَدَ أَخْلَفَ وَإِذَا اؤْتُمِنَ خَانَ۔

''મુનાફિક્ની ત્રણ નિશાનીઓ છે : (૧) જ્યારે વાત કરે તો જૂઠુ બોલે (૨) જ્યારે વાયદો કરે તો તેને પૂર્ણ ન કરે (૩) જ્યારે તેની પાસે અમાનત રાખવામાં આવે તો ખયાનત કરે.'' *(સહીહ બુખારી, ૮/૨૫)*

## ★ મજાકમાં પણ જૂઠુ બોલવું જાઈઝ નથી ★

એવું સામાન્ય રીતે થાય છે કે જ્યારે વાતચીતની મેહફિલ ચાલુ હોય અથવા દોસ્તો સાથે ક્યાંક મુલાકાત થાય તો મજાકમાં જૂઠુ બોલીએ છીએ. જો કે આવું કરવું પણ બરાબર નથી. હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہથી રિવાયત છે કે હુઝૂરે અકરમ صلی اللہ علیہ وسلمથી સહાબાએ કિરામ (رضوان اللہ تعالیٰ علیہم اجمعین)એ અર્ઝ કરી : اِنَّکَ تُدَاعِبُنَا؟ ''યા રસૂલલ્લાહ ! صلی اللہ علیہ وسلم તમે અમારાથી મજાક કરો છો ?'' આપે ફર્માવ્યું :

اِنِّیْ لَا اَقُوْلُ اِلَّا حَقًّا "હા ! હું મજાક તો કરું છું, પરંતુ સાચી વાત જ કહું છું."

*(સુનને, તિર્મિઝી, ૩/૪૨૫)*

હઝરત સહાબાએ કિરામ (رضوان اللہ تعالیٰ علیہم اجمعین)એ આ જે પૂછયું કે, યા રસૂલલ્લાહ ! ﷺ તમે અમારી સાથે મજાક કરો છો, તેનાં બે કારણો છે : પહેલું એ કે તેમણે મજાક હુઝૂર علیہ الصلوٰۃ والسلامની શાનની વિરુદ્ધ સમજયું, બીજુ એ કે આપે તેમને મજાકથી રોક્યા હતા એટલા માટે તેમને આ વાત વિચિત્ર લાગી કે આપ રોકે છે અને જાતે મજાક ફર્માવે છે ! હુઝૂરે અક્દસ ﷺએ જવાબમાં ફર્માવ્યું, કે હું મજાકમાં પણ સાચુ જ બોલુ છું માટે આવી મજાક જાઈઝ છે, નાજાઈઝ નથી. સચ્ચાઈ સિવાય મજાક જાઈઝ હોવાની બીજી શર્ત એ છે કે જેની સાથે મજાક કરવામાં આવી રહી હોય તેને નાપસંદ ન હોય, મજાક હોય તો સાચી હોય અને તેના કારણે કોઈનું દિલ ન દુઃખે, મજાક દિલ ખુશ કરવા માટે હોય, દિલને તકલીફ આપવા માટે નહીં.

## મો'મિન ગીબત નથી કરતો

ગીબત ઘણી જ બુરી આદત છે જેના કારણે સમાજમાં એવી દુશ્મની અને નાઈત્તેફાકી વધે છે અને જેની ગીબત કરવામાં આવી છે તેને બેઈજ્જતીનો સામનો કરવો પડે છે. ઈસ્લામ એકતા અને એક જુથ થવાની દા'વત આપનારો અને ઈજ્જતોની હિફાઝત કરવાવાળો છે, એટલા માટે તેણે ગીબતને સખત પ્રતિબંધિત કરી દીધી છે.

## ગીબત કોને કહે છે ?

હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہથી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺએ ઈર્શાદ ફર્માવ્યો : قَالُوْا: قَالَ: قِیْلَ: اَفَرَأَیْتَ اِنْ کَانَ فِیْ اَخِیْ مَا اَقُوْلُ؟ قَالَ

શું તમે જાણો છો ગીબત શું છે ? સહાબાએ કિરામ رضوان اللہ تعالیٰ علیہم اجمعینએ અર્ઝ કરી, અલ્લાહ તઆલા અને તેના રસૂલ ﷺ સારી રીતે જાણે છે. આપે ઈર્શાદ ફર્માવ્યો :–

ذِكْرُكَ اَخَاكَ بِمَا يَكْرَهُ ગીબત એ છે કે, તું તારા ભાઈને એવી રીતે યાદ કરે જે તેને બુરુ લાગે. અર્ઝ કરવામાં આવી, જે બયાન કરવામાં આવે જો તે વાત તેનામાં મૌજૂદ હોય તો તેનો શું હુકમ છે ? તેના પર હુઝૂર علیہ الصلوٰۃ والسلام એ ફર્માવ્યું :–

اِنْ كَانَ فِيْهِ مَا تَقُوْلُ فَقَدِ اغْتَبْتَهُ وَاِنْ لَمْ يَكُنْ فِيْهِ مَا تَقُوْلُ فَقَدْ بَهَتَّهُ "જો તેં જે કહ્યું તે તારા ભાઈમાં છે ત્યારે જ તો તેની ગીબત થઈ અને જો તું જે કહે તે તેનામાં ન હોય તો તે જૂઠ બાંધવું છે." *(સહીહ મુસ્લિમ, ૪/૨૦૦૧)*

કોઈ શખ્સમાં જે ખામી અને બુરાઈ હોય તેને બયાન કરવી ગીબત છે અને જો ખામી અને બુરાઈ ન હોય તો પણ બયાન કરે તો આરોપ લગાડવુ છે. ઘણા લોકો જ્યારે ગીબત કરે છે અને તેમને રોકવામાં આવે તો કહે છે કે હું સાચુ કહું છું તેનામાં આ ખામી છે. તેવા લોકોએ આ હદીષથી સબક હાંસલ કરવો જોઈએ કે એવી જ વાતને ગીબત કહેવામાં આવે છે જે તેનામાં મૌજૂદ હોય. આવી બધી વાતો બયાન કરવી સખત હરામ અને ગુનોહ છે.

## ★ ગીબત કરવી મૃત્યુ પામેલા ભાઈનો ગોશ્ત ખાવાના બરાબર છે ★

કુર્આને કરીમમાં ગીબતને પોતાના મૃત્યુ પામેલા ભાઈના ગોશ્ત ખાવા સમાન દીધું છે. અલ્લાહ તઆલા કુર્આને કરીમમાં ફર્માવે છે :–

يٰۤاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوا اجْتَنِبُوْا كَثِيْرًا مِّنَ الظَّنِّ اِنَّ بَعْضَ الظَّنِّ اِثْمٌ وَّ لَا تَجَسَّسُوْا وَلَا يَغْتَبْ بَّعْضُكُمْ بَعْضًا اَيُحِبُّ اَحَدُكُمْ اَنْ يَّاْكُلَ لَحْمَ اَخِيْهِ مَيْتًا فَكَرِهْتُمُوْهُ وَاتَّقُوا اللّٰهَ اِنَّ اللّٰهَ تَوَّابٌ رَّحِيْمٌ ○

"હે ઈમાનવાળાઓ ! ખૂબ જ ગુમાનો (ધારણાઓ)થી બચો, બેશક ! કેટલાક ગુમાનથી ગુનાહ થઈ જાય છે અને એબ ન શોધો અને એકબીજાની ગીબત ન કરો. શું તમારામાં કોઈ પસંદ કરશે કે પોતાના મરેલા ભાઈનો ગોશ્ત ખાય ?! તો તમને એ પસંદ નહીં થાય અને અલ્લાહથી ડરો. બેશક ! અલ્લાહ ઘણો જ તૌબા કૃબૂલ કરવાવાળો મહેરબાન છે." *(સૂરએ હુજુરાત, આ. ૧૨)*

શું કોઈ ઈન્સાન એ વાતને પસંદ કરશે કે તે પોતાના મરેલા ભાઈનો ગોશ્ત ખાય ?!

કોઈ પણ એને કોઈ પણ હાલતમાં પસંદ નહીં કરે. તો એ જ હાલ ગીબતના વિશે પણ રાખવો જોઈએ કે કોઈ પણ હાલતમાં પોતાના ભાઈની ગીબત કરવાનું પસંદ ન કરે.

## ★ ગીબત ઝિનાથી સખત છે ★

હઝરત અબૂ સઈદ અને જાબિર رضی اللہ عنہماથી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺએ ઈર્શાદ ફર્માવ્યો, ગીબત ઝિનાથી પણ સખત ચીજ છે. લોકોએ અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ ગીબત ઝિનાથી સખત કેવી રીતે છે ? ફર્માવ્યું, મર્દ ઝિના કરે છે પછી તૌબા કરે છે, અલ્લાહ તઆલા તેની તૌબા ક઼બૂલ ફર્માવે છે. અને ગીબત કરવાવાળાની ત્યાં સુધી મગફિરત નથી થતી જ્યાં સુધી તે માફ ન કરી દે જેની ગીબત કરવામાં આવી હોય. *(સુનને અબૂ દાઊદ, ૪/૩૬૧)*

## ★ તાંબાના નખ ★

હુઝૂર علیہ الصلوٰۃ والسلامએ ઈર્શાદ ફર્માવ્યો, હું શબે મેઅરાજની રાતે એવી ક઼ૌમની પાસેથી પસાર થયો જે પોતાના ચેહરા અને શરીરને તાંબાના નખોથી ખોતરી રહ્યા હતા. મેં પૂછ્યું, હે જિબ્રઈલ ! આ કોણ છે ? કહ્યું, આ લોકોનો ગોશ્ત ખાતા હતા એટલે કે ગીબત કરતા હતા અને તેમની ઈજ્જત ખરાબ કરતા હતા.

*(સુનને અબૂ દાઊદ, ૪/૩૩૫)*

## ★ જાંગોથી ગોશ્ત કાપીને ખાવાનો અઝાબ ★

હઝરત સૈયદના અબૂ સઈદ ખુદરી رضی اللہ عنہ રિવાયત કરે છે કે હુઝૂર علیہ الصلوٰۃ والسلامનું ફર્માન છે : જે રાત્રે મને આસ્માનોની સૈર કરાવવામાં આવી ત્યારે હું એક એવી ક઼ૌમ પાસેથી પસાર થયો જેમની જાંગોમાંથી ગોશ્ત કાપી પોતે તેમને જ ખવડાવવામાં આવતો હતો. તેમને કહેવામાં આવ્યું, ખાવ ! તમે તમારા ભાઈઓનો ગોશ્ત ખાતા રહેતા હતા ! મેં પૂછ્યું, આ કોણ છે ? અર્ઝ કરી, આ એ લોકો છે જે ગીબત કરતા રહેતા હતા. *(દલાઈલુન્નબુવ્વત લિલ્ બયહક઼ી, ૨/૩૯૩)*

## ★ કોઈકને ઠિંગુજી કહેવું પણ ગીબત છે ★

હઝરત આઈશા رضی اللہ عنہا ફર્માવે છે કે મેં નબીએ કરીમ علیہ الصلوٰۃ والسلامથી અર્ઝ

કરી કે, સફિય્યહ (رضی اللہ عنہا)ના માટે એ બરાબર છે કે તે આવાં છે, એટલે કે ઠિંગુજી છે. હુઝૂર علیہ الصلوٰۃ والسلامએ ઈર્શાદ ફર્માવ્યો, તમે એવા શબ્દો બોલ્યા કે જો તેને સમંદરમાં મિલાવવામાં આવે તો તે તેના પર ગાલિબ (ભારે) થાય. એટલે કે કોઈને ઠિંગુજી કહેવું પણ ગીબત કરવામાં દાખલ છે જ્યારે કે તે જરૂરત વગર હોય.

*(સુનને અબી દાઊદ, ૪/૩૫૩)*

આ હદીષથી જાણવા મળ્યું કે કોઈકનું કદ, રંગ, જાતી (નસલ), હાથ, પગ, કાન... વગેરેને ખામીવાળાં બતાવવાં અને કોઈની વાત અથવા ચાલ ચલનની નકલ ઉતારવી પણ ગુનોહ છે અને સખ્ત મના છે. એવી રીતે કોઈને લંગડાઈને ચાલવા, તોતડાઈને બોલવા અથવા એના જેવાં અન્ય કામોની નકલ ઉતારવામાં (ચાળા પાડવામાં) આવે છે એ ગુનોહ છે, અને કેમ કે એનો સંબંધ બંદાના હક્કોથી છે એટલા માટે જ્યાં સુધી બંદાથી માફી ન માગવામાં આવે તૌબાથી પણ માફ નહીં થાય.

## મો'મિન કોઈની બેઈજજતી નથી કરતો

કોઈ મુસલમાનને બેઈજ્જત કરવો ગુનાહે કબીરા (મોટા ગુનાહો)માંથી છે, ચાહે એ મજાક ઉડાડીને હોય કે ગાળ આપીને, ભલુબુરુ કહેવાથી હોય કે ખામી બયાન કરવાથી હોય, દોષ તથા અપમાન કરીને હોય કે બેકદરી કરવાથી હોય કે ધાક ધમકી આપીને તથા તકલીફ પહોંચાડવાથી હોય.

### ★ મુસલમાનને બેઈજ્જત કરવો સૌથી મોટુ વ્યાજ છે ★

હઝરત સઈદ બિન ઝૈદ رضی اللہ عنہથી મરવી છે કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું : اِنَّ مِنْ اَرْبَی الرِّبٰو الْاِسْتِطَالَۃُ فِیْ عِرْضِ الْمُسْلِمِ بِغَیْرِ حَقٍّ۔ "બેશક ! સૌથી મોટા વ્યાજમાંથી એ પણ છે કે ખોટી રીતે કોઈ મુસલમાનની ઈજ્જતનાં વિશે ઝબાન ખોલવામાં આવે." *(સુનને અબૂ દાઊદ, ૪/૨૬૯)*

હઝરત બર્રા બિન આઝિબ رضی اللہ عنہથી મરવી છે કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું : اَلرِّبَا اِثْنَانِ وَسَبْعُوْنَ بَابًا اَدْنَاھَا مِثْلُ اِتْیَانِ الرَّجُلِ اُمَّہٗ وَاَرْبَی الرِّبَا اِسْتِطَالَۃُ الرَّجُلِ فِیْ عِرْضِ اَخِیْہِ۔

''વ્યાજના ઘણા સારા દરજાઓ છે, તેમાંથી સૌથી હલકા (સ્તરનો) દરજાનું વ્યાજ માની સાથે બદ્‌કારી કરવાના બરાબર છે અને સૌથી મોટુ વ્યાજ પોતાના કોઈ મુસલમાન ભાઈની ઈજ્જત પર ઝબાન દરાઝી કરવું છે.''

*(અલ્ મુઅજમુલ અવસત, ૭/૧૫૮)*

આ હદીષો ઉપર ધ્યાન આપી અંદાજો લગાડો કે મુસલમાનને બેઈજ્જત કરવો કેટલો મોટો અપરાધ છે. મુસલમાન અલ્લાહ તઆલાની નજીક ઘણો જ ઈજ્જતવાળો છે. ઘણા લોકો બીજાનો માલ નાહક્ક઼ લેવાથી તો દૂરી રાખે છે અને તેને હરામ સમજે છે પરંતુ મુસલમાનની ઈજ્જતથી ખિલવાડ કરવાને જરા પણ ગુનોહ નથી સમજતા. જો કે ઈજ્જતનું મૂલ્ય માલ કરતાં વધારે છે. માલ હાથનો મેલ અને આવતી જતી વસ્તુ છે, તેનું જતુ રહેવું એટલી મોટી મુસીબત નથી જેટલી મુસીબત ઈજ્જત જતી રહેવાથી છે.

### ★ મો'મિનની ઈજ્જતની રક્ષા કરનારને જહન્નમની આગથી દૂર કરી દેવામાં આવશે ★

હઝરત અબૂ દર્દા رضی اللہ عنہથી મરવી છે કે નબીએ કરીમ صلی اللہ علیہ وسلمએ ઈર્શાદ ફર્માવ્યો :

مَنْ رَدَّ عَنْ عِرْضِ اَخِيْهِ رَدَّ اللّٰهُ عَنْ وَّجْهِهِ النَّارَ يَوْمَ الْقِيَامَةِ

''જે શખ્સ પોતાના ભાઈની ઈજ્જતથી એ વસ્તુને દૂર કરશે જે તેને અયબદાર કરે છે તો અલ્લાહ તઆલા ક઼યામતના દિવસે તેના ચહેરાથી જહન્નમની આગને દૂર કરી દેશે.'' *(જામેઅ તિર્મિઝી, ૪/૩૨૭)*

જો આપણે બીજાની ઈજ્જત બચાવીશું તો બની શકે છે કે કોઈ દિવસ આપણી ઈજ્જતથી ખિલવાડ થતી હોય ત્યારે તે પણ આપણી ઈજ્જતની હિફાઝત કરે. અને જો આવું પણ ન થાય તો શું આ અમલની ફઝીલત માટે એટલું પૂરતુ નથી કે અલ્લાહ તઆલા ક઼યામતના દિવસે જહન્નમની આગથી છૂટકારો અતા ફર્માવશે.

### ★ જે મુસલમાનનો એબ જાહેર કરશે અલ્લાહ તઆલા તેનો અયબ જાહેર કરશે ★

મુસલમાનની ઈજ્જત કેટલી મહાન છે એના વિશે હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ

રિવાયત કરે છે કે હુઝૂરે અક્દસ ﷺએ ઈર્શાદ ફર્માવ્યો, હે લોકો ! જો ફક્ત ઝબાની રીતે મુસલમાન થયા છો અને તમારા દિલોમાં ઈમાન દાખલ નથી થયું. મુસલમાનોની ગીબતો પાછળ ન પડો અને તેમની ખામીઓ પાછળ ન પડો, કેમ કે જે શખ્સ તેમના અયબો (ખામીઓ) પાછળ પડશે અલ્લાહ તઆલા તેના અયબો પાછળ પડશે. (એટલે કે તેના અયબો ખોલી નાખશે) અને અલ્લાહ તઆલા જેના અયબોનો પીછો કરશે તેને બેઈજ્જત કરી દેશે, ભલે તે પોતાના ઘરની અંદર હોય. *(સુનને અબૂ દાઊદ, ૪/૨૭૧)*

આ હદીષ શરીફમાં બીજા મુસલમાન ભાઈઓની ખામી બયાન કરવાથી મના કરવામાં આવ્યું છે. અને તેનો અંજામ એ બતાવવામાં આવ્યો કે જે શખ્સ બીજા મો'મિન ભાઈઓની એબ તલાશ કરી તેને બેઈજ્જત કરવામાં લાગેલો રહેશે તો અલ્લાહ તઆલા એવા શખ્સના અયબોને લોકોની સામે ખોલીને તેને બેઈજ્જત કરી દેશે.

## મો'મિન ખોટા લક્બો નથી પાડતો

કોઈને ચીડાવવા કે દુઃખ પહોંચાડવાનો એક તરીક઼ો એ પણ છે કે તેને કોઈ એવા નામ સાથે જોડવામાં આવે એટલે કે તેનું એવું નામ રાખવામાં આવે જેનાથી તેને તકલીફ અને દુઃખ પહોંચે. જેમ કે કોઈને કાણુ, મિન્નુ, લંગડો, લૂલો વગેરે કહેવું. આવું કરવું પણ ગુનોહે કબીરા અને સખત નાજાઈઝ છે.

### ★ કોઈનું બુરુ નામ રાખવું મના છે ★

કુર્આન મજીદમાં અલ્લાહ તબારક વ તઆલા ઈર્શાદ ફર્માવે છે :–

وَلَا تَنَابَزُوا بِالْاَلْقَبِ بِئْسَ الِاسْمُ الْفُسُوْقُ بَعْدَ الْاِيْمٰنِ وَمَنْ لَّمْ يَتُبْ فَاُولٰٓئِكَ هُمُ الظّٰلِمُوْنَ○

"અને એકબીજાનાં બુરાં નામ ન રાખો. કેટલું બુરું નામ છે મુસલમાન થઈને ફાસિક઼ કહેવું અને જે તૌબા ન કરે એ જ જાલિમ છે." *( સૂરએ હુજુરાત/૧૧)*

હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہماએ ફર્માવ્યું, જો કોઈ આદમીએ કોઈ બુરાઈથી

તૌબા કરી લીધી તો તેને તૌબા કર્યા બાદ તેને એ બુરાઈથી શરમ અપાવવું પણ એ નેહી (ન કરવાના હુકમ)માં દાખલ છે તથા મના છે. કેટલાક ઉલ્માએ ફર્માવ્યું, તેનાથી એ નામો મુરાદ છે જેનાથી મુસલમાનની બુરાઈ થતી હોય અને તે એને પસંદ ન કરતો હોય. પરંતુ તારીફના (લક઼બો) નામો હોય જે સાચાં હોય તો મના નથી. જેમ કે હઝરત અબૂબક્રનો લક઼બ 'અતીક઼', હઝરત ઉમરનો 'ફારૂક઼', હઝરત ઉષ્માનને ગનીનો 'ઝુન્નુરૈન' અને હઝરત અલીનો 'અબૂ તુરાબ', હઝરત ખાલિદનો 'સયફુલ્લાહ' (رضوان الله تعالیٰ علیہم اجمعین) અને જે લક઼બો પ્રખ્યાત થઈ ગયા હોય અને જેને આપવામાં આવે તેને બુરા ન લાગતા હોય તે લક઼બો પણ મના નથી, જેમ કે અઅ્મશ, અ'અ્રજ.

## મુસલમાન ગુનાહની વાતોથી દૂર રહે છે

મો'મિન ગુનાહની સાથે સાથે એ વાતોથી પણ દૂર રહે છે જે ગુનાહ તરફ લઈ જતી હોય અથવા જેમાં બુરાઈ, ખરાબી અને બેહયાઈનો ઝિક્ર હોય, ઈમામ ગિઝાલી رحمۃ اللہ علیہ ગુનાહોની વાતો વિશે ફર્માવે છે :–

''એ વાત જે તદ્દન બાતિલ અને નિરર્થક ગણવામાં આવે, બાતિલ (ગુનાહની વાત) એ છે કે બિદઅત (એનાથી મુરાદ એ શરીઅત વિરુદ્ધની વાતો જે શીઆ વગેરે ફિર્ક઼ાવાળાઓએ બનાવી કાઢેલી છે) એના પર વાત કરવામાં આવે અને નિરર્થક વાત એ છે કે પોતાના અને બીજાઓના ગુનાહ, બેકાર વાતો શરાબની મજલિસો અને ખરાબ, બુરી હિકાયત ઝબાન પર લાવવામાં આવે. બે માણસોની ચર્ચાઓ (ઝઘડા)ની વાતો બયાન કરવામાં આવે. એકબીજા સાથે બેકાર વાતો કરે અથવા એવી બેકાર વાતો બનાવે જેને સાંભળી બીજાઓને હંસી આવે. આ બધી જ વાતો નિરર્થકમાં દાખલ છે. *(કીમિયાએ સઆદત, પેજ : ૪૫૫)*

હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ થી મરવી છે કે નબીએ કરીમ علیہ الصلوٰۃ والسلام એ ઈર્શાદ ફર્માવ્યો :–

''બંદો અલ્લાહને ખુશ કરવાની વાતો કરે છે, પરંતુ તેના તરફ ધ્યાન પણ નથી આપતો એટલે કે ખયાલ પણ નથી કરતો કે અલ્લાહ તઆલા આટલો ખુશ થશે. અલ્લાહ તબારક વ તઆલા તેના દરજા બુલંદ કરે છે અને બંદો અલ્લાહ

તબારક વ તઆલાની નારાજગીની વાતો કરે છે અને તેની તરફ ધ્યાન નથી આપતો, એટલે કે તેમાં દિમાગમાં એ વાત નથી રહેતી કે અલ્લાહ તેનાથી કેટલો નારાજ થશે તો એ કલ્મા (શબ્દો)ના કારણે જહન્નમમાં પડે છે." *(સહીહ બુખારી, ૪/૨૪૧)*

## મો'મિન બિભત્સ વાતો નથી કરતો

બિભત્સ (ગંદી) વાતો શર્મ આવે એવી વાહિયાત અને બેહયાઈન વાતને કહે છે. ખરાબ વાતો બેહયાઈની તરફ લઈ જાય છે અને તેનાથી ઈન્સાનનુ સન્માન પણ કાયમ નથી રહેતુ. જ્યારે કે ઈમાનવાળો હયાવાળો અને સન્માનવાળો હોય છે. એટલા માટે હદીષ શરીફમાં ફર્માવવામાં આવ્યું કે, મો'મિન બેકાર બોલવાવાળો નથી હોતો. સૈયદના અબ્દુલ્લાહ બિન મસઊદ رضی اللہ عنہ ઈર્શાદ ફર્માવે છે કે, રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ ઈર્શાદ ફર્માવ્યો : لَيْسَ الْمُؤْمِنُ بِالطَّعَّانِ وَلَا اللَّعَّانِ وَلَا الْفَاحِشِ "મો'મિન બુરાઈ કરવાવાળો, દોષ આપવાવાળો અને બિભત્સ વાણી કરવાવાળો નથી હોતો." *(જામેએ તિર્મિઝી, ૪/૩૫)*

### ★ બિભત્સ વાતો કરવાવાળા પર જન્નત હરામ છે ★

હઝરત અબ્દુલ્લાહ બિન ઉમર رضی اللہ عنہથી રિવાયત છે કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ ઈર્શાદ ફર્માવ્યો : اَلْجَنَّةُ حَرَامٌ عَلٰى كُلِّ فَاحِشٍ اَنْ يَّدْخُلَهَا "જન્નત દરેક બિભત્સ બોલવાવાળા પર હરામ છે." *(જામિઉલ અહાદીષ, ૪/૧૪૮)*

### ★ બિભત્સ વાતો કરવી મન્હૂસ (નાપસંદ) છે ★

હઝરત અબૂ દર્દા رضی اللہ عنہથી રિવાયત છે કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ ઈર્શાદ ફર્માવ્યો : اَلْبَذَاءُ شُؤْمٌ "બિભત્સ વાતો કરવી મન્હૂસ છે." *(જામિઉલ અહાદીષ, ૪/૧૪૯)*

### ★ બિભત્સ કરવાવાળો ક઼યામતના દિવસે કૂતરાની શક઼લમાં હશે ★

શેખ ઈબ્રાહીમ બિન મૈસરા رضی اللہ عنہએ ફર્માવ્યું, "જે કોઈ બુરી વાતો કરશે, ક઼યામતમાં તેનો ચેહરો કૂતરાની જેમ હશે." *(કિમયએ સઆદત, પેજ : ૪૫૭)*

## ★ બુરી વાતોનાં નુકસાનો ★

૦૧. ઈમાનનું ખાસ મૂળ હયા (શરમ) છે. અને બિભત્સ વાણી જેવા અમલને અપનાવવાથી હયા (શરમ)નો ખાતમો કરીને આપણે આપણાથી ઈમાનને નબળુ કરી લઈએ છીએ.

૦૨. બિભત્સ વાતો કરી આપણે નફ્સના ગુલામ બની હદથી આગળ વધી જઈએ છીએ, જ્યારે કે હદથી આગળ વધવાવાળાને અલ્લાહ ﷻ પસંદ નથી કરતો.

૦૩. બિભત્સ વાતોથી સમાજમાં બુરાઈ ફેલાય છે અને ક્યારેક તે બીજાઓની તકલીફનું કારણ બને છે.

૦૪. બિભત્સ વાતો બોલવાથી મનુષ્ય શૈતાનને ખુશ કરે છે, શૈતાન એવું જ ચાહે છે કે ઈન્સાન આખી જિંદગી નફ્સની ગુલામી કરતો રહે. કેમ કે નફ્સની ગુલામી ઈન્સાનની આખેરતને બર્બાદ કરી દે છે અને એ જ શૈતાનનો મક઼સદ (હેતુ) છે.

૦૫. બિભત્સ વાતોથી આપણે આપણા અખ્લાક઼ને અસર કરીએ છીએ અને અખ્લાક઼ નીચલા સ્તરે પહોંચી જઈએ છીએ.

૦૬. બિભત્સ વાતો કરનારાના વિચારોમાં બુરાઈ હોય છે અને તેના આવા વિચારો અલ્લાહથી દૂર કરી દે છે.

૦૭. બિભત્સ વાતો અલ્લાહ તઆલાની નજીક નાપસંદ અમલ છે. જેને કરનારા અલ્લાહ તઆલાના નાપસંદીદા બંદાઓમાં ભળી જઈને તેની નારાઝગી વોહરી લે છે.

૦૮. બિભત્સ વાતો એવો ખરાબ અખ્લાક઼વાળો અમલ છે જેનાથી મનુષ્ય અલ્લાહ તઆલા અને બંદાઓની નજરમાં પોતાની ઈજ્જત ખોઈ બેસે છે.

૦૯. બિભત્સ વાતો ઝબાન અને રૂહ બંનેને ખરાબ કરે છે અને આપણા અંદર બેહયાઈ પેદા કરે છે.

૧૦. બિભત્સ વાતો ઝબાનનો ખોટો ઉપયોગ છે જે અલ્લાહના તરફથી મળેલ નેઅમત અને અમાનત છે. ઝબાનનો ખોટો ઉપયોગ કરીને આપણે અમાનતમાં ખયાનત કરીએ છીએ જે અલ્લાહની નારાઝગીનું કારણ છે.

૧૧. બિભત્સ વાતો કરીને આપણે સાચા માર્ગથી કદમ પાછળ હટાવી લઈએ છીએ. જ્યારે કે ઝબાનનો યોગ્ય ઉપયોગ અને ફાયદાકારક વાતચીત કરીને આપણે અલ્લાહની રઝા અને ખુશી હાંસલ કરી શકીએ છીએ.

## મુસલમાન બદ્દુઆ નથી કરતો

મુસલમાનની એક ખાસીયત એ પણ છે કે તે બદ્દુઆ કરવાવાળો નથી હોતો. સૈયદના અબ્દુલ્લાહ બિન મસ્ઊદ رضی اللہ عنہ ઈર્શાદ ફર્માવે છે કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم એ ઈર્શાદ ફર્માવ્યો : لَيْسَ الْمُؤْمِنُ بِالطَّعَّانِ وَلَا اللَّعَّانِ وَلَا الْفَاحِشِ وَلَا الْبَذِيءِ۔

''મુસલમાન બદ્દુઆ અને દોષ દેવાવાળો, ખરાબ વાતો કરવાવાળો અને ખરાબ અખ્લાક઼વાળો નથી હોતો.'' *(જામેઅ તિર્મિઝી, ૪/૩૫)*

ઈન્સાન તો ઈન્સાન પરંતુ તાવ, હવા, જાનવર વગેરેને પણ લાનત કરવી જાઈઝ નથી. હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી રિવાયત છે કે એક શખ્સ હુઝૂરે અક઼દસ صلی اللہ علیہ وسلم ની ખિદમતમાં હાજર થયો. તેણે હવા પર લા'નત કરી. હુઝૂર صلی اللہ علیہ وسلم એ ફર્માવ્યું, હવા પર લા'નત ન કરો. કેમ કે તે અલ્લાહ તરફથી મોકલેલ છે. અને કોઈ શખ્સ એવી વસ્તુ પર લા'નત ન કરે જે લાનતને પાત્ર નથી તો લા'નત તેના પર જ પાછી ફરે છે જેણે લા'નત કરી. *(જામેઅ તિર્મિઝી, ૪/૩૫૯)*

એક હદીષમાં ઈર્શાદ ફર્માવવામાં આવ્યો કે જ્યારે ઈન્સાન કોઈના પર લા'નત કરે છે તો લા'નત આસ્માન તરફ પરત ફરે છે, ત્યાં દરવાજા બંધ કરી દેવામાં આવે છે (ઉપર જવાનો કોઈ રસ્તો નથી મળતો). પછી જમીન બાજુ ઉતરે છે, જમીનના દરવાજા પણ બંધ કરી આપવામાં આવે છે (કોઈ જગ્યા તેને નથી મળતી જ્યાં તે ઉતરે). પછી ડાબી, જમણી બાજુ જાય છે, કોઈ જગ્યાએથી રસ્તો નથી મળતો તો પછી એ શખ્સ તરફ પાછી ફરે છે જેના પર લા'નત કરી છે. જો તે લા'નતને લાયક હતો તો તેના પર પડે છે, બાકી તેના પર આવીને પડે છે જેના મોઢેથી લા'નતના શબ્દો નીકળ્યા હતા. *(સુનને અબી દાઊદ, ૪/૨૭૭)*

### ★ મુસલમાન પર લા'નત કરવી તેને ક઼તલ કરવાની જેમ છે ★

સૈયદના ષાબિત બિન ઝહાક઼ رضی اللہ عنہ થી રિવાયત છે કે નબીએ કરીમ

علیہ الصلوٰۃ والسلامએ ઈર્શાદ ફર્માવ્યો, لَعْنُ الْمُؤْمِنِ كَقَتْلِهٖ "મુસલમાન પર લા'નત કરવી તેને કતલ કરવાની જેમ છે." *(સહીહ મુસ્લિમ, ભાગ : ૧, પેજ : ૧૦૪)*

### ★ લા'નત કરવી સાચા મુસલમાનને શોભતુ નથી ★

સૈયદના અબૂ હુરૈરહ رضی اللہ عنہથી રિવાયત છે કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ ઈર્શાદ ફર્માવ્યો. لَا يَنْبَغِيْ لِصِدِّيْقٍ اَنْ يَّكُوْنَ لَعَّانًا "લા'નત કરવી સાચા મુસલમાનને શોભતુ નથી." *(સહીહ મુસ્લિમ, ૪/૨૦૦૫)*

### ★ મુસલમાન એકબીજા પર લા'નત નથી કરતા ★

હઝરત સમુરા બિન જુંદુબ رضی اللہ عنہ બયાન કરે છે કે હુઝૂર علیہ الصلوٰۃ والسلامએ ઈર્શાદ ફર્માવ્યો : لَا تَلَاعَنُوْا بِلَعْنَةِ اللّٰهِ وَلَا بِغَضَبِهٖ وَلَا بِالنَّارِ "એકબીજાને અલ્લાહ તઆલાની લા'નત, તેના ગઝબથી અને આગના અઝાબની બદ્દુઆ ન આપો."

*(જામેઅ તિર્મિઝી, ભાગ : ૪, પેજ : ૩૫)*

ખુલાસો એ છે કે લા'નત કરવી કોઈ નાનુ કામ નથી. કેમ કે લા'નત કરવાનો મતલબ એ છે કે બંદો જેના પર લા'નત કરી રહ્યો છે તેના માટે અલ્લાહની રહ્મતથી દૂર થવાની બદ્દુઆ કરી રહ્યો છે. અને સાચો મુસલમાન ક્યારેય અલ્લાહની મખ્લૂક માટે તેની રહ્મતથી દૂર થવાની દુઆ ન કરી શકે. હા ! એ સૂરત જાઈઝ છે કે તે લોકો પર લા'નત કરવામાં આવે જેનું કુફ્ર પર મરવાનું યકીન હોય. જેમ કે અબૂ જહલ વગેરે. પરંતુ, સૂફિયાએ કિરામ رضوان اللہ تعالیٰ علیہم اجمعین ફર્માવે છે કે, તેઓ પર લા'નત કરવાથી સારું એ છે કે બંદો એટલો સમય તસ્બીહ અને ઝિક્ર કરે.

## મુસલમાન કોઈની મજાક નથી ઉડાવતો

એક મુસલમાન પર જેવી રીતે બીજા મુસલમાનની જાન અને તેના માલને નુકસાન પહોંચાડવું હરામ છે તે જ પ્રમાણે તેની ઈજ્જત અને સન્માન પર હુમલો કરવો (બેઈજ્જતી કરવી) પણ બિલકુલ નાજાઈઝ છે. સન્માન અને આબરૂને નુકસાન પહોંચાડવાના ઘણા રસ્તાઓ છે એમાં એક તરીકો કોઈની મજાક ઉડાડવું છે. ચાહે મજાક કોઈ શખ્સની વાતચીત, અમલ (કામ), ખાસિયત કે આદત એવી

રીતે બયાન કરવાથી હોય કે બીજા શખ્સને હસવું આવી જાય અથવા બીજા કોઈ તરીક઼ાથી હોય, દીનના કારણે હોય કે કોઈની પૈદાઈશી ખામીને કારણે હોય અથવા કોઈના પર આવનાર મુસીબતના વિશે હોય, આ બધુ ગુનોહ છે.

હુઝૂરે અકરમ ﷺએ મજાક ઉડાડવાથી બિલકુલ મના ફર્માવ્યું છે. હા ! થોડી મજાક કરી શકાય છે, જે અખ્લાક઼માં રહીને હોય અને એ શરતે કે તેને આદત ન બનાવવામાં આવે, અને સાચી વાત સિવાય બીજુ કોઈ ન કહે. કેમ કે વધારે હંસી મજાક વખતને બર્બાદ કરવું છે અને હસવાનું કારણ બને છે અને વધારે હસવાથી ઈન્સાનનું દિલ કાળુ પડી જાય છે.

હુઝૂરે અકરમ ﷺનો ઈર્શાદ છે, હું મજાક કરું છું પરંતુ સચ્ચાઈ સિવાય બીજુ કાંઈ નથી કહેતો. આપ ﷺએ, એ પણ ઈર્શાદ ફર્માવ્યો, કોઈ શખ્સ લોકોને હસાવવા માટે એક વાત કહે છે અને એ જ વાતને કારણે પોતાના સ્થાનથી એનાથી પણ વધારે પડી જાય છે કે જેટલો આસ્માનથી જમીન પર પડતો. જે વાત ખૂબ જ વધારે હસવાનું કારણ હોય એ બુરી છે. હસી મુસ્કુરાવાથી (તબસ્સુમ)થી વધારે ન હોવી જોઈએ. હુઝૂર علیہ الصلوٰۃ والسلامએ ફર્માવ્યું, જે હું જાણુ છું, જો તમે એ જાણી લો તો થોડુ હસો અને ખૂબ જ વધારે રડશો.'' *(કીમિયાએ સઆદત, પેજ : ૪૫૯)*

## ★ કોઈ ઈન્સાન કોઈ બીજા ઈન્સાનની મજાક ન ઉડાડે ★

અલ્લાહ તબારક વ તઆલા કુર્આન મજીદમાં ઈર્શાદ ફર્માવે છે :–

يٰٓاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْا لَا يَسْخَرْ قَوْمٌ مِّنْ قَوْمٍ عَسٰٓى اَنْ يَّكُوْنُوْا خَيْرًا مِّنْهُمْ وَلَا نِسَآءٌ مِّنْ نِّسَآءٍ

عَسٰٓى اَنْ يَّكُنَّ خَيْرًا مِّنْهُنَّ

''હે ઈમાનવાળાઓ ! ન પુરૂષ પુરૂષોથી હસે, અજબ નથી કે તે એ હસવાવાળાઓથી બેહતર હોય અને ન સ્ત્રી સ્ત્રીઓથી, દૂર નથી કે તેણી એ હસનારરીઓ કરતાં બેહતર હોય.'' *(સૂ. હુજુરાત, આ. ૧૧)*

આ આયતે કરીમાથી જાણવા મળ્યું કે, મર્દ કે ઔરત કોઈની મજાક ઉડાડવી જાઈઝ નથી, ચાહે એ કોઈ પણ પ્રકારની વાતચીત કે કામ દ્વારા હોય જેનાથી બીજા મુસલમાન ભાઈ બહેનને નીચા પાડવામાં આવતા હોય. પણ મજાક ઉડાડવું મઝાક

ઉડાડનારની ખુદ પસંદી પુરવાર કરે છે. શક્ય છે કે જેની મજાક ઉડાડવામાં આવી રહી હોય તે મજાક ઉડાડવાવાળા કરતાં સારો હોય અને વધારે પડતુ એવુ જ હોય છે, કેમ કે મજાક એ જ શખ્સ ઉડાડે છે જે પોતાને બીજા કરતાં સારો સમજે છે અને તેનામાં જ ખરાબ અખ્લાક઼ જોવામાં આવે છે, નહીં તો જે સારા અખ્લાક઼વાળો હશે તે બીજાની મજાક ઉડાડીને તેમનું દિલ નહીં દુઃખાડે.

## ★ જો કોઈ મજાક ઉડાડતો હોય તો તેને રોકવા જોઈએ ★

હઝરત અસ્વદ رضی اللہ عنہ ફર્માવે છે કે કેટલાક કુરૈશી નવયુવાનો સૈયદા આઈશા رضی اللہ عنہاની ખિદમતમાં હાજર થયા જ્યારે તે મીનામાં હતા, તે નવયુવાનો હસી રહ્યા હતા. સૈયદા આઈશા رضی اللہ عنہاએ પૂછ્યું, તમે કયા કારણે હસી રહ્યા છો ? તેમણે અર્ઝ કરી, પેલો વ્યક્તિ તંબૂની દોરડીઓ પર પડી ગયો ! શક્ય હતું તેનું ગળુ કે આંખ જતી રહેતી. તેના પર સૈયદા આઈશા رضی اللہ عنہاએ ફર્માવ્યું :–

فَلَا تَضْحَكُوا فَإِنِّي سَمِعْتُ رَسُوْلَ اللهِ صَلَّى اللهُ عَلَيْهِ وَسَلَّمَ قَالَ مَا مِنْ مُّسْلِمٍ يُّشَاكُ شَوْكَةً فَمَا فَوْقَهَا إِلَّا كُتِبَتْ لَهُ بِهَا دَرَجَةٌ وَمُحِيَتْ عَنْهُ بِهَا خَطِيْئَةٌ.

"તેના પર ન હસો, કેમ કે મેં હુઝૂર علیہ الصلوٰۃ والسلامને ફર્માવતાં સાંભળ્યા છે કે, કોઈ મુસલમાન નથી જેને કાંટો વાગે કે તેનાથી વધીને તકલીફ હોય, પરંતુ તેના માટે એક દરજો લખી દેવામાં આવે છે અને તેનો એક ગુનોહ માફ કરી આપવામાં આવે છે." *(સહીહ મુસ્લિમ, ભાગ : ૪, પેજ : ૧૯૯૧)*

એકવાર હઝરત સૈયદના અબ્દુલ્લાહ બિન મસઊદ رضی اللہ عنہ પીલુડીના ઝાડ પર ચઢી મિસ્વાક તોડી રહ્યા હતા તો એકદમ અચાનક જોરથી હવાથી તેમના પગો ઉપરથી કપડુ હટી ગયુ અને લોકો તેમના પાતળા પગો જોઈને હસવા લાગ્યા. હુઝૂર ﷺએ પૂછ્યું, તમને કઈ વાત પર હસી આવે છે ! અર્ઝ કરી, તેમની પાતળા અને કમજોર પગો જોઈને. નબીએ કરીમ ﷺએ ફર્માવ્યું, એ ઝાતની ક઼સમ ! જેના કબજામાં મારી જાન છે **તેમના આ પગો મીઝાને અમલમાં ઓહદથી પણ વધારે ભારે થશે.**

## મુસલમાન જૂઠો વાયદો નથી કરતો

જૂઠો વાયદો કરવો નિંદનીય અને બુરો અમલ છે. જૂઠા વાયદા કરવાવાળો વ્યક્તિ સમાજમાં ભરોસાપાત્ર રહેતો નથી. હદીષે પાકમાં જૂઠા વાયદાને મુનાફિક઼ની નિશાની બતાવવામાં આવેલ છે. હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہથી મરવી છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું :–

آيَةُ الْمُنَافِقِ ثَلَاثٌ: إِذَا حَدَّثَ كَذَبَ وَإِذَا وَعَدَ أَخْلَفَ وَإِذَا اؤْتُمِنَ خَانَ

"મુનાફિક઼ની ત્રણ નિશાનીઓ છે : (૧) જ્યારે વાત કરે તો જૂઠુ બોલે. (૨) જ્યારે વાયદો કરે તો તેના વિરુદ્ધ કરે (પૂર્ણ ન કરે). (૩) જ્યારે તેની પાસે અમાનત રાખવામાં આવે તો ખયાનત કરે." *(સહીહ બુખારી, પેજ : ૧૬)*

અલ્લાહ તબારક વ તઆલાએ હઝરત ઈસ્માઈલ علیہ السلامના લક્ષણો (ખૂબીઓ)માં ફર્માવ્યું : إِنَّهُ كَانَ صَادِقَ الْوَعْدِ "બેશક ! એ વાયદાના સાચા હતા."

*(સૂરએ મરયમ, આ. ૫૪)*

કહે છે કે ઈસ્માઈલ علیہ السلامએ કોઈ જગ્યાએ કોઈકને મળવાનો વાયદો કર્યો અને તે શખ્સ ન આવ્યો. આપે ત્રણ દિવસ સુધી તેની રાહ જોઈ જેથી વાયદો પૂર્ણ થઈ જાય. એક સહાબીએ રસૂલ ﷺ ફર્માવે છે કે મેં હુઝૂર علیہ الصلوٰۃ والسلامથી બયઅત કરી અને મેં કહ્યું, હું તે (પેલી) જગ્યાએ તમારાથી મુલાકાત કરીશ. હું ભૂલી ગયો અને મને ત્રીજા દિવસે યાદ આવ્યું તો હું ત્યાં ગયો. આપ ﷺ મારી ત્યાં રાહ જોઈ રહ્યા હતા. આપ ﷺ ફર્માવવા લાગ્યા, હે નવજવાન ! ત્રણ દિવસથી હું તારી રાહ જોઈ રહ્યો છું. *(કીમીયાએ સઆદત, પેજ : ૪૬૨)*

હઝરત અનસ رضی اللہ عنہ ફર્માવે છે કે, ઘણી ઓછી વાર એવું થયું હશે કે હુઝૂર ﷺ અમને ખુત્બો આપ્યો અને એ ન ફર્માવ્યું હોય કે :–

لَا إِيْمَانَ لِمَنْ لَّا أَمَانَةَ لَهُ وَلَا دِيْنَ لِمَنْ لَّا عَهْدَ لَهُ "તેનું કોઈ ઈમાન નથી જે અમાનતદાર ન હોય. અને તેનો કોઈ દીન નથી જે વાયદો પૂર્ણ ન કરે."

*–(શોઅબુલ ઈમાન, ૬/૧૯૬)*

## મુસલમાન જૂઠી ક઼સમ નથી ખાતો !

મો'મિનની ખાસ ખૂબી એ પણ છે કે એ જૂઠી ક઼સમ નથી ખાતો. ઘણા લોકોની આદત એ હોય છે કે વાત વાતમાં ક઼સમો ખાય છે જેથી સામેવાળો તેની વાત માની લે. જો એ ક઼સમો જૂઠી હોય તો તેવું કરવું ગુનો છે. અહાદીષે મુબારકામાં તેની બુરાઈ વર્ણવવામાં આવી છે.

હઝરત અબ્દુલ્લાહ બિન ઉમર رضی اللہ عنہથી રિવાયત છે કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું : اَلْكَبَائِرُ: اَلْاِشْرَاكُ بِاللّٰهِ وَعُقُوْقُ الْوَالِدَيْنِ وَقَتْلُ النَّفْسِ وَالْيَمِيْنُ الْغُمُوْسُ۔

''મોટા મોટા ગુનાહો આ છે : (૧) અલ્લાહની સાથે શિર્ક કરવું. (૨) મા, બાપને સતાવવું (૩) કોઈ જાનને ક઼તલ કરવી (૪) જૂઠી ક઼સમ ખાવી.''

કબીરા ગુનાહો તો ઘણા બધા છે, પરંતુ આ હદીષમાં ફક઼ત એ ગુનાહો વિશે કહેવામાં આવ્યું જે ઘણા મોટા છે અને જેમાં સામાન્યતઃ લોકો વ્યસ્ત રહે છે.

કોઈ બનાવ બન્યો ન હોય તેના વિશે કહી દીધું કે આવુ થયું અને તેના પર ક઼સમ ખાય લે. એ જ પ્રમાણે કોઈએ કોઈ કામ નથી કર્યું તેના વિશે કહી દીધું કે તેણે એવું કર્યું અને તેના પર ક઼સમ ખાઈ લીધી. ક્યારેક લોકો કોઈ કામ કરવા અને ન કરવા પર ક઼સમ ખાઈ લે છે, ઘણા લોકો સામાન વેચતી વખતે જૂઠી ક઼સમ ખાય છે કે એ સારો કે આવો છે, પણ ખરેખર તે સામાન એવો હોતો નથી. આ બધી જૂઠી ક઼સમો અને કબીરા (મોટો) ગુનોહ છે.

## મુસલમાન દોરુખી નથી હોતો

આ ઘણી મોટી અયબ છે એક માણસ પાસે જઈને કહે છે કે હું તારી સાથે છું અને પછી તેના દુશ્મનની પાસે જઈને કહે છે કે હું તારી સાથે છું. તેને લોકોની ભાષામાં 'દોગલો' કહેવામાં આવે છે. અહાદીષે કરીમામાં તેની બુરાઈ આવી છે.

હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہથી મરવી છે કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ ઈર્શાદ ફર્માવ્યો :–

وَتَجِدُوْنَ مِنْ شَرِّ النَّاسِ يَوْمَ الْقِيٰمَةِ ذَا الْوَجْهَيْنِ الَّذِيْ يَاْتِيْ هٰؤُلَاءِ بِوَجْهٍ وَهٰؤُلَاءِ بِوَجْهٍ

"કયામતના દિવસે લોકોમાં સૌથી વધારે બદ્દતરીન વ્યક્તિ એ શખ્સ છે જે બે મોઢાવાળો છે. આ લોકો પાસે એક મોઢાથી આવે છે અને પેલા લોકો પાસે બીજુ મોઢું લઈને જાય છે." *(સહીહ મુસ્લિમ, ૪/૨૦૧૧)*

કેટલાક લોકોની એ આદત હોય છે કે જે બે વ્યક્તિઓ અથવા બે કુટુંબો કે બે જુથો વચ્ચે અનબન હોય (સંબંધ ન હોય) તેમની સાથે મળવાનો એવો રસ્તો અપનાવે છે કે દરેક પક્ષના ખાસ અને હમદર્દ બને છે અને દરેકની સામે એવું જાહેર કરે છે કે તમે બરાબર (સાચા) છો અને અમે તમારી સાથે છીએ દરેક જણ તેને હમદર્દ સમજીને પોતાની બધી વાતો કહી દે છે. પછી દરેક જગ્યાની વાતો આમથી તેમ પહોંચાડે છે જેનાથી બંને જુથો વચ્ચે લડાઈની આગ ભડકી ઉઠે છે. તેવા લોકોને કયામતના દિવસે સખ્ત અઝાબ આપવામાં આવશે.

## બેકાર વાતો કરવાનું નુકસાન

હઝરત અનસ બિન માલિક رضی اللہ عنہ ફર્માવે છે :–

تُوُفِّيَ رَجُلٌ مِّنْ اَصْحَابِهٖ فَقَالُوْا اَبْشِرْ بِالْجَنَّةِ فَقَالَ رَسُوْلُ اللهِ صَلَّى اللهُ عَلَيْهِ وَسَلَّمَ أَوَلَا تَدْرُوْنَ فَلَعَلَّهٗ تَكَلَّمَ فِيْمَا لَا يَعْنِيْهِ اَوْبَخِلَ بِمَا لَا يَنْقُصُهٗ

"એક સહાબીનો વિસાલ થઈ ગયો. સહાબાએ કિરામ رضوان اللہ تعالیٰ علیہم اجمعین એ એમના વિશે કહ્યું, તને જન્નતની ખુશખબરી થાય ! હુઝૂરે અકદસ صلی اللہ علیہ وسلم એ તેમની વાત સાંભળી ફર્માવ્યું, તમે ખુશખબરી આપી રહ્યા છો જ્યારે કે તમને તેના અમલોની ખબર નથી ? શક્ય છે કે તેણે કોઈ બેકાર (ફુઝૂલ) વાત કહી હોય અથવા એવી વસ્તુના ખર્ચ કરવા પર કંજૂસી કરી હોય જે ખર્ચ કરવાથી નથી ઘટતી."

*(શોઅબુલ ઈમાન, ૧૩/૨૮૫)*

હુઝૂર علیہ الصلوٰۃ والسلام એ આ હદીષમાં બે એવી વાતોનો ઝિક્ર કર્યો જે જન્નતમાં જવાથી રોકી શકે છે. પ્રથમ એ કે શક્ય છે કે તેણે કોઈ નકામી વાત કહી હોય. બીજુ એ કે બની શકે છે કે તેણે એવી વસ્તુ ખર્ચ કરવામાં કંજૂસી કરી હોય જે ખર્ચ કરવાથી ઘટતી નથી, જેવી રીતે કોઈ ઈલ્મની વાત કોઈએ પૂછી અને જાણવા છતાં ન બતાવી હોય. અથવા ફર્ઝ ઝકાત આપવામાં કંજૂસી કરી હોય અથવા બીજા

સદકાઓ જેને ખર્ચ કરવો જરૂરી હોય અને તેમાં ખર્ચ કરવામાં દૂર રાખી હોય.

બેકાર (કામ વગર)ની વાત તેને કહેવામાં આવે છે જેમાં દુનિયા અને આખેરતમાં કોઈ ફાયદો ન હોય. તેમાં એ વાતો પણ દાખલ છે જે દુનિયા અને આખેરતના નુકસાનનું કારણ હોય, અને એ પણ દાખલ છે જેમાં ન નુકસાન હોય ન નફો. ગુનાહની વાતોથી બચવું તો જરૂરી છે જ પરંતુ એના સિવાયની વાતો જેનાથી ન કોઈ નફો હોય ન નુકસાન તેનાથી પણ બચવું જોઈએ. કેમ કે એવી વાતોથી બેહતર છે કે અલ્લાહનો ઝિક્ર, દુરૂદે પાક અથવા તિલાવતે કુર્આને પાક કરી તેનાથી પોતાની નેકીઓમાં વધારો કરવામાં આવે. કામ વગરની (બેકાર) વાત કરતાં કરતાં વાત ત્યાં સુધી પહોંચે છે કે લોકોની બુરાઈ અને ગીબત સુધી પહોંચી જાય છે.

## ★ બેકાર વાતોને છોડવાવાળો સાચો મુસલમાન છે ★

હઝરત ઈમામ ઝૈનુલ આબેદીન رضی اللہ عنہથી મરવી છે કે નબીએ કરીમ علیہ الصلوٰۃ والسلامએ ઈર્શાદ ફર્માવ્યો : إِنَّ مِنْ حُسْنِ إِسْلَامِ الْمَرْءِ تَرْكُهُ مَا لَا يَعْنِيهِ "મનુષ્યના ઈસ્લામની ખૂબી એમાં છે કે બેમતલબ (મતલબ વગરની) વાતોને છોડી દે."

*(સુનને તિર્મિઝી, ૪/૫૫૮)*

ઈમામ ગિઝાલી رحمۃ اللہ علیہએ કામ વગરની (બેકાર) વાતો કરવા વિશે ચર્ચા કરતાં લખ્યું છે કે :–

બેકાર વાતોનું ઉદાહરણ એ છે કે તમે મિત્રો સાથે બેસીને પોતાના સફરનો અહેવાલ, બાગની ખુશ્બુની હાલત જે કાંઈ પણ બન્યું હોય તેમાં ઘટાડો, વધારો કર્યા વિના બયાન કરી આપો. આ બધી વધારાની વાતો છે, તેની જરૂરત ન હતી અને તેના ન કહેવાથી નુકસાનનો કોઈ ખતરો ન હતો. (એટલે કે આ વાતો બેકાર બયાન કરી દીધી કે તેને કરવાની જરૂરત ન હતી, અને તેને બયાન ન કરવામાં કોઈ જાતનું નુકસાન હતું.) એ જ પ્રમાણે કોઈનાથી મુલાકાત થાય અને તેને એવી વાત પૂછો જેની તમને કોઈ જરૂરત ન હોય અને તમારા પૂછવામાં કોઈ મુસીબત કે નુકસાનનો અંદેશો નથી. જેમ કે તમે કોઈને પૂછો, શું તમે રોઝો રાખ્યો છે ? જો તે જવાબમાં સાચુ કહે તો તેનાથી ઈબાદતને જાહેર કરવું થાય છે અને જો જૂઠુ કહે તો ગુનેહગાર થાય છે અને તેના જૂઠુ બોલવાનો સબબ તમે બની ગયા અને આ બિલ્કુલ

નિરર્થક છે. એ જ પ્રમાણે તમે કોઈને પૂછો કે ક્યાંથી આવી રહ્યા છો ? તો બની શકે છે તે એ વાતને છુપાવવા માગતો હોય અને એ જૂઠી વાત કહી દે. આ બધી વાતો બેકાર અને વધારાની છે. અને કામની વાત એ છે કે જેમાં જૂઠ દાખલ ન હોય. નકલ થયેલ છે કે જનાબ લુકમાન એક વર્ષ સુધી હઝરત દાઊદ عليه السلامની ખિદમતમાં આવતા જતા રહ્યા. હઝરત દાઊદ عليه السلام બખ્તર બનાવતા રહેતા હતા. લુકમાન જાણવા માગતા હતા કે તે બખ્તર કેમ બનાવતા રહે છે ? પરંતુ તેમણે ન પૂછયું. જયારે (બખ્તર) બનીને તેયાર થઈ ગયું તો હઝરત દાઊદ عليه السلامએ તેને પહેર્યું અને જાતે જ ફર્માવ્યું જંગ માટે આ સારો પોશાક છે. ત્યારે જનાબ લુકમાન સમજી ગયા કે ચૂપ રહેવામાં હિક્મત છે, પરંતુ આજે લોકોને તેનો ખયાલ નથી.

*(કીમીયાએ સઆદત, પેજ : ૪૫૩, ૪૫૪)*

## (૩) મુસલમાન ઝકાત આપે છે

સૂરએ મુઅ્મિનૂનની આયતે મુક઼દ્દસમાં મુસલમાનની ત્રીજી ખૂબી એ બતાવવામાં આવી છે કે તે ઝકાત આપે છે. અલ્લાહ તબારક વ તઆલા ઈર્શાદ ફર્માવે છે : وَالَّذِيْنَ هُمْ لِلزَّكٰوةِ فٰعِلُوْنَ۝ "અને એ કે જે ઝકાત આપવાનું કામ કરે છે." *(સૂરએ મુઅ્મિનૂન, આ. ૪)*

ઝકાત દરેક મુસલમાન સાહિબે નિસાબ, માલદાર પર ફર્ઝ છે. ઈસ્લામના તરફથી આ મુક઼દ્દસ ફર્ઝ અમલમાં લાવવામાં ઘણી હિક્મત છે. સૌથી મોટી હિકમત સામાજિક સમાનતાને યથાવત રાખી શકાય છે. જો દરેક સાહિબે નિસાબ ઝકાત આપવાનું શરૂ કરી દે તો મુસલમાનોની ખુશહાલી અને તરક્કી થઈ શકે છે અને ઘણા લોકો ક઼ર્ઝ, વ્યાજ વગેરેના બોજથી પોતાને બચાવી શકે છે.

### ★ ઝકાત ફર્ઝ છે ★

ઝકાત ફર્ઝ હોવાના વિશે અલ્લાહ તબારક વ તઆલા ઈર્શાદ ફર્માવે છે :–

وَاَقِيْمُوا الصَّلٰوةَ وَاٰتُوا الزَّكٰوةَ وَارْكَعُوْا مَعَ الرّٰكِعِيْنَ۝ "અને નમાઝ ક઼ાયમ રાખો, અને ઝકાત આપો અને રુકૂઅ કરવાવાળા સાથે રુકૂઅ કરો." *(સૂરએ બક઼રહ, આ. ૪૩)*

આ વિશેની આયતો કુર્આન મજીદમાં ઘણી જગ્યાએ છે જેમાં ઝકાત અદા

કરવાનો હુકમ ફર્માવવામાં આવ્યો હોય, એ આયતોથી ઝકાતનું ફર્ઝ હોવાનું માલૂમ થાય છે.

### ★ ઝકાત ઈસ્લામના અરકાનોમાંથી એક રુકન છે ★

ઝકાતને ઈસ્લામના કાનૂનમાં એટલુ મહત્વ આપવામાં આવ્યું છે કે તેને બુનિયાદી રુકન ઠરાવી આપ્યો છે. હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہથી મરવી છે, રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું :–

شَهَادَةِ اَنْ لَّآ اِلٰهَ اِلَّا اللهُ وَاَنَّ مُحَمَّدًا رَّسُوْلُ اللهِ وَاِقَامِ الصَّلٰوةِ وَاِيْتَاءِ الزَّكٰوةِ وَالْحَجِّ وَصَوْمِ رَمَضَانَ.

"ઈસ્લામની બુનિયાદ પાંચ ચીજો પર છે : (૧) ગવાહી આપવી કે અલ્લાહના સિવાય કોઈ મઅબૂદ નથી અને યકીનન ! મુહમ્મદ صلی اللہ علیہ وسلم અલ્લાહના રસૂલ صلی اللہ علیہ وسلم છે. (૨) નમાઝ કાયમ કરવી. (૩) ઝકાત આપવી (૪) હજ્જ કરવી (૫) રમઝાનના રોઝા રાખવા. *(સહીહ બુખારી, ૧/૧૧)*

### ★ ઝકાત માલની ખરાબીને નષ્ટ કરે છે ★

હઝરત જાબિર رضی اللہ عنہ ઈર્શાદ ફર્માવે છે કે એક શખ્સે સરકારે મદીના صلی اللہ علیہ وسلمની બારગાહમાં અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! صلی اللہ علیہ وسلم મને બતાવો કે જો વ્યક્તિ પોતાના માલની ઝકાત કાઢે તો ?! આપ صلی اللہ علیہ وسلمએ ઈર્શાદ ફર્માવ્યો :

مَنْ اَدّٰى زَكَاةَ مَالِهٖ فَقَدْ ذَهَبَ عَنْهُ شَرُّهٗ. "જેણે પોતાના માલની ઝકાત અદા કરી દીધી ખરેખર તેના માલમાંથી ખરાબી નીકળી ગઈ." *(અલ મુઅજમુલ અવસત, ૨/૬૧)*

### ★ ઈમાન મુકમ્મલ કરવાનો ઝરીયો ★

હઝરત અલ્કમા رضی اللہ عنہથી મરવી છે કે તે કેટલાક લોકો સાથે બારગાહે રિસાલતમાં હાજર થયા તો હુઝૂર صلی اللہ علیہ وسلمએ ઈર્શાદ ફર્માવ્યો :–

اِنَّ تَمَامَ اِسْلَامِكُمْ اَنْ تُؤَدُّوْا زَكٰوةَ اَمْوَالِكُمْ. "તમારા ઈસ્લામનું પૂર્ણ થવું એ છે કે તમે તમારા માલની ઝકાત કાઢો." *(અત્તરગીબ, ભાગ : ૧, પેજ : ૩૦૧)*

### ★ માલને બચાવવાનું કારણ ★

હઝરત અબ્દુલ્લાહ બિન મસ્ઊદ رضی اللہ عنہથી મરવી છે કે હુઝૂર صلی اللہ علیہ وسلمએ ઈર્શાદ ફર્માવ્યો : حَصِّنُوْا اَمْوَالَكُمْ بِالزَّكٰوةِ. ''પોતાના માલની ઝકાત અદા કરી તેને બચાવી લો.'' *(અલ મુઅજમુલ અવસત, ૨/૨૭૪)*

### ★ માલની બર્બાદીનું કારણ ઝકાત ન આપવું છે ★

ઝકાત અદા ન કરવાથી માલમાંથી બરકત ઉઠી જાય છે અને માલ બર્બાદ થઈ જાય. હઝરત ઉમર رضی اللہ عنہથી મરવી છે કે આક઼ાએ કરીમ علیہ الصلوٰۃ والسلامએ ઈર્શાદ ફર્માવ્યો: مَا تَلِفَ مَالٌ فِيْ بَرٍّ وَلَا بَحْرٍ اِلَّا بِحَبْسِ الزَّكٰوةِ. ''દુકાળ તથા અતિવૃષ્ટિમાં જે માલ બેકાર થઈ જાય છે તે ઝકાત ન આપવાના કારણે છે.''

*(મજમઉઝ્ ઝવાઈદ, ભાગ : ૩, પેજ : ૬૧)*

### ★ ઝકાત ન આપવાવાળા પર લા'નત ★

હઝરત અબ્દુલ્લાહ બિન મસ્ઊદ رضی اللہ عنہથી રિવાયત છે કે ઝકાત ન આપવાવાળા પર રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ લા'નત ફર્માવી છે.

*(સહીહ ઈબ્ને ખુઝૈમા, ૨/૧૦૭૨)*

### ★ ઝકાત ન આપવાના નુકસાનો ★

કુર્આન અને હદીષોમાં જેવી રીતે ઝકાત આપવાનો હુકમ આવ્યો છે અને તેને આપવા પર ખુશખબરીઓ આપવામાં આવી છે તે જ પ્રમાણે તેને અદા ન કરવા પર ચેતવણીઓ પણ સંભળાવવામાં આવી છે. કેટલીક ચેતવણીઓ અહીંયા બયાન કરવામાં આવે છે :–

### ★ ક઼યામતના દિવસે અઝાબ ★

હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہથી રિવાયત છે કે હુઝૂર علیہ الصلوٰۃ والسلامએ ફર્માવ્યું : ''જે શખ્સ સોના અને ચાંદીનો માલિક હોય અને તેનો હક્ક઼ અદા ન કરે તો ક઼યામતના દિવસે તેના માટે આગના પથ્થર બનાવવામાં આવશે. તેના પર જહન્નમની આગ ભડકાવવામાં આવશે અને તેનાથી તેમનાં પાસાં, કપાળ (પેશાની) અને પીઠને

ડામ દેવામાં આવશે. જ્યારે ઠંડી થવા લાગશે તો પછી ફરીથી એવી કરી દેવામાં આવશે. આ મામલો તે દિવસનો છે જેનો સમયગાળો ૫૦ હજાર વર્ષનો છે, ત્યાં સુધી કે બંદાઓના વચ્ચે ફૈંસલો થઈ જશે. હવે તે પોતાનો રસ્તો જોશે ચાહે જન્નતની તરફ જાય કે જહન્નમની તરફ. ઊંટ વિશે ફર્માવ્યું, જે તેનો હક્ક઼ અદા નથી કરતો ક઼યામતના દિવસે સપાટ મેદાનની વચ્ચે સૂવડાવી આપવામાં આવશે અને તે ઊંટ બધાં જ ખૂબ જ તાજાં થઈને આવશે અને તેને પગથી કચડશે અને મોઢાથી તેને બચકાં ભરશે. જ્યારે તેમની પાછળની ટોળીઓ જતી રહેશે તો પેલી ટોળીઓ પાછી ફરશે. ગાય અને બકરીઓ વિશે ફર્માવવામાં આવ્યું, તે શખ્સને સપાટ મેદાનમાં સૂવડાવવામાં આવશે અને તે બધી જ આવશે. ન તેમાં કોઈ વળેલા શિંગડાની હશે, ન શિંગડા વગરની, ન તૂટેલા શિંગડાની, અને તે શિંગડાથી મારશે અને પગોથી કચડશે.'' *(સહીહ બુખારી, ૧/૪૯૨)*

હઝરત અલી كرم الله وجهه الكريم થી રિવાયત છે કે હુઝૂર ﷺ ફર્માવે છે : ''ફક઼ીર કદી પણ નાગા અને ભૂખા હોવાની તકલીફ ન ઉઠાવશે, પરંતુ માલદારોના હાથોથી. સાંભળી લો ! આવા માલદારોથી અલ્લાહ સખત હિસાબ લેશે અને તેમને દર્દનાક અઝાબ આપશે.'' *(અત્તરગીબ વત્તરહીબ, ૧/૩૦૬)*

હઝરત અનસ رضی اللہ عنہથી રિવાયત છે કે હુઝૂર علیہ الصلوٰۃ والسلامએ ફર્માવ્યું :–

''ક઼યામતના દિવસે માલદારો માટે હાજતવાળાઓના હાથોથી ખરાબી છે. જરૂરતમંદ લોકો અર્ઝ કરશે, અમારા હક્કો જે તેમના પર ફર્ઝ કર્યા હતા તો તેમણે જુલ્મની રીતે ન આપ્યા. અલ્લાહ ﷻ ફર્માવશે, મને ક઼સમ છે મારી ઈઝ્ઝત અને જલાલની કે હું તમને મારી નઝદીકી આપીશ અને તેમને દૂર રાખીશ.

*(અલ્મુઅજમુલ અવસત, ૩/૩૪૯)*

## ★ સૌથી પહેલાં દોઝખમાં ★

હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہથી રિવાયત છે કે હુઝૂર ﷺએ ફર્માવ્યું, ''દોઝખમાં સૌથી પહેલાં ત્રણ શખ્સો જશે એમાં એક એ માલદાર છે જે પોતાના માલથી અલ્લાહ ﷻનો હક્ક઼ અદા નથી કરતા.'' *(સહીહ ઈબ્ને ખુઝૈમા, ૪/૮)*

**★ ઝકાત ન આપવાવાળાની નમાઝ કૃબૂલ નથી ★**

હઝરત અબ્દુલ્લાહ બિન મસઊદ رضی اللہ عنہما ફર્માવે છે, "અમને હુકમ આપવામાં આવ્યો કે નમાઝ પઢો અને ઝકાત આપો. અને જે ઝકાત ન આપે, તેની નમાઝ કૃબૂલ નથી." *(અલ્ મુઅજ્જમુલ કબીર, ૧/૧૦૩)*

## (૪) મુસલમાન શર્મગાહની હિફાઝત કરે છે

સૂરએ મો'મિનૂનમાં કામયાબ મો'મિન (મુસલમાન)ની ચોથી નિશાનીમાં એ બયાન કરવામાં આવ્યું કે તે હરામ કામથી પોતાની શર્મગાહની હિફાઝત કરે છે. અલ્લાહ તબારક વ તઆલા ઈર્શાદ ફર્માવે છે :–

وَالَّذِيْنَ هُمْ لِفُرُوْجِهِمْ حٰفِظُوْنَ ○ اِلَّا عَلٰٓى اَزْوَاجِهِمْ اَوْ مَا مَلَكَتْ اَيْمَانُهُمْ فَاِنَّهُمْ غَيْرُ مَلُوْمِيْنَ○ فَمَنِ ابْتَغٰى وَرَآءَ ذٰلِكَ فَاُولٰٓئِكَ هُمُ الْعٰدُوْنَ○

"અને તેઓ જે પોતાની શર્મગાહોની હિફાઝત કરે છે, પણ પોતાની પત્નીઓ અથવા શરીઅત મુજબની લોંડીઓથી જે તેમના હાથોની મિલકત છે કે તેમના પર કશો ઠપકો નથી. તો જે એ બે સિવાય કાંઈક બીજું ઈચ્છે તેઓ જ હદ ઓળંગનાર છે. *(સૂરએ મુ'મિનૂન, આ. ૫ થી ૭)*

**★ શર્મગાહની હિફાઝત પર જન્નતની ઝમાનત ! ★**

હઝરત સહલ બિન સઈદ رضی اللہ عنہ થી મરવી છે કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم એ ઈર્શાદ ફર્માવ્યો : مَنْ يَّضْمَنْ لِّيْ مَا بَيْنَ لَحْيَيْهِ وَمَا بَيْنَ رِجْلَيْهِ اَضْمَنْ لَهُ الْجَنَّةَ "જે શખ્સ મને જીભ અને શર્મગાહની હિફાઝતની ઝમાનત આપે હું તેને જન્નતની ઝમાનત આપુ છું."

*(સહીહ બુખારી, ૮/૧૦૦)*

**★ ઝિના અને તેની બુરાઈ ★**

નિકાહ થયા વિના કોઈ સ્ત્રીથી શારીરિક સંબંધ રાખવો ઝિના કહેવાય છે. ઝિના એ ખૂબ જ મોટો ગુનોહ છે જે અલ્લાહ તઆલાના ગઝબ અને તેના અઝાબનું

કારણ બને છે. કોઈ નેક અને અક્કલવાળો મનુષ્ય એને પસંદ નથી કરી શકતો. આ એક એવું અપ્રાકૃતિકનું કામ છે જે મનુષ્યને અપમાનના ખાડામાં ધકેલી દે છે અને સમાજ માટે ઘણી જ ખરાબીઓ અને બર્બાદીઓનો સબબ બની શકે છે. કુર્આને કરીમમાં અને હદીષમાં આના વિશે ખૂબ જ બુરાઈઓ અને ચેતવણીઓ આવેલી છે.

### ★ ઝિનાની નઝદીક પણ ન જાવ ! ★

અલ્લાહ તબારક વ તઆલા કુર્આન મજીદમાં ઈર્શાદ ફર્માવે છે :–

وَلَا تَقْرَبُوا الزِّنٰٓى اِنَّهٗ كَانَ فَاحِشَةً وَسَآءَ سَبِيْلًا ○ "અને ઝિનાની નઝદીક ન જાવ. બેશક ! એ બેહયાઈ અને ખૂબ જ બુરો રસ્તો છે." *(સૂરએ બની ઈસ્રાઈલ, આ. ૩૨)*

આ આયતમાં તો અલ્લાહ તઆલાએ ઝિનાથી નજીક પણ જવાની મનાઈ કરી છે કે દરેક એ વાત અને કામ જે ઝિનાની નજીક લઈ જાય તેનાથી બચો.

### ★ ઝિના (વ્યભિચાર)ની સજા ★

ઝિના કેટલો ગંભીર ગુનોહ છે તેનો અંદાજ તેના પર ક઼ાયમ થવાવાળી હદ (ક઼ાનૂન)થી કરી શકાય છે. અલ્લાહ તબારક વ તઆલા ફર્માવે છે :–

اَلزَّانِيَةُ وَالزَّانِيْ فَاجْلِدُوْا كُلَّ وَاحِدٍ مِّنْهُمَا مِائَةَ جَلْدَةٍ وَّلَا تَاْخُذْكُمْ بِهِمَا رَاْفَةٌ فِيْ دِيْنِ اللّٰهِ اِنْ كُنْتُمْ تُؤْمِنُوْنَ بِاللّٰهِ وَالْيَوْمِ الْاٰخِرِ وَلْيَشْهَدْ عَذَابَهُمَا طَآئِفَةٌ مِّنَ الْمُؤْمِنِيْنَ.

"જે સ્ત્રી વ્યભિચારી હોય અને જે પુરૂષ, તો એમનામાં દરેકને એકસો કોરડા મારો અને તમને તેમના પર દયા આવે નહીં, અલ્લાહના દીનમાં જો તમે ઈમાન લાવતા હોય અલ્લાહ પર અને પાછલા દિવસ પર, અને જોઈએ કે તેમની સજા સમયે મુસલમાનોનું એક જનસમૂહ હાજર રહે." *(સૂરએ નૂર, આ. ૨)*

આ હદ (શિક્ષા) એ સમયે છે જ્યારે કોઈ નિકાહ વગરનું ઝિના (વ્યભિચાર) કરે અને જો કોઈ શાદી કરેલ ઝિના કરે તો હદીષના હુકમ પ્રમાણે તેનો સંગસાર કરી (પથ્થર મારો કરી) હલાક઼ કરી દેવામાં આવશે.

## ★ ઝિના કરવાવાળો ઝિના કરે ત્યારે મો'મિન નથી રહેતો ★

હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہથી મરવી છે. નબીએ અકરમ علیہ الصلوٰۃ والسلامએ ઈર્શાદ ફર્માવ્યો :–

لَا يَزْنِي الزَّانِي حِيْنَ يَزْنِي وَهُوَ مُؤْمِنٌ وَلَا يَسْرِقُ السَّارِقُ حِيْنَ يَسْرِقُ وَهُوَ مُؤْمِنٌ وَلَا يَشْرَبُ الْخَمْرَ حِيْنَ يَشْرَبُهَا وَهُوَ مُؤْمِنٌ۔

''જ્યારે ઝિના કરવાવાળો ઝિના કરે છે તો તે સમયે મો'મિન નથી રહેતો અને જ્યારે શરાબી દારૂ પીએ છે તો તે સમયે તે મો'મિન નથી રહેતો.''

*(સહીહ બુખારી, ૩/૧૩૬)*

## ★ ઝિનાખોરની દુઆ કબૂલ થતી નથી ★

હઝરત ઉષ્માન બિન આસ رضی اللہ عنہથી મરવી છે કે નબીએ કરીમ علیہ الصلوٰۃ والسلامએ ઈર્શાદ ફર્માવ્યો :–

تُفْتَحُ اَبْوَابُ السَّمَاءِ نِصْفَ اللَّيْلِ فَيُنَادِيْ مُنَادٍ: هَلْ مِنْ دَاعٍ فَيُسْتَجَابَ لَهٗ؟ هَلْ مِنْ سَائِلٍ فَيُعْطٰى؟ هَلْ مِنْ مَكْرُوْبٍ فَيُفَرَّجَ عَنْهُ؟ فَلَا يَبْقٰى مُسْلِمٌ يَّدْعُوْ بِدَعْوَةٍ اِلَّا اسْتَجَابَ اللهُ عَزَّوَجَلَّ لَهٗ اِلَّا زَانِيَةً تَسْعٰى بِفَرْجِهَا اَوْ عَشَّارًا۔

''આસ્માનના દરવાજા અડધી રાત્રે ખોલી આપવામાં આવે છે, અને એક પુકારવાવાળો (ફરિશ્તો) અવાજ આપે છે કે શું કોઈ દુઆ કરવાવાળો છે કે તેની દુઆ કબૂલ કરી લેવામાં આવે. શું કોઈ માગવાવાળો છે તેને આપી દેવામાં આવે છે ? શું કોઈ મુસીબતમાં સપડાયેલ કે તેની મુશ્કેલી દૂર કરી આપવામાં આવે ? તો કોઈ એવો મુસલમાન બંદો નથી જેની દુઆ અલ્લાહ તઆલા કબૂલ ન ફર્માવે, સિવાય ઝિના કરવાવાળી જે ઝિના કરી કમાણી કરે છે અથવા નાજાઈઝ ટેક્ષ લેવાવાળો કે તેમની દુઆ કબૂલ નથી થતી.'' *(અલ મુઅજમુલ અવસત, ૩/૧૫૪)*

આ તે સમયે જ્યારે ઝિના (વ્યભિચાર) પર કાયમ રહે. જો સાચા દિલથી તૌબા કરી લે તો તેની દુઆ કબૂલ કરી લેવામાં આવે છે અને પછી દુઆ પણ કબૂલ થાય છે. અલ્લાહ તબારક વ તઆલા શિર્કના સિવાય દરેક જ ગુનાહની મગફિરત ફર્માવે છે.

## ★ વૃદ્ધ વ્યભિચારી રહ્મતની નઝરથી દૂર થઈ જાય છે ★

કોઈ નવજવાનથી ઝિનાનું કામ થઈ જાય તો બુરુ છે પરંતુ જો કોઈ ઉમરવાળા (વૃદ્ધ)થી થાય તો ખૂબ જ બુરુ છે. કેમ કે નવજવાન વધારે વાસનાવાળો હોય છે પરંતુ આધેડ ઉમરવાળી વ્યક્તિ પર એવો ગલ્બો નથી હોતો.

હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہماથી મરવી છે કે નબીએ કરીમ علیہ الصلوٰۃ والسلامએ ઈર્શાદ ફર્માવ્યો : لَا يَنْظُرُ اللّٰهُ اِلَى الْاُشَيْمِطِ الزَّانِيْ "અલ્લાહ તઆલા આધેડ ઉમરમાં ઝિના કરવાવાળા શખ્સ ઉપર રહ્મતની નજર નથી ફર્માવતો."

*(અલ્ મુઅજમુલ કબીર લિત્તબ્રાની, ૧૨/૩૦૬)*

## ★ ચાર પ્રકારના લોકોથી અલ્લાહની નારાઝગી ★

હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہથી મરવી છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું :

اَرْبَعَةٌ يُّبْغِضُهُمُ اللّٰهُ: اَلْبَيَّاعُ الْحَلَّافُ وَالْفَقِيْرُ الْمُخْتَالُ وَالشَّيْخُ الزَّانِيْ وَالْاِمَامُ الْجَائِرُ

"ચાર પ્રકારના લોકો એવા છે જેનાથી અલ્લાહ તઆલા ખૂબ જ નારાઝગી ફર્માવે છે : (૧) ખૂબ જ કસમો ખાઈ ખાઈને વેચવાવાળો. (૨) ઘમંડ કરવાવાળો. (૩) વૃદ્ધ વ્યભિચારી. (૪) જુલ્મ કરવાવાળો ઈમામ (બાદશાહ)."

*(સુનને નિસાઈ, ૧/૮૬)*

## ★ વૃદ્ધ વ્યભિચારી જન્નતથી વંચિત ! ★

તમે જોયું કે વૃદ્ધાવસ્થામાં ઝિના કરવાવાળો બુરો અને તેની સજા રહ્મતની નજરથી વંચિત થવું છે. જો વૃદ્ધથી ઝિના થાય તો તે એનાથી બુરુ છે. એવો શખ્સ જન્નતથી વંચિત કરી આપવામાં આવશે.

હઝરત સલ્માન ફારસી رضی اللہ عنہથી મરવી છે. રસૂલુલ્લાહ ﷺએ ઈર્શાદ ફર્માવ્યો :– ثَلَاثَةٌ لَّا يَدْخُلُوْنَ الْجَنَّةَ اَلشَّيْخُ الزَّانِيْ وَالْاِمَامُ الْكَذَّابُ وَالْعَائِلُ الْمَزْهُوُّ

"ત્રણ પ્રકારના લોકો જન્નતમાં દાખલ થશે નહીં : (૧) વૃદ્ધ વ્યભિચારી (૨) જૂઠો ઈમામ (બાદશાહ) હાકિમ (૩) ખુદપસંદી કરવાવાળો ફકીર."

*(અત્તરગીબ વત્તરહીબ, ૩/૧૮૯)*

# લવાતત (સૃષ્ટિ વિરુધ્ધ કૃત્ય)

'લવાતત'નો મતલબ એ છે કે પુરૂષ પુરૂષથી શારીરિક સંબંધ કાયમ કરે. આજકાલ કેટલાક પશ્ચિમી દેશોમાં બેહયાઈની હદ પાર કરતા કરતા પુરૂષો આપસમાં સંબંધ જોડતા પણ તેની સાથે સાથે સ્ત્રીઓમાં પણ એકબીજા સાથે શારીરિક સંબંધ અને શાદીનો રિવાજ ચાલી નીકળ્યો છે ! આ બેહયાઈવાળુ કામ પણ આમાં સમાયેલું છે. લવાતત એક તર્બિયતની વિરુદ્ધ અને ખૂબ જ નાપસંદ કામ છે જે અલ્લાહ ﷻના ગઝબનું કારણ છે. લવાતતના વિશે કુર્આન અને હદીષમાં ખૂબ જ બુરાઈઓ અને અઝાબની ચેતવણીઓ આવી છે.

### ★ લવાતતની શરૂઆત ★

આ કામની શરૂઆત સૌ પ્રથમ હઝરત લૂત علیہ السلامની કૌમે કરી. આ પહેલા આ કૃત્યનું અસ્તિત્વ જ ન હતું. આ ખરાબ કૃત્યની શરૂઆત કઈ રીતે થઈ તેના વિશે સાહિબે રૂહુલ બયાને લખ્યું છે :–

સદૂમ શહેર જ્યાં કૌમે લૂત આબાદ હતી ત્યાંની વસ્તી ખૂબ જ આબાદ તથા લીલછમ ખીલેલી હતી અને ત્યાં વિવિધ પ્રકારનાં અનાજ અને વિવિધ પ્રકારનાં ફ્રૂટ અને મેવા ખૂબ જ પ્રમાણમાં થતા હતા. શહેરની ખુશહાલી જોઈને ઘણા લોકો મહેમાન બનીને તેમની વસ્તીમાં આવન જાવન કરતા હતા અને શહેરના લોકોને તેમની મહેમાન નવાઝી કરવી પડતી હતી. એટલા માટે તે શહેરના લોકો મહેમાનોના આવવાથી કંટાળી ગયા હતા. પરંતુ, મહેમાનોને રોકવા અને ભગાડવા માટેનું કોઈ કારણ જોવાતુ ન હતું. આ પરિસ્થિતિમાં શૈતાન એક વૃદ્ધની સૂરતમાં જાહેર થયો અને એ લોકોને કહેવા લાગ્યો કે જો તમે મહેમાનોના આવવાથી છૂટકારો પામવા ચાહતા હોવ તો તેનો રસ્તો એ છે કે જ્યારે પણ કોઈ મહેમાન તમારી વસ્તીમાં આવે તો તમે લોકો જબરદસ્તીથી તેણી સાથે ખરાબ કૃત્ય કરો. જેથી સૌ પ્રથમ શૈતાન એક ખૂબ સુરત સ્ત્રીની શક્કલમાં મહેમાન બનીને એ વસ્તીમાં દાખલ થયો અને તે લોકોથી ખૂબ જ ખરાબ કૃત્ય કરાવ્યું. આ રીતે આ ખરાબ કામ તેમણે શૈતાનથી શીખ્યું. પછી સમય જતાં જતાં આ ખરાબ કામની તેમને એવી આદત

પડી ગઈ કે સ્ત્રીઓને છોડી પુરૂષોથી પોતાની શહવત પૂરી કરવા લાગ્યા.

*(રૂહુલ બયાન, ૩/૧૯૭)*

## ★ લવાતતની બુરાઈ કુર્આન વ હદીષની રોશનીમાં ★

અલ્લાહ તબારક વ તઆલાએ મનુષ્યને બનાવ્યા અને તેમાં વાસનાનો માદ્દો રાખ્યો પછી તેને પૂર્ણ કરવા માટે ઔરતને બનાવી અને તેનાથી ફાયદો ઉઠાવવા માટે કેટલાક કાયદા કાનૂન બનાવ્યા અને સ્ત્રી પુરૂષના વચ્ચે સંબંધના માટે નિકાહનું જાઈઝ અને કુદરતી માર્ગ આપ્યો, જેથી શહવત પણ પૂરી થાય અને ઈન્સાનની નસ્લ (પેઢી) ચાલતી રહે. પરંતુ, મનુષ્ય શૈતાનની ધોકામાં આવી ખુદાએ આપેલ જાઈઝ તરીકાનો ઉપયોગ કરવાની જગ્યાએ પોતાની વાસનાનો ખોટી રીતે ઉપયોગ કરવા લાગ્યો. જેના કારણે સમાજ અને સોસાયટીમાં ફિત્નો, ફસાદ, બેહયાઈ અને બેશરમી આમ થઈ ગઈ. ઈસ્લામે સમાજને સાફ સુથરો કરવા અને સમાજને પાક કરવા માટે આવા બેહૂદા અને ખરાબ કામથી લોકોને રોકયા છે અને તેનાથી થવાવાળા દુનિયા અને આખિરતના નુકસાન અને ભયાનક અંજામથી વાકેફ કર્યા છે. તેની બુરાઈ અને ચેતવણીઓના વિશે કેટલીક હદીષો અહીંયાં બયાન કરવામાં આવી રહી છે.

## ★ કામ કરવાવાળાને કતલ કરી દો ★

હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી મરવી છે કે હુઝૂર علیہ الصلوۃ والسلام એ ઈર્શાદ ફર્માવ્યો : مَنْ وَجَدْتُمُوْهُ يَعْمَلُ عَمَلَ قَوْمِ لُوْطٍ فَاقْتُلُوا الْفَاعِلَ وَالْمَفْعُوْلَ بِهٖ ''જો તમે લૂતની કૌમ (લોકો) જેવો અમલ કરતા જુઓ તો કરનાર અને કરાવનાર બંનેને કતલ કરી આપો.'' *(જામેઅ તિર્મિઝી, ૪/૫૪)*

એ ઈસ્લામ ધર્મ જેની તા'લીમ એ છે કે એક જાનને કત્લ કરવું પૂરેપૂરી ઈન્સાનિયતને કતલ કરવાની જેમ છે, એક જાનને બચાવવું પૂરેપૂરી ઈન્સાનિયતને બચાવવા બરાબર છે. જેમ કે અલ્લાહ તબારક વ તઆલા ઈર્શાદ ફર્માવે છે :–

مَنْ قَتَلَ نَفْسًا بِغَيْرِ نَفْسٍ اَوْ فَسَادٍ فِي الْاَرْضِ فَكَاَنَّمَا قَتَلَ النَّاسَ جَمِيْعًا وَمَنْ اَحْيَاهَا فَكَاَنَّمَا اَحْيَا النَّاسَ جَمِيْعًا

"જેણે કોઈ જીવને કત્લ કર્યો જાનના બદલા વિના અથવા જમીન ઉપર ઝઘડો કર્યો તો જાણે તેણે બધા જ લોકોને કત્લ કર્યા અને જેણે એક જીવને જીવન આપ્યું તેણે જાણે બધા જ લોકોને જીવન આપ્યું." *(સૂરએ માઈદહ, આ. ૩૨)*

પોતાની આ તા'લીમ હોવા છતાં ઈસ્લામે આ અમલ કરવાવાળા અને કરાવવાવાળા બંનેને ઈસ્લામી હુકૂમત કાયમ હોય તો કત્લ કરવાનો હુકમ આપ્યો. તેનું કારણ એ જ છે કે આ કામ ખૂબ જ બુરુ, સૃષ્ટિ વિરુદ્ધ, અને બીમારીઓનું કારણ અને પેઢીઓને બર્બાદ કરવવાવાળુ છે.

## ★ લૂત કૌમની સાથે હશ્ર ★

હઝરત વકીઅ્ رضي الله عنهથી મરવી છે કે જે શખ્સ લૂત કૌમની જેમ અમલ કરતો મૃત્યુ પામશે તો તેની કબ્રને લૂત કૌમમાં પહોંચાડી આપવામાં આવશે અને તેનો હશ્ર લૂત કૌમ સાથે થશે. *(કન્ઝુલ ઉમ્માલ, ૫/૧૮૮)*

## ★ લૂત લોકો લા'નત કરેલા (મલઊન) છે ★

હઝરત અમ્ર બિન ઉમર رضي الله عنهથી રિવાયત છે કે જે કૌમ લૂત કૌમનો અમલ કરે તે મલઊન લોકો છે. *(જામેઅ તિર્મિઝી, ભાગ : ૧, પેજ : ૧૭૬)*

હઝરત અબૂ સઈદ ખુદરી رضي الله عنهથી મરવી છે કે આખરી જમાનામાં કેટલાક લોકો હશે જે લૂતી કહેવામાં આવશે અને તે ત્રણ પ્રકારના હશે :–

એક તો તે જેઓ ફકત છોકરાઓની સૂરતો જોશે અને તેમનાથી વાતચીત કરશે. બીજા એ જે છોકરાઓ સાથે મુસાફો અને ગળે મળશે. ત્રીજા એ લોકો હશે જે છોકરાઓ સાથે ખરાબ કૃત્ય કરશે. એ બધા પર અલ્લાહની લા'નત ! પરંતુ જે લોકો તૌબા કરી લેશે અલ્લાહ તબારક વ તઆલા તેમની તૌબાને કબૂલ ફર્માવશે અને તે લા'નતથી બચી જશે. *(કન્ઝુલ ઉમ્માલ, ૫/૧૫૫)*

લા'નતનો અર્થ છે અલ્લાહની રહ્મતથી દૂર થઈ જવું અને મલઊનનો અર્થ છે જેને અલ્લાહ તઆલાએ પોતાની રહ્મતથી દૂર કરી દીધા હોય. પ્રથમ હદીષમાં મુત્લક (કોઈની સાથે પણ) દુષ્કર્મ કરવાવાળાની બુરાઈ બયાન કરવામાં આવી છે. પરંતુ, બીજી હદીષ શરીફમાં કોઈ ખૂબસૂરત છોકરાના ચહેરાને વાસનાથી

જોવું, તેનાથી વાસના સાથે વાતચીત કરવી અને તેની સાથે મુસાફો કરવો તેમજ ગળે લગાવવાને પણ લા'નતના કામોમાં ગણવામાં આવેલ છે. કેટલાક લોકો અમરદ (કમઉમર છોકરો જેને જોઈને વાસના પેદા થાય) સાથે વાતચીત કરવી, તેની સાથે મુસાફો અને ગળે મળવાનું પસંદ કરે છે. તેમનો ચહેરો જોઈને પોતાના દિલને સુકૂન પહોંચાડે છે. આ બધી ચીજો લોંડાબાજીની તરફ ખેંચે છે એટલા માટે રસૂલુલ્લાહ ﷺએ આ ચીજોને લા'નતના કામોમાં સામેલ કરી છે.

## ★ હુઝૂર ﷺને પોતાની ઉમ્મત માટે ડર ★

હઝરત જાબિર બિન અબ્દુલ્લાહ رضی اللہ عنہ ફર્માવે છે કે હુઝૂર ﷺએ ફર્માવ્યું :

اِنَّ اَخْوَفَ مَا اَخَافُ عَلٰی اُمَّتِیْ عَمَلُ قَوْمِ لُوْطٍ۔

"સૌથી વધારે મુસીબતની વાત જેનાથી મને મારી ઉમ્મત માટે ડર છે એ લૂત ક઼ૌમનો અમલ છે." (કે આ લોકો લવાતતમાં સપડાઈને ખુદાના સખત તરીન અઝાબમાં સપડાય ન જાય) *(જામેઅ તિર્મિઝી, ૪/૫૭)*

હઝરત જાબિર رضی اللہ عنہની રિવાયત કરેલ ઉપરની હદીષ શરીફમાં ખાસ કરીને નબીએ કરીમ علیہ الصلوٰۃ والسلامનું પોતાની ઉમ્મત માટે આ ખરાબ કૃત્યમાં સપડાઈ જવાનો ડર જાહેર કરવું એ એ વાત પર દલીલ બને છે કે બીજા ખરાબ કામોના મુકાબલામાં ક઼ૌમે લૂતનો અમલ (કામ) ખૂબ જ બુરો અને તેને કરવાવાળો અલ્લાહના ઘણા જ અઝાબ અને સજાનો હક઼્ક઼દાર બને છે. જેમ કે એક જગ્યાએ નબીએ કરીમ علیہ الصلوٰۃ والسلامએ સ્પષ્ટ શબ્દોમાં ફર્માવ્યું કે અલ્લાહ તઆલાની નજીક નુત્ફાને હરામકારીમાં ખર્ચ કરવાથી બુરો કોઈ ગુનોહ નથી.

## ★ અલ્લાહ તઆલા રહ઼મની નજર નહીં કરે ! ★

હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما ફર્માવે છે કે હુઝૂર علیہ الصلوٰۃ والسلامએ ઈર્શાદ ફર્માવ્યો : لَا يَنْظُرُ اللّٰهُ اِلٰی رَجُلٍ اَتٰی رَجُلًا اَوِ امْرَأَةً فِیْ دُبُرِهَا۔ "અલ્લાહ તે શખ્સ તરફ રહ઼મની નજર નહીં કરે જેણે મનુષ્ય અથવા સ્ત્રીથી પાછળના મક઼ામથી વતી (સંભોગ) કરી હશે." *(મિશ્કાતુલ મસાબીહ, ભાગ : ૨, પેજ : ૧૦૫૫)*

### ★ લૂતી પર મખ્લૂક઼ાતનો ગુસ્સો ★

હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہما ફર્માવે છે કે, રસૂલે અકરમ ﷺએ ઈર્શાદ ફર્માવ્યો :–

''કોઈ નર, નરની સાથે સૃષ્ટિ વિરુદ્ધનું કૃત્ય કરે તો તે લૂત ક઼ૌમમાં લખાઈ જાય છે અને લૂત ક઼ૌમ જેવો બની જાય છે. અને જ્યારે નર, નર વ્યક્તિ સાથે ખરાબ કૃત્ય કરે તો અલ્લાહનો અર્શ કાંપી ઉઠે છે જેનાથી ફરિશ્તાઓને કરનાર તથા કરાવનારા ખૂબ જ ધૃણાજનક ગુનાહની ખબર થઈ જાય છે. તો તે અર્ઝ કરે છે, હે અલ્લાહ ! તું જમીનને હુકમ નથી આપતો કે તે તેને સજા આપે ? (એટલે કે તેને ધસાવી દે !) અને આસમાનોને હુકમ નથી આપતો કે તેના પર કાંકરા વરસાવે ? તો અલ્લાહ તબારક વ તઆલા ફર્માવે છે, હું રહમ કરવાવાળો છું, મારાથી કોઈ વસ્તુ છુપાયેલ નથી.'' *(ઝમ્મુલ હવા લિ ઈબ્ને જવઝી, પેજ : ૧૯૯)*

## નજરોની હિફાઝત

નજરની હિફાઝત વિશે અલ્લાહ તઆલાએ કુર્આન મજીદમાં પુરૂષો માટે હુકમ ફર્માવ્યો :–

قُلْ لِّلْمُؤْمِنِيْنَ يَغُضُّوْا مِنْ اَبْصَارِهِمْ وَ يَحْفَظُوْا فُرُوْجَهُمْ ذٰلِكَ اَزْكٰى لَهُمْ اِنَّ اللّٰهَ خَبِيْرٌۢ بِمَا يَصْنَعُوْنَ۝

''મુસલમાન પુરૂષોને કહી દો કે તે પોતાની નિગાહોને નીચી રાખે અને પોતાની શર્મગાહોની હિફાઝત કરે. આ તેમના માટે ખૂબ જ સુથરુ છે. બેશક ! અલ્લાહ તઆલાને તેમના કામોની ખબર છે.'' *(સૂરએ નૂર, આ. ૩૦)*

આયતના શરૂઆતના ભાગમાં મો'મિનને અદબ શિખવવામાં આવ્યો છે કે તે એ જ વસ્તુ તરફ નજર કરે જેને જોવું જાઈઝ છે. એનાથી એ પણ જાણવા મળ્યું કે નજરોને નીચી રાખવી એ શરૂઆત છે અને શર્મગાહની હિફાઝત કરવી એ અંત છે. નજરોની નીચી રાખવામાં ફાયદો એ છે કે દિલમાં પાકી આવશે અને ગુનાહનો વસવસો નહીં આવે. અને અંતમાં એ ચેતવણી પણ આપી કે જે બંદાએ આ હિદાયત પર ધ્યાન ન આપ્યું તો, યાદ રાખે કે અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝત ગાફિલ નથી એ

તેમના તમામ કામોથી પરિચિત છે.

પછી એ જ પ્રમાણે મુસલમાન ઔરતને અલ્લાહ તબારક વ તઆલાએ હુકમ આપ્યો, ઈર્શાદ ફર્માવે છે : وَقُلْ لِّلْمُؤْمِنٰتِ يَغْضُضْنَ مِنْ اَبْصَارِهِنَّ وَيَحْفَظْنَ فُرُوْجَهُنَّ۔

''અને મુસલમાન સ્ત્રીઓને હુકમ આપો કે તેણીઓ તેમની નજરો કાંઈક નીચી રાખે અને પોતાની ઈજ્જતની હિફાઝત કરે.'' *(સૂરએ નૂર, આ. ૩૧)*

હુઝૂર علیہ الصلوٰۃ والسلام ઈર્શાદ ફર્માવે છે : غَضُّوْا اَبْصَارَكُمْ وَاحْفَظُوْا فُرُوْجَكُمْ

''પોતાની નિગાહોને નીચી રાખો અને પોતાની શર્મગાહોની હિફાઝત કરો !''

*(ઈમાલી બિન બશરાન, ૧/૧૨૩)*

## ★ નજર શૈતાનનું તીર છે ★

હદીષ શરીફમાં બુરી નજરને શૈતાનનું તીર કહેવામાં આવ્યું છે. જેમ કે નિગાહો પહેલાં બેહકે છે ત્યાર પછી મોટા ગુનાહ થઈ જાય છે. હુઝૂર ﷺ ઈર્શાદ ફર્માવે છે : اَلنَّظْرَةُ سَهْمٌ مَّسْمُوْمٌ مِّنْ سِهَامِ اِبْلِيْسَ۔ ''નજર ઈબ્લીસના તીરોમાંથી એક ઝહેરવાળુ તીર છે.'' *(અલ મુઅજમુલ કબીર લિત્તબ્રાની, ૧૦/૧૭૩)*

બીજી હદીષમાં ઈર્શાદ ફર્માવ્યો :–

فَالْعَيْنَانِ زِنَا هُمَا النَّظْرُ وَالْاُذُنَانِ زِنَا هُمَا الْاِسْتِمَاعُ وَاللِّسَانُ زِنَاهُ الْكَلَامُ وَالْيَدُ زِنَاهَا الْبَطْشُ وَالرِّجْلُ زِنَاهَا الْخُطَا وَالْقَلْبُ يَهْوٰى وَيَتَمَنّٰى وَيُصَدِّقُ ذٰلِكَ الْفَرْجُ اَوْ يُكَذِّبُهٗ

''આંખોનો ઝિના જોવું છે, કાનનો ઝિના સાંભળવું છે, જીભનો ઝિના વાત કરવી છે, હાથનો ઝિના પકડવું છે, પગનો ઝિના ચાલવું છે, દિલ આરઝૂ અને તમન્ના કરે છે અને શર્મગાહ તેને સમર્થન કરે છે અથવા જૂઠાડે છે.''

*(સહીહ મુસ્લિમ, ૧/૨૦૪)*

## ★ ઓચિંતી નજર માફ છે ★

ક્યારેક ક્યારે એવું પણ થાય છે કે રસ્તા પર ચાલતાં ચાલતાં કે આવતાં જતા ગેર મેહરમ સ્ત્રી સાથે નજર મળી જાય છે. આવા સમયના વિશે હઝરત અલી

كرم الله وجهه الكريم એ હુઝૂર ﷺથી સવાલ કર્યો તો આપ علیہ الصلوٰۃ والسلامએ ઈર્શાદ ફર્માવ્યો :

يَا عَلِيُّ لَا تُتْبِعِ النَّظْرَةَ النَّظْرَةَ فَإِنَّ لَكَ الْأُوْلٰى وَلَيْسَتْ لَكَ الْاٰخِرَةُ

"હે અલી ! એકવાર નજર પડયા બાદ બીજી વાર ન જુઓ કેમ કે તમારા માટે ફકત પ્રથમ નજર માફ છે, બીજી નહીં." *(જામેઅ તિર્મિઝી, ૫/૧૦૧)*

આનાથી જાણવા મળ્યું કે પ્રથમ નજર જે અચાનક પડી જાય એ માફ છે અને જો કોઈએ પ્રથમ નજર જાણી જોઈને નાખી તો એ પણ હરામ છે ! પ્રથમ નજર માફ હોવાનો મતલબ એ પણ નથી કે પ્રથમ નજર જ એટલી લાંબે સુધી હોય કે બીજીવાર જોવાની જરૂરત ન રહે ! માફી ત્યારે છે જ્યારે અચાનક નજર પડે અને તરત હટાવી લે.

## ★ ખરાબ નજરથી બચવા પર ઈમાનની મીઠાશ ★

હઝરત અબૂ ઉમામા رضی اللہ عنہથી મરવી છે કે રસૂલુલ્લાહ ﷺએ ઈર્શાદ ફર્માવ્યો :–

مَا مِنْ مُسْلِمٍ يَنْظُرُ اِلٰى مَحَاسِنِ الْمَرْأَةِ اَوَّلَ مَرَّةٍ ثُمَّ يَغُضُّ بَصَرَهٗ اِلَّا اَحْدَثَ اللّٰهُ لَهٗ عِبَادَةً يَّجِدُ حَلَاوَتَهَا

"કોઈ મુસલમાનની જ્યારે કોઈ સ્ત્રીની ખૂબસૂરતી પર નજર પડે, પરંતુ એ પોતાની નજરને નીચી કરી લે તો અલ્લાહ તઆલા તેની ઈબાદતમાં આનંદ અતા કરે છે." *(મિશ્કાતુલ મસાબીહ, ૨/૯૩૬)*

## ★ ખરાબ નજર કરવાવાળો મલઊન હોય છે ★

હુઝૂર રહ્‌મતે આલમ ﷺ ઈર્શાદ ફર્માવે છે :–

لَعَنَ اللّٰهُ النَّاظِرَ وَالْمَنْظُوْرَ اِلَيْهِ "અલ્લાહ તઆલા લા'નત કરે જોવાવાળા પર અને જોવાની તક આપવાવાળા પર." *(શોઅબુલ ઈમાન, ૧૦/૨૧૪)*

જે પુત્રીઓ સજીધજીને પર્દા વિના ગલી અને બજારોમાં ફરે છે અને જે લોકો તેમના તરફ લાલચ ભરેલી નજરોથી જુએ છે, એ બંનેવ અલ્લાહની લા'નતના હક્કદાર બને છે. ખરાબ નજર કરવાવાળાએ તૌબા કરવામાં વાર ન લગાડવી

જોઈએ, એવું ન થાય કે એક બાજુ મોત આવે અને બીજી બાજુ રહ્‌મતની જગ્યાએ લા'નતો થઈ રહી હોય.

### ★ ખરાબ નજરથી બચવાનું ઈનામ ★

જે વ્યક્તિ પોતાની નજરોની હિફાઝત કરે તેને આખેરતમાં બે ઈનામો મળશે. પ્રથમ તો એ કે દરેક નજરની હિફાઝત પર તેને અલ્લાહ તબારક વ તઆલાનો દીદાર નસીબ થશે. બીજુ એ કે આવી આંખો ક઼યામતના દિવસે રડવાથી બચેલી રહેશે. હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہથી મરવી છે કે હુઝૂર علیہ الصلوٰۃ والسلامએ ઈર્શાદ ફર્માવ્યો :–

كُلُّ عَيْنٍ بَاكِيَةٌ يَوْمَ الْقِيَامَةِ إِلَّا عَيْنٌ غَضَّتْ عَنْ مَحَارِمِ اللهِ وَعَيْنٌ سَهَرَتْ فِيْ سَبِيْلِ اللهِ وَعَيْنٌ خَرَجَ مِنْهَا مِثْلُ رَأْسِ الذُّبَابِ مِنْ خَشْيَةِ اللهِ.

''દરેક આંખ ક઼યામતના દિવસે રડશે, સિવાય કે તે આંખો જે ખુદાએ હરામ કરેલ ચીજોને જોવાથી બચે, અને એ આંખ કે જે ખુદાની રાહમાં જાગતી રહે અને એ આંખ કે જે ખુદાના ડરથી રડી તો તેનાથી માખીના માથા બરાબર આંસૂ નીકળ્યું.''

*(અત્તરગીબ વત્તરહીબ, ૨/૧૬૦)*

### ★ ખરાબ નજરનો ઈલાજ ★

આજના આ ફિત્નાઓના સમયમાં ઈન્ટરનેટ અને ટી.વી.ના કારણે ઘર ઘરમાં સિરીયલ અને ફિલ્મને માહોલ આમ થઈ ગયો છે. નગ્નતા અને બિભત્સપણાએ બધાને પોતાની લપેટમાં લઈ લીધા છે. નવયુવાન સ્ત્રીઓ સજીધજીને ગલી, બજારમાં અને રસ્તાઓ પર બેપર્દા જતી જોવા મળે છે. અખબાર અને મેગેઝિનમાં અર્ધી બલ્કે તેનાથી પણ વધારે નગ્નતા ભરેલા ફોટો છાપવા આમ વાત થઈ ગઈ છે. આવા સમયમાં નવજુવાન શું વૃદ્ધો માટે પણ પોતાની નજરોની હિફાઝત કરવાનો એક મસ્અલો બની ગયો છે. પરંતુ જેના દિલમાં હિદાયતનું નૂર હાજર છે તેઓ આ ગુનાહથી પોતે પણ બચે છે અને બીજાઓને પણ બચાવે છે. હવે અમે આ મોટા ગુનાહથી બચવાના કેટલાક ઉપાયો કુર્આન અને હદીષથી રજૂ કરીએ છીએ જેથી મુસલમાન પોતાને આ ગુનાહથી બચાવી શકે.

**★ ખરાબ નજરનો ઈલાજ કુર્આન મજીદની રોશનીમાં ★**

ખરાબ નજરથી બચવા માટે કુર્આન મજીદની રોશનીમાં સાત ઉપાયો નીચે આપ્યા છે :–

**(૧)** અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝત ઈર્શાદ ફર્માવે છે :–

قُلْ لِّلْمُؤْمِنِيْنَ يَغُضُّوْا مِنْ اَبْصَارِهِمْ "મુસલમાન મર્દોને હુકમ આપો કે તે પોતાની નિગાહોને નીચી રાખે." *(સૂરએ નૂર, આ. ૩૦)*

ખરાબ નજરનો સૌથી સારો ઈલાજ પોતાની નજરોને નીચી રાખવી છે. બસ એક મુસલમાને ગલી, કુચા, બજારમાં ચાલતાં ચાલતાં પોતાની નજરોને નીચી રાખવાની આદત બનાવે, કોઈના ચહેરા તરફ નજર ન ઉઠાવે. કેમ કે ફિત્નાની શરૂઆત અહીંયાથી જ થાય છે. જો નજર ભૂલ કરે તો ઈસ્તિગફાર પઢો અને પછી નિગાહોને નીચી કરી લો. આ આદતને અપનાવવાની કોશિશ કરતા રહો. ત્યાં સુધી કે આ જિંદગીનો હિસ્સો બની જાય. જો ઓફિસના કામ માટે ખરીદ વેચાણના સમયે સ્ત્રી સાથે જરૂરી વાત કરવી પડે તો તેના ચહેરા તરફ નજર ન કરો.

**(૨)** બીજી જગ્યાએ અલ્લાહ તબારક વ તઆલા ઈર્શાદ ફર્માવે છે :–

فَانْكِحُوْا مَا طَابَ لَكُمْ مِّنَ النِّسَآءِ "તો નિકાહમાં લાવો જે ઔરતો તમને પસંદ પડે." *(સૂરએ નિસાઅ, આ. ૩)*

જેટલુ જલ્દી બની શકે દીનદાર, આજ્ઞાંકિત, ખૂબસૂરત સ્ત્રીની સાથે શાદી કરી લો જેથી જાતીય જરૂરત પૂરી થઈ શકે. કેમ કે નજરને પાક રાખવાનો માર્ગ એ છે કે શાદી કરી લે અને અલ્લાહ તબારક વ તઆલાથી પાક નજર મળે એવી દુઆ કરે. જ્યારે મોકો મળે પોતાની પત્નીના ચહેરાને મહોબ્બતની નજરથી જુએ. અલ્લાહ તબારક વ તઆલાનો શુક્ર અદા કરે કે જો આ નેઅમત ન મળતી તો કેટલી મુસીબત પડતી.

**(૩)** અલ્લાહ તબારક વ તઆલા ઈર્શાદ ફર્માવે છે :–

اِنَّ الَّذِيْنَ اتَّقَوْا اِذَا مَسَّهُمْ طٰٓئِفٌ مِّنَ الشَّيْطٰنِ تَذَكَّرُوْا فَاِذَا هُمْ مُّبْصِرُوْنَ ○

"બેશક ! તેઓ જે ડરવાવાળા છે જ્યારે તેમને કોઈ શૈતાની ખયાલની ઠેસ

પહોંચે છે તો સાવધાન થઈ જાય છે અને તે જ સમયે તેમની આંખો ખુલી જાય છે.''

*–(સૂરએ અઅ્રાફ, આ. ૨૦૧)*

આ આયતે મુબારકાથી એ વાત સ્પષ્ટ થાય છે કે જ્યારે પણ શૈતાન મનુષ્ય પર હુમલો કરે અને દિલમાં ગુનાહનો વસવસો નાખે તો ઝિક્ર કરીને પોતાનો બચાવ કરે. જેથી બજારમાં પસાર થાવ ત્યારે ઝિક્ર એહતેમામ (વ્યવસ્થા) કરે. શક્ય છે હાથમાં તસ્બીહ રાખવું શક્ય ન હોય તો કમસે કમ દિલમાં ઝિક્ર કરતો રહે. બેદરકારી ગુનાહની શરૂઆત છે. ઝિક્ર કરી બેદરકારીને દૂર કરો. ઝિક્રનું નૂર ધીરે ધીરે દિલમાં એવી લિજ્જત પેદા કરશે કે ગૈરની તરફ આંખ ઉઠાવી જોવાનું પણ મન નહીં થાય.

**(૪)** અલ્લાહ તબારક વ તઆલા ઈર્શાદ ફર્માવે છે :–

اَلَمْ يَعْلَمْ بِاَنَّ اللّٰهَ يَرٰى ''તો શું હાલ થશે, શું નથી જાણ્યું કે અલ્લાહ જોઈ રહ્યો છે.'' *(સૂરએ અલક઼, આ. ૧૪)*

નફ્સ જ્યારે પણ નામેહરમ તરફ જોવાની ઈચ્છા કરે તો તરત વિચારો કે અલ્લાહ મને જોઈ રહ્યો છે તો નજરોને કાબૂમાં રાખવી સરળ થઈ જશે. તેનું ઉદાહરણ આ પ્રમાણે સમજો કે જો તે સ્ત્રીનો પિતા કે પતિ આપણી બાજુ જોઈ રહ્યો હોય તો શું આપણી નજર એ સમયે પણ તે સ્ત્રીના ચેહરાની બાજુ ઉઠી શક્શે ?! આપણને ડર લાગશે કે આ સ્ત્રીનો પતિ કે પિતા આપણી ઉપર ખૂબ જ ગુસ્સે થશે, બની શકે કે આપણી સાથે ઝઘડો કરી લેશે. આ જ પ્રમાણે એ વિચારવું જોઈએ કે જ્યારે અલ્લાહ તબારક વ તઆલા આપણને જોઈ રહ્યો છે અને તેણે આપણને રોકયા છે કે ગેર મેહરમ બાજુ નજર ન ઉઠાવો. તેમ છતાંય આપણે જો જોઈશું તો ખરેખર આપણો પરવરદિગાર આપણાથી નારાજ થશે. અને તેને જલાલ આવશે અને તેણે આપણી પકડ કરી તો આપણુ શું થશે ?!

**(૫)** અલ્લાહ તબારક વ તઆલા ઈર્શાદ ફર્માવે છે :–

وَالَّذِيْنَ جَاهَدُوْا فِيْنَا لَنَهْدِيَنَّهُمْ سُبُلَنَا ''અને જેણે અમારા રસ્તામાં કોશિશ કરી જરૂર અમે તેમને અમારો રસ્તો બતાવીશું.'' *(સૂરએ અનકબૂત, આ. ૬૯)*

મુફસ્સિરીને કિરામે લખ્યું છે કે શરીઅત પર અમલ કરવા માટે નફ્સના

વિરુદ્ધ કામ કરવાને મુજાહિદો કહે છે. એ સત્ય છે કે મુજાહિદાથી મુશાહિદો (દીદાર) નસીબ થાય છે. માટે જ્યારે પણ નફ્સ ગેર મેહરમ તરફ જોવાનો ઈરાદો કરે તો પોતાના મજબૂત ઈરાદાથી તેની વિરુદ્ધ કરે. દિમાગથી વિચારે કે આ મુજાહિદાના બદલામાં મને હક઼ીક઼ી મહબૂબ અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝતનો મુશાહિદો નસીબ થશે. આમ પણ આ મજાહિદો કેટલીક ક્ષણ માટે હોય છે જ્યારે મુશાહિદાની ચાસણી (લિજ્જત) હમેશાં માટે હશે. યાદ રાખો કે આ નફ્સના કાબૂના નૂરથી દિલ ખૂબ જ ઝડપી સાફ થાય છે. તસ્બીહના દાણા તેનો મુકાબલો કરી શકતા નથી. હિંમત હારવાથી સમસ્યા પૂર્ણ થતી નથી, હિંમત કરવાથી સમસ્યા હલ થાય છે. બસ, પોતાના નફ્સ પર દબાવ નાખે અને તેના પર શરીઅતનો પ્રતિબંધ લગાડે જેથી ક઼યામતના દિવસે સઆદતનો હાર પહેરવાનો નસીબ થાય.

**(૬)** અલ્લાહ તબારક વ તઆલા ઈર્શાદ ફર્માવે છે :–

اِنَّ اللّٰهَ يَاْمُرُكُمْ اَنْ تُؤَدُّوا الْاَمٰنٰتِ اِلٰٓى اَهْلِهَا ''બેશક ! અલ્લાહ તઆલા તમને હુકમ આપે છે કે અમાનતો જેમની છે તેમને સોંપી દો.'' *(સૂરએ નિસાઅ, આ. ૫૮)*

પોતાના દિમાગમાં વિચાર બેસાડી આપો કે મારી આંખો અલ્લાહની આપેલી અમાનત છે. મારે આ અમાનતને અલ્લાહના હુકમ મુજબ ઉપયોગ કરવાની છે, જો તેના વિરુદ્ધ કર્યું તો અમાનતના ખયાનત કરવામાં જોડાઈ જઈશ. સામાન્ય નિયમ છે કે જે એકવાર અમાનતમાં ખયાનત કરવામાં સપડાઈ તો બીજીવાર તેને અમાનત સોંપવામાં નથી આવતી. એવું ન બને કે દુનિયામાં અલ્લાહ તઆલાએ આપેલ રોશની (જોવાની દષ્ટિ)ને ગેર મેહરમને જોવામાં ઉપયોગ કરીએ અને ક઼યામતના દિવસે મને દષ્ટિ પાછી આપવામાં ન આવે, જો તે દિવસે આંધળો ઉઠાવવામાં આવ્યો તો શું થશે ?!

કુર્આન મજીદથી સાબિત છે કે ક઼યામતના દિવસે અલ્લાહ કેટલાક લોકોને આંધળા ઉઠાવશે અને તે લોકો પૂછશે, قَالَ رَبِّ لِمَ حَشَرْتَنِيْٓ اَعْمٰى وَقَدْ كُنْتُ بَصِيْرًا ''હે રબ ! મને આંધળો કેમ ઉઠાવવામાં આવ્યો, હું તો દષ્ટિવાળો હતો.''

–*(સૂરએ તાહા, આ. ૧૨૫)*

આપણે દુનિયામાં એવા સમયે પેદા થયા છે કે અલ્લાહ તઆલાના મહબૂબ ﷺની ઝિયારત ન કરી શક્યા. જો ક઼યામતના દિવસે આંધળા ઉઠાવવામાં આવશે

તો એ દિવસે પણ ખુદાના મહબૂબની ઝિયારત ન કરી શકીશું ! અલ્લાહ બંને મેહરૂમીઓથી આપણને સૌને બચાવે. કયામતના દિવસે સૌથી મોટી નેઅમત જે બંદાઓને મળશે તે અલ્લાહનો દીદાર છે, ક્યાંક એવું ન થાય કે આપણને તેનાથી વંચિત કરી આપવામાં આવે, જેથી નજરોનો યોગ્ય ઉપયોગ કરવો જરૂરી છે તો કયામતના દિવસે આ નેઅમત ફરીથી નસીબ થઈ જાય. નબીએ કરીમ علیہ الصلوٰۃ والسلام એ ઈર્શાદ ફર્માવ્યો, اِنَّ اللّٰہَ تَعَالٰی جَمِیْلٌ ''અલ્લાહ તઆલા બેમિષાલ હુસ્ન અને જમાલવાળો છે.'' *(જામેઉસ્સગીર, ૧/૪૬૩)*

આ વિષયને દિમાગમાં રાખીને વિચારે કે જો મેં દુનિયાના હુસ્ન (ખૂબસૂરતી)ને ખરાબ નજરથી જોઈ તો ક્યાંક અલ્લાહ તઆલા કયામતના દિવસે પોતાના હુસ્ન જમાલના મુશાહિદો કરવાથી વંચિત ન કરી દે.

**(૭)** અલ્લાહ તબારક વ તઆલા ઈર્શાદ ફર્માવે છે :–

اَلَمْ یَاْنِ لِلَّذِیْنَ اٰمَنُوْۤا اَنْ تَخْشَعَ قُلُوْبُھُمْ لِذِکْرِ اللّٰہِ وَمَا نَزَلَ مِنَ الْحَقِّ۔

''શું ઈમાનવાળાઓને માટે એ સમય નથી આવ્યો કે તેમનાં દિલ ઝુકી જાય અલ્લાહની યાદ અને તેના હક્કના માટે જે ઉતર્યુ !'' *(સૂરએ હદીદ, આ. ૧૬)*

એક મુસલમાનનું નફસ જ્યારે પણ ખરાબ નજર કરવાનુ ચાહે તો તરત દિલમાં આ આયત વિશે વિચારે કે, ''શું ઈમાનવાળાઓ માટે હજુ સમય નથી આવ્યો કે તેમનાં દિલ ડરી જાય ?! દરેક નજર પર આ વિશે વિચારતો રહે, અને અલ્લાહથી મદદ માંગતો રહે. અલ્લાહ તઆલા પોતાનો ડર અતા ફર્માવશે અને અને ખરાબ નજરથી હિફાઝત થશે.

## ★ ખરાબ નજરનો ઈલાજ હદીષની રોશનીમાં ★

નબીએ કરીમ صلی اللہ علیہ وسلم એ નજરની હિફાઝતના વિશે ખૂબ જ ભાર આપ્યો છે. કેટલીક હદીષોમાં ખરાબ નજરનો ઈલાજ પણ બયાન કરવામાં આવ્યો છે. અહીંયા બે હદીષો નકલ કરવામાં આવે છે.

**(૧)** હઝરત અબ્દુલ્લાહ બિન મસ્ઊદ رضی اللہ عنہ થી રિવાયત છે કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم એ ઈર્શાદ ફર્માવ્યો, ''જેણે કોઈ સ્ત્રીને જોઈ અને તે પસંદ આવી ગઈ તો પોતાની પત્ની પાસે ચાલ્યો જાય કે તેની પાસે પણ એ જ વસ્તુ છે જે વસ્તુઓ આની

પાસે છે.'' *(સુનને દારમી, ભાગ–૨, પેજ–૧૯૬)*

આનાથી જાણવા મળ્યું કે હલાલ તરીકા પર પોતાની જરૂરતને પૂરી કરવાથી હરામથી બચવુ સહેલુ થઈ જાય છે. છેલ્લે ઈન્સાનોને એક ખાસ વસ્તુ સમજાવવામાં આવી કે જે વસ્તુ તમે બીજી સ્ત્રીઓ પાસેથી મેળવવા માગો છો એ તમારી પાસે પહેલાથી જ છે. શક્ય છે રંગ કે ખૂબસૂરતીમાં ફરક હોય પરંતુ બન્નેથી ફાયદા અને ઈચ્છા પૂર્ણ એક જ રીતે થશે. તો જ્યારે બન્નેથી ખ્વાહિશ પૂરી થવી શક્ય છે તો ખુદાએ તઆલાથી નાફર્માની કરીને હરામ કામને અપનાવવાની જગ્યાએ હલાલ રીતે ફાયદો હાંસલ કરવામાં આવે અને ઈચ્છા પૂર્ણ કરવામાં આવે.

**(૨)** એક યુવાન હુઝૂર ﷺની બારગાહમાં હાજર થયો અને અર્ઝ કરી. યા રસૂલુલ્લાહ ! ﷺ મને ઝિના કરવાની ઈજાઝત આપો. હુઝૂર ﷺએ ઠપકો આપવાની જગ્યાએ પ્યારથી ફર્માવ્યું, શું તમે ચાહો છો કે તમારી માતા સાથે કોઈ ઝિના કરે ? તેમણે કહ્યું, નહીં ! પછી આપ ﷺએ પૂછયું શું તમે ચાહો છો કે તમારી બહેન સાથે ઝિના કરે. તો તેમણે કહ્યું, નહીં ! પછી શું તમે ચાહો છો કે પત્ની સાથે કોઈ ઝિના કરે ? તેમણે કહ્યું, નહીં ! તેના પર હુઝૂર ﷺએ ફર્માવ્યું, જેની સાથે પણ તમે ઝિના કરશો તે કોઈની મા, બહેન કે પત્ની હશે. જેવી રીતે તમને પસંદ નથી કે કોઈ તમારી મેહરમ સ્ત્રીઓ સાથે ઝિના કરે એવી જ રીતે બીજા લોકો પણ પસંદ નથી કરતા કે તેમની મેહરમ સ્ત્રીઓ સાથે ઝિના થાય. ત્યારબાદ નબીએ કરીમ ﷺએ તેના સીના પર હાથ રાખી તેની આબરૂ અને ઈજ્જતની હિફાઝતની દુઆ માગી. તે સહાબી (رضی اللہ عنہ) ફર્માવે છે કે, મારા સીનામાંથી ઝિનાની ચાહત ખતમ થઈ ગઈ બલ્કે મને ઝિનાથી એટલી નફરત થઈ ગઈ કે બીજા કોઈ ગુનાહથી એટલી નફરત ન હતી.

*(મુસ્નદે અહમદ, ભાગ–૫, પેજ–૨૫૬,૨૫૭)*

આનાથી જાણવા મળ્યું કે, એક મો'મિન (મુસલમાન) ખરાબ નજર કરતી વખતે એ વિચારે કે જે રીતે હું પસંદ નથી કરતો કે લોકો મારી મેહરમ ઔરતો પ્રતિ શૈતાની નજરથી જુએ તેવી જ રીતે બીજા લોકો પણ પસંદ નથી કરતા કે હું તેમની સ્ત્રીઓને લાલચ ભરેલી નજરોથી જોવું. આનાથી દિલને ઠંડક અને સુકૂન નસીબ થશે અને ખરાબ નજર કમજોર થઈ જશે. વધુમાં કોઈ કામિલ શયખથી

સંપર્ક થાય તો આ બુરાઈનો ઝિક્ર તેમની સામે કરો અને દુઆ અને ધ્યાનની અપીલ કરો. મશાઈખે કિરામ નબીએ કરીમ ﷺના નાયબ હોય છે. તેમની નજરથી દિલનો અંધકાર દૂર થઈ જાય છે. નફ્સની ખાઈથી નીકળી ઈન્સાન રૂહાનિયતની ઊંચાઈઓ પર પહોંચી જાય છે કેમ કે તેમની સંગત દવા અને તેમની નજર શિફા હોય છે.

## (૫) મો'મિન અમાનતો પરત કરે છે અને વાયદાને પૂર્ણ કરે છે

સૂરએ મુઅ્મિનૂનમાં સફળ મુસલમાનોની પાંચમી ખૂબી એ બયાન કરવામાં આવી કે તે અમાનત અને વાયદાને પૂરો કરે છે, ઈર્શાદ બારી તઆલા છે :–

وَالَّذِيْنَ هُمْ لِاَمٰنٰتِهِمْ وَعَهْدِهِمْ رٰعُوْنَ۝ "અને તે જે પોતાની અમાનતો અને પોતાના વાયદાઓને પૂર્ણ કરે છે." *(સૂરએ મુઅ્મિનૂન, આયત–૮)*

એટલે કે અમાનતમાં ખયાનત નથી કરતા. વાયદાનો ખયાલ રાખે છે અને વાયદાને પૂર્ણ કરે છે. અમાનતદારી ઈમાનનો હિસ્સો છે. જે શખ્સ અલ્લાહ અને આખેરત પર ઈમાન રાખે છે તે કોઈની અમાનતમાં ખયાનત નથી કરી શકતો. એક દીનદાર મો'મિનને હમેશાં એ વાતનો અફસોસ રહે છે કે મારો રબ મને દરેક હાલમાં જોઈ રહ્યો છે. ક઼યામતના દિવસે મારે અલ્લાહની બારગાહમાં હાજર થવાનું છે ત્યાં મારી પાસેથી ક્ષણ ક્ષણનો હિસાબ લેવામાં આવશે. જો મેં કોઈકનો હક્ક઼ માર્યો કે હક્ક઼ આપવામાં કોઈ કમી રાખી તો કાલે ક઼યામતના દિવસે મારી નેકીઓ બીજાઓમાં વહેંચી દેવામાં આવશે પછી મારી મુફલિસી પર કોણ ત્યાં રહમ કરશે ?!

### ★ અમાનતની હક઼ીકત ★

અમાનત ઈમાનથી મળેલ છે. જે શખ્સ અલ્લાહની અમાનતોની હિફાઝત કરે છે અલ્લાહ તઆલા તેના ઈમાનની હિફાઝત કરવાવાળો છે. હુઝૂર ﷺએ ફર્માવ્યું :

لَا اِيْمَانَ لِمَنْ لَّا اَمَانَةَ لَهٗ وَلَا دِيْنَ لِمَنْ لَّا عَهْدَ لَهٗ۔ "તેનું કોઈ ઈમાન નથી જેનામાં

અમાનત નથી અને તેનો દીન નથી જેનામાં વાયદો પૂરો કરવાની પારસાઈ નથી.''

*(શોઅબુલ ઈમાન, ભાગ–૬, પેજ–૧૯૬)*

અમાનત શબ્દ અમનથી પણ બન્યો છે. કોઈ શખ્સ હક્ક઼ છોડી (સચ્ચાઈ છોડી) અમનથી ન રહી શકે. અમાનતનું વિરૂદ્ધાર્થી ખયાનત છે જે ખૂન (લોહી)થી મળેલ છે જેનો અર્થ થાય છે ઓછુ કરવું. જ્યારે કોઈ વસ્તુમાં ખયાનત કરવામાં આવે તો તેમાં કમી આવી જાય છે.

## ★ અમાનત તેના હક્ક઼દાર સુધી પહોંચાડો ★

આજકાલ અમાનતમાં ખયાનત કરવુ આમ વાત થઈ ગઈ છે અને લોકો તેને બુરુ પણ નથી સમજતા. હાલ એ છે કે જેને અમીન સમજીને તેની પાસે અમાનત રાખવામાં આવે છે તે જાતે અમાનતનો અર્થ નથી જાણતો તો પછી એ કેવી રીતે તેના હકકો અદા કરી શકે. જ્યારે કે કુર્આને મુકદસમાં સાફ રીતે ઈર્શાદ ફર્માવવામાં આવ્યો, જે કોઈ અમીન છે તેના પર અલ્લાહની તરફથી એ જરૂરી છે કે જેની અમાનત છે તેના સુધી તેનો હક્ક઼ પહોંચાડે. ઈર્શાદે બારી તઆલા છે :–

اِنَّ اللّٰہَ یَاۡمُرُکُمۡ اَنۡ تُؤَدُّوا الۡاَمٰنٰتِ اِلٰۤی اَہۡلِہَا ۙ وَ اِذَا حَکَمۡتُمۡ بَیۡنَ النَّاسِ اَنۡ تَحۡکُمُوۡا بِالۡعَدۡلِ ؕ اِنَّ اللّٰہَ نِعِمَّا یَعِظُکُمۡ بِہٖ ؕ اِنَّ اللّٰہَ کَانَ سَمِیۡعًۢا بَصِیۡرًا ○

''બેશક ! અલ્લાહ તઆલા તમને હુકમ આપે છે કે અમાનતો જેમની છે તેમને સોંપી દો. અને એ કે તમે લોકોમાં ફૈસલો કરો તો ઈન્સાફ સાથે ફૈસલો કરો. બેશક ! અલ્લાહ તમને શું સરસ નસીહત ફર્માવે છે. બેશક ! અલ્લાહ સાંભળે છે અને જુએ છે.'' *(સૂરએ નિસાઅ, આયત–૫૮)*

## ★ મુસલમાન ખયાનત કરનારાની તરફદારી નથી કરતો ★

અમાનતને અદા કરવી એટલી બધી એહમિયત ધરાવે છે કે ખયાનત તો દૂરની વાત છે, જે શખ્સ ખયાનત કરે તેની તરફદારી પણ ન કરી શકાય. કેમ કે કોઈ ખયાનત કરનારની તરફદારી કરવી જાતે ખયાનત કરવાની જેમ છે. ઈર્શાદે ખુદાવંદી છે :–

اِنَّاۤ اَنۡزَلۡنَاۤ اِلَیۡکَ الۡکِتٰبَ بِالۡحَقِّ لِتَحۡکُمَ بَیۡنَ النَّاسِ بِمَاۤ اَرٰىکَ اللّٰہُ ؕ وَ لَا تَکُنۡ لِّلۡخَآئِنِیۡنَ خَصِیۡمًا ○

''હે મેહબૂબ ! બેશક ! અમે તમારી તરફ સાચી કિતાબ ઉતારી કે તમે લોકોમાં ફેંસલો કરો જે રીતે તમને અલ્લાહ દેખાડે અને દગાવાળાઓ તરફથી ન ઝઘડો.'' *(સૂરએ નિસાઅ, આયત–૧૦૫)*

ખયાનત કરનાર ચાહે મુસલમાન હોય કે કાફિર પણ એક મો'મિનના માટે જાઈઝ નથી કે એ ખયાત કરવાવાળાની તરફદારી કરી બીજાનો હક્ક઼ બેકાર કરે.

## ★ જેમાં અમાતદારી નથી તેનામાં ઈમાન નથી ★

હઝરત અનસ صلی اللہ علیہ وسلمથી મરવી છે કે નબીએ કરીમ صلی اللہ علیہ وسلمએ ખુત્બો આપ્યો અને ઈર્શાદ ફર્માવ્યો : لَا اِیْمَانَ لِمَنْ لَّا اَمَانَۃَ لَہٗ وَلَا دِیْنَ لِمَنْ لَّا عَھْدَ لَہٗ۔

''જેનામાં અમાનતદારી નથી તેનામાં ઈમાન નથી અને જેનામાં વાયદો પૂર્ણ કરવાની પાબંદી નથી તેનામાં દીન નથી. *(શોઅબુલ ઈમાન, ભાગ–૬, પેજ–૧૯૬)*

આ ફર્માનથી જાણવા મળ્યું કે બંદાનું ઈમાન ત્યારે જ કામિલ થઈ શકે છે કે તે જ્યારે અમાનતને શરીઅતના મુજબ અદા કરે, સાથે વાયદાનો પણ સંપૂર્ણ ખયાલ રાખે. માટે જો આપણે કામિલ મુસલમાન બની એક કામયાબ જિંદગી પસાર કરવા માગતા હોઈએ તો અમાનત અને વાયદાને પૂર્ણ કરવાને અનિવાર્ય રીતે પકડવુ જરૂરી છે.

## ★ ખયાનત કરવી મુનાફિક઼ની નિશાની છે ★

હદીષે પાકમાં ખયાનતને મુનાફિક઼ની નિશાની ઠરાવી દેવામાં આવી છે. હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہથી મરવી છે કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ ઈર્શાદ ફર્માવ્યો :–

اٰیَۃُ الْمُنَافِقِ ثَلَاثٌ: اِذَا حَدَّثَ کَذَبَ وَاِذَا وَعَدَ اَخْلَفَ وَاِذَا اؤْتُمِنَ خَانَ

''મુનાફિક઼ની ત્રણ નિશાનીઓ છે. (૧) જ્યારે વાત કરે તો જૂઠુ બોલે (૨) જ્યારે વાયદો કરે તો તેને પૂરો ન કરે (૩) જ્યારે તેની પાસે અમાનત રાખવામાં આવે તો ખયાનત કરે.'' *(સહીહ બુખારી, ભાગ–૮, પેજ–૨૫)*

## ★ અમાનતના પ્રકારો ★

સામાન્યતઃ એવું સમજવામાં આવે છે કે અમાનત ફક્ત માલ દોલત વગેરેની લેવડ દેવડમાં જ હોય છે, જ્યારે કે એવુ નથી. એટલા માટે અમાનતના પ્રકારો

અને કઈ કઈ વસ્તુઓમાં અમાનતનો ખયાલ રાખવો જરૂરી છે તેને અહિંયા બયાન કરવામાં આવે છે.

### ★ ઈબાદતમાં અમાનત ★

ઈબાદતમાં અમાનતનો મતલબ એ છે કે નમાઝ, રોઝા, ઝકાત, હજ અને બીજા બધા જ ફર્ઝો અને વાજિબો અલ્લાહ તઆલા તરફથી રાખેલ અનામત સમજી તેના બરાબર હક્ક઼ સાથે અદા કરવામાં આવે. જ્યારે બંદો બધા જ ફર્ઝો અને વાજિબોને તેના હક્ક઼ સાથે અદા કરશે તો તેણે ઈબાદતની અમાનતનો હક્ક઼ અદા કર્યો અને કોઈ પણ પ્રકારની કોઈ ખયાનત કરી નથી.

### ★ શરીરના ભાગોની હિફાઝત કરવી અમાનત છે ★

જેવી રીતે શરીરના વિવિધ ભાગો અલ્લાહ તઆલા તરફથી આપણા માટે નેઅમતો છે તે આપણા માટે અમાનતની હેસિયત પણ ધરાવે છે. અને તે અમાનતોની અદાયગી અને હિફાઝતની રીત એ છે કે કોઈ પણ ભાગને અલ્લાહ અને તેના મહબૂબ ﷺની નાફર્માનીમાં ઉપયોગ ન કરવામાં આવે. દરેક અંગને એ જ કામ માટે ઉપયોગમાં લેવામાં આવે જેના માટે તેને બનાવવામાં આવ્યો. આંખો બનાવવાનો મક઼સદ જાઈઝ કામોને જોવાનો છે માટે નાજાઈઝ દશ્યોને જોવુ ખયાનત કરવુ છે. તેવી જ રીતે શરીરના બીજા અંગોને શરીઅતની વિરૂધ્ધ કામોમાં ઉપયોગમાં લેવાં તે શરીરના અંગોમાં ખયાનત કરવુ છે. માટે જરૂરી છે કે દરેક અંગને તેના અસલ મક઼સદમાં ઉપયોગ કરી અમાનતનો હક્ક઼ અદા કરવામાં આવે.

### ★ વાતચીત અને કલામમાં અમાનત ★

આ ઉપરના વિષય મુજબ છે. પરંતુ આને ખાસ એટલા માટે કહેવામાં આવે છે કે જીભ આખા શરીરનો ખૂબ જ ખાસ ભાગ છે જેવી રીતે દિલ ખાસ ભાગ છે. અલ્લાહ તઆલાએ પોતાના બંદાઓને મોઢુ અને જીભ આપી. મોઢુ અને જીભનું અસલી કામ એ છે કે તેને અલ્લાહ તઆલાના ઝિક્ર માટે ખોલવામાં આવે, તેમાંથી નીકળવાવાળા શબ્દો શરીઅતની વિરૂધ્ધ ન હોય, દરેકે દરેક શબ્દ ઉમદા તથા સારો હોય, જીભથી નીકળનારા શબ્દોનું ઘણુ મહત્વ હોય છે, કેમ કે ક્યારેક ક્યારેક એક જ કલમો ઈન્સાનને મુત્તક઼ીઓના જુથમાં સામેલ કરી જન્નતનો હકદાર

બનાવી દે છે. જેમ કે અલ્લાહ તઆલા ઈર્શાદ ફર્માવે છે :–

أَلَمْ تَرَ كَيْفَ ضَرَبَ اللّٰهُ مَثَلًا كَلِمَةً طَيِّبَةً كَشَجَرَةٍ طَيِّبَةٍ أَصْلُهَا ثَابِتٌ وَفَرْعُهَا فِي السَّمَآءِ۔

"શું તમે ન જોયું અલ્લાહ તઆલાએ કેવુ ઉદાહરણ બયાન ફર્માવ્યું પાકીઝા વાતની જેમ કે પાક ઝાડ જેનું મૂળ કાયમ છે અને શાખો (ડાળીઓ) આસ્માનમાં."

*(સૂ. ઈબ્રાહીમ, ૨૯)*

તેવી જ રીતે એક શબ્દના કારણે કયારેક બોલવાવાળો જહન્નમનો હકદાર પણ બની જાય છે. અલ્લાહ તઆલાએ આવા શબ્દોને નાપાક વૃક્ષથી સરખાવ્યા છે. ઈર્શાદ ફર્માવ્યો :–

وَمَثَلُ كَلِمَةٍ خَبِيثَةٍ كَشَجَرَةٍ خَبِيثَةِ نِ اجْتُثَّتْ مِن فَوْقِ الْأَرْضِ مَا لَهَا مِن قَرَارٍ۔

"અને ખરાબ વાતનુ ઉદાહરણ જેવી રીતે એક ખરાબ વૃક્ષ કે જમીનના ઉપરથી કાપી નાખવામાં આવ્યું હવે તેના માટે કોઈ જગ્યા નથી." *(સૂ. ઈબ્રાહીમ, આ. ૨૬)*

હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہથી મરવી છે કે નબીએ કરીમ صلی اللہ علیہ وسلمએ ઈર્શાદ ફર્માવ્યો, "બંદો અલ્લાહ તઆલાની ખુશી હાંસલ કરવાની વાત બોલે છે અને તેની બાજુ ધ્યાન પણ નથી આપતો એટલે કે એ વિચાર પણ નથી કરતો કે અલ્લાહ તઆલા આટલો ખુશ થશે. અલ્લાહ તઆલા તેનો દર્જો ઊંચો કરે છે. અને બંદો અલ્લાહ તઆલાની નાખુશીની વાત બોલે છે અને તેની બાજુ ધ્યાન નથી આપતો એટલે કે તેના દિમાગમાં એ વાત નથી રહેતી કે અલ્લાહ તઆલા તેનાથી આટલો નારાજ થશે. અને તે એ શબ્દના કારણે જહન્નમમાં પડે છે.

*(સહીહ બુખારી, ભાગ–૪, પેજ–૨૪૧)*

## ★ જવાબદારી અમાનત છે ★

ઈન્સાન ચાહે કોઈપણ કુટુંબ, કબીલો કે જગ્યાથી સંબંધ ધરાવતો હોય, પછી એ હુકમ કરવાવાળો હોય કે હુકમ માનવાવાળો, પિતા હોય કે પુત્ર તે અલ્લાહના તરફથી કોઈ ન કોઈ વસ્તુનો જવાબદાર છે અને તેને તેની જવાબદારી વિશે કયામતના દિવસે પૂછતાછ થશે, કેમ કે આ જવાબદારી અમાનતના રૂપે છે જેની અદાયગીનો હિસાબ અને તેની બધી વિગત વર્ણવવી તેના પર જરૂરી છે.

હુઝૂર ﷺનો ઈર્શાદ છે, સાંભળો ! તમારામાંથી દરેકે દરેક જવાબદાર છે અને તેનાથી તેની નીચેનાઓના વિશે પૂછવામાં આવશે. ઈમામ લોકોનો જિમ્મેદાર છે અને તેનાથી તેની નીચેનાઓ વિશે પૂછવામાં આવશે. આદમી પોતાના ઘરવાળાંનો જવાબદાર છે અને તેનાથી તેમના વિશે પૂછવામાં આવશે. સ્ત્રી પોતાના પતિના ઘર અને તેની ઔલાદની જવાબદાર છે, અને તેને એના વિશે પૂછવામાં આવશે. ગુલામ પોતાના આક઼ાના માલનો જવાબદાર છે, અને તેણીને તે વિશે પૂછવામાં આવશે. સાંભળો ! તમારામાંથી દરેક જવાબદાર છે અને દરેકને તેના નીચેનાઓ વિશે પૂછતાછ થશે.

*(સહીહ બુખારી, ભાગ–૯, પેજ–૬૨)*

## ★ ગેરલાયકને હોદ્દો આપવો ★

હોદ્દાની વહેંચણી એક ખાસ કામ છે. તેના માટે પણ ઈસ્લામે નિયમો નક્કી કર્યા છે તેને અનુસરીને આ કામને કરવુ જોઈએ. જે કોઈને કોઈ હોદ્દાની જવાબદારી આપવી હોય તો પહેલાં એ જોવામાં આવે કે તેનામાં એ કામને પૂર્ણ કરવાની તાકાત છે કે નથી, કે પછી બીજો કોઈ આ કામનો તેનાથી વધારે હક્ક઼દાર છે. જો તેનામાં જરૂરત મુજબ તાકાત જોવામાં આવે તો તેને સોપી દે, નહીં તો તે કામની વધારે સારી આવડત રાખવાવાળો શખ્સ એ હોદ્દાને લાયક ઠરશે.

વળી જો કોઈ પણ શખ્સ લાયકાતવાળો ન હોય તો પછી એ જોવામાં આવે કે જે લોકોએ આ હોદ્દા માટે અરજીઓ કરી છે તેમનામાંથી સૌથી વધારે લાયક કોણ છે, જેનામાં વધારે લાયકાત જોવા મળે તેને પસંદ કરવામાં આવે. અને જો કોઈ તે જવાબદારી સંભાળવાને લાયક નથી તો કોઈને પણ તે સ્થાન આપવામાં ન આવે, બલ્કે તેની લાયકાત ધરાવનાર શોધવામાં આવે.

સારાંશ કે હોદ્દો અને જગ્યાની વહેંચણી પૂરેપૂરી ઈમાનદારીની સાથે કરવામાં આવે. આવડત અને કાબેલિયતને માપદંડ બનાવવામાં આવે, ન કે સંબંધ અને દોસ્તી વગેરેને. આમ જ લાંચ લઈને છેતરપિંડીથી અને ખયાનતથી કામ ન કરવામાં આવે. જે શખ્સ આવી ખયાનત કરશે તે અલ્લાહ તઆલાની રહ્મતથી દૂર થઈ જશે અને તેણે કાલે ક઼યામતના દિવસે તેનો હિસાબ આપવો પડશે.

રસૂલે અકરમ ﷺએ ઈર્શાદ ફર્માવ્યો, જે શખ્સને આમ મુસલમાનોની કોઈ જવાબદારી સોપવામાં આવી હોય પછી તેણે કોઈ હોદ્દો કોઈ શખ્સને ફક્ત દોસ્તી

અને સંબંધના લીધે આપી દીધો તો તેના પર અલ્લાહની લાનત છે, ન તેનો ફર્ઝ મક઼બૂલ છે ન નફલ, ત્યાં સુધી કે તે જહન્નમમાં દાખલ થઈ જશે.

*(જામેઉલ ફવાઈદ, ૩૩૫)*

નાલાયકને હોદ્દો સોંપવામાં જેવી રીતે ખયાનતનો ગુનો છે તેવી જ રીતે દુનિયવી વ્યવસ્થા પર પણ ઘણી અસર થાય છે. કેમ કે જ્યારે બિન અનુભવી અને નાલાયક લોકો હોદ્દો સંભાળે તો તે કામ કરવાની રીતથી અજાણ હોય અથવા સુસ્તીના કારણે તેને બરાબર રીતે ન કરે તો તેના કારણે વ્યવસ્થાને અસર થાય છે અને પ્રગતિ અટકી જાય છે. હદીષ શરીફમાં લાયકાત વગરનાઓને કામ સોંપવું ક઼યામતની નિશાનીઓમાં ગણવામાં આવ્યું.

હુઝૂર નબીએ કરીમ ﷺએ ઈર્શાદ ફર્માવ્યો :–

فَإِذَا ضُيِّعَتِ الْأَمَانَةُ فَانْتَظِرِ السَّاعَةَ ''જ્યારે અમાનતો વેડફવામાં આવે તો ક઼યામતની વાટ જુઓ. કોઈકે કહ્યું, كَيْفَ إِضَاعَتُهَا؟ ''અમાનતો કેવી રીતે વેડફાશે ?''

આપે ઈર્શાદ ફર્માવ્યો : إِذَا وُسِّدَ الْأَمْرُ إِلَى غَيْرِ أَهْلِهِ فَانْتَظِرِ السَّاعَةَ

''જ્યારે જુઓ કે કામોની જવાબદારી એવા લોકોને સોપવામાં આવી જે તેના લાયક નથી તો ક઼યામતની રાહ જુઓ.'' *(સહીહ બુખારી, ભાગ–૧, પેજ–૨૧)*

ક઼યામત નજીક બુરાઈઓ અને ખરાબીઓ આમ થઈ જશે અને તેના સબબોમાંથી એક સબબ એ પણ હશે કે જવાબદારી અને હોદ્દાઓ ગેરલાયકને સોંપવામાં આવશે જેના કારણે ખૂબ મોટુ નુકસાન થશે.

## ★ ખરીદ વેચાણમાં ખયાનત ★

ખરીદ અને વેચાણમાં પણ ખયાનત થાય છે કે ખરીદનારો માલ બરાબર રીતે ન આપે અથવા આપવામાં કોઈ પણ કારણ વગર બહાનુ બનાવી મોડુ કરતો રહે અથવા તો પોતે વેચવાવાળો ધોકો આપી માલને વેચે. હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہથી મરવી છે કે હુઝૂરે અક઼દસ ﷺ અનાજના એક ઢગલા પાસેથી પસાર થયા. આપે તેમાં હાથ નાખ્યો તો આંગળીઓમાં તરી જેવું લાગ્યું. ઈર્શાદ ફર્માવ્યો, હે અનાજવાળા ! આ શું છે ? તેણે કહ્યું, યા રસૂલુલ્લાહ ﷺ તેના પર વરસાદનું પાણી પડયું હતું. આપે ઈર્શાદ ફર્માવ્યો, તેં ભીના થયેલાને કેમ ઉપર ન કરી દીધું

કે લોકો જોતા ?! પછી ફર્માવ્યું : مَنْ غَشَّنَا فَلَيْسَ مِنَّا "જેણે ધોકો આપ્યો તે અમારામાંથી નથી" *(શોઅબુલ ઈમાન, ભાગ–૭, પેજ–૨૨૯)*

## ★ ખાસ મહફિલોની વાતને આમ કરવી ખયાનત છે ★

જો કેટલાક લોકો એક જગ્યાએ બેસીને વાતચીત કરે અને વાતચીત કર્યા બાદ ત્યાંથી ચાલ્યા જાય તો જેટલા લોકો વાતચીતમાં ભેગા હતા દરેક અમીન હોય છે. દરેક પર જરૂરી છે કે પોતાની મેહફિલમાં થયેલ વાતચીતને મેહફિલમાં હાજર લોકોના સિવાય બીજાઓને ન બતાવે કેમ કે મેહફિલમાં ઘણી બધી રાઝ (રહસ્ય)ની વાતો પણ થાય છે અને કહેવાવાળાનો ઈરાદો એ હોય છે કે હાજર લોકોના સિવાય કોઈ બીજો શખ્સ તેના વિચારો અને યોજનાઓ જાણી ન શકે. બની શકે છે કે તેની આ ગૃપ્ત વાતોને ફેલાવવાથી તેને કોઈ જાતનું અગંત નુકસાન થાય કે કોઈના ભલુબુરુ કહેવાનો ભય હોય. માટે મેહફિલની વાતો અમાનત હોય છે તેને ફેલાવવું ખયાનતના પ્રકારોમાં સામેલ થશે. પરંતુ જો કોઈ એવુ રાઝ છે જેનાથી કોઈનો હક્ક સંબંધિત હોય અથવા એ વાત શરીઅતની વિરૂધ્ધ હોય અથવા ફિત્ના અને ઝઘડાથી તેને સંબંધ હોય, આવી વાતોને બીજા સુધી પહોંચાડવી કોઈ શર્ત વિના જાઈઝ બલ્કે જરૂરી છે જેથી બીજા લોકો એ વાતને જાણી ફિત્ના અને ઝઘડાથી બચી શકે.

હઝરત જાબિર બિન અબ્દુલ્લાહ رضی اللہ عنہએ રસૂલે અકરમ ﷺથી ઈર્શાદ ફર્માવ્યો :–

اَلْمَجَالِسُ بِالْاَمَانَةِ اِلَّا ثَلَاثَةُ مَجَالِسَ سَفْكُ دَمٍ حَرَامٍ اَوْ فَرْجٌ حَرَامٍ اَوِ اقْتِطَاعُ مَالٍ بِغَيْرِحَقٍّ

"મજલિસો અમાનત છે પરંતુ ત્રણ કિસ્સાઓમાં : (૧) કોઈનું ખોટી રીતે ખૂન કે (૨) બદનામી (૩) કે કોઈના માલને નાજાઈઝ રીતે લેવાનું ષડયંત્ર હોય તો સંબંધિત લોકોને તેની જાણ કરી દેવામાં આવે."

*(સુનને અબૂ દાઊદ, ભાગ–૪, પેજ–૨૬૮)*

આ હદીષથી એ વાત સમજમાં આવે છે કે મજલિસની બધી વાતો રાઝ હોય છે. સભાના દરેક સભ્ય પર જરૂરી છે કે તે એ વાતો પોતાના દિલમાં રાખે, કોઈ બીજાને તેની જાણ ન કરે. પરંતુ આ ગુપ્ત વાતો ત્યાં સુધી અમાનત રહે છે જ્યાં

સુધી તેનો સંબંધ નાહક્ક્ ખૂન, બેઈજ્જતી, હરામ કામ કે નુકસાન પહોંચાડવા વગેરે પર ન હોય, નહીં તો આવી વાત અમાનત નથી હોતી, જેથી કે તેને બીજા સુધી પહોંચાડવી જાઈઝ અને કેટલાક કિસ્સાઓમાં વાજિબ હોય છે. આવી જ રીતે જો મજલિસની વાતો દીની હોય જેમ કે મસાઈલ, કુર્આન તથા હદીષની વાતો અથવા બીજી આમ વાતો હોય તો તેને છુપાવવું પણ જરૂરી નથી, પરંતુ દીની વાતો હોય તો બતાવી દેવી સારૂ કામ છે અને તેને બીજા સુધી પહોંચાડવું મુસ્તહબ છે. કેમ કે આવી વાતો બતાવનારાનો ક્યારેય એ હેતુ નથી હોતો કે તેને છુપાવવામાં આવે, અને ન તેને ફેલાવવાથી કોઈ જાતની તકલીફનો ડર હોય છે.

## ★ ખોટી સલાહ આપવી પણ ખયાનત છે ★

જે કોઈ બીજાની સલાહ લે તો એવુ જ વિચારીને લે છે કે તે એના માટે એ જ સલાહ આપશે જે તેના માટે સારી હશે અને તેમાં તેના માટે ભલાઈ છૂપાયેલ હોય. માટે જે શખ્સ પાસેથી સલાહ લેવામાં આવે તેના પર જરૂરી છે કે સલાહ લેવાવાળ ાના સારા ગુમાનનો ખોટો ફાયદો ઉઠાવી હસદ અને જલનને કારણે ખોટી સલાહ ન આપે અને ન જે પણ વાત દિલમાં આવે તેને કોઈપણ જાતના વિચાર વગર તરત કહી દે, બલ્કે તેના વિશે ચિંતન મનન કરે, ત્યાર બાદ તેને ખરેખર એવુ લાગે કે જે સલાહ આપવા જઈ રહ્યો છું તેમાં સલાહ લેવાવાળા માટે ભલાઈ છે તો સલાહ આપી દે, બાકી માફી લઈ લે અને ખોટી સલાહ આપી ખયાનત (વિશ્વાસઘાત) ન કરે.

હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہથી મરવી છે કે રસૂલુલ્લાહ ﷺએ ઈર્શાદ ફર્માવ્યો : اَلْمُسْتَشَارُ مُؤْتَمَنٌ "જેનાથી સલાહ લેવામાં આવે તે અમાનતદાર છે."

*(તિર્મિઝી, ભાગ–૫, પેજ–૧૨૫)*

જેથી અમાનતદાર પર અમાનતનો હક્ક્ અદા કરવો જરૂરી છે અને તે સાચી સલાહ આપવું છે, જ્યારે કે ખોટી સલાહ અથવા વગર વિચાર્યે કહેવામાં આવેલ વાત ખયાનત છે.

જો કોઈ શખ્સ જાતી દુશ્મનીના કારણે ખોટી સલાહ આપે જેમાં સલાહ લેવાવાળાના માટે ભલાઈની જગ્યાએ નુકસાન હોય તો આ સલાહ મેળવવાવાળાને

ધોકો આપવું અને તેની સાથે ખયાનત થશે. સલાહ લેવાવાળા વિશે જો દિલમાં કોઈ પ્રકારની નફરત કે બુરાઈ હોય તો પોતાની આ નફરતને બાજુએ મૂકી ઠીક ઠીક સલાહ આપે અથવા ચોખ્ખી ના પાડી દે.

## ★ કોઈનું રાઝ બતાવવું ખયાનત છે ★

હઝરત જાબિર બિન અબ્દુલ્લાહ رضی اللہ عنہ થી રિવાયત છે કે રસૂલે અકરમ صلی اللہ علیہ وسلم ઈર્શાદ ફર્માવ્યો :–

اِذَا حَدَّثَ الرَّجُلُ الْحَدِيْثَ ثُمَّ الْتَفَتَ فَهِيَ اَمَانَةٌ ''જ્યારે એક માણસ કોઈક વાત કહે અને ચાલ્યો જાય તો એ વાત અમાનત છે.'' *(તિર્મિઝી, ભાગ–૪, પેજ–૩૪૧)*

આ હદીષથી જાણવા મળે છે કે જો કોઈ માણસ કોઈકના પર ભરોસો રાખી અને એ સમજીને કે તે બીજા કોઈને નહીં બતાવે પોતાના દિલની વાત બતાવે કે જેનાથી કોઈ ફાયદાકારક સલાહ મળી જાય કે તેના દુઃખમાં તેનો સાથ મળી જાય તો તેની આ વાતો અમાનત રૂપે હોય છે. માટે આ વાતોને બીજાની સામે જાહેર કરવી જાઈઝ નથી, બલ્કે જરૂરી છે કે તેને પોતાના દિલમાં છુપાવી રાખે.

ક્યારેક એવું પણ બને છે કે જેને રાઝની વાત બતાવવામાં આવે તે બીજા કોઈને પોતાનો સંબંધી અથવા ભરોસાપાત્ર દોસ્ત સમજી બીજા કોઈકની રાઝની વાત જણાવી દે છે. આવું કરવું બરાબર નથી, કેમ કે જેવી રીતે એનો કોઈ ભરોસાપાત્ર દોસ્ત છે તો તેના દોસ્તનો પણ કોઈ ભરોસાપાત્ર દોસ્ત હશે, તો આવી રીતે કહેવાનો સિલસિલો ચાલુ થઈ જશે અને તે રાઝ રાઝ (ગુપ્ત વાત) નહીં રહે.

## ★ એકાંતની વાત બીજાને બતાવવી ખયાનત છે ★

આથી પહેલાંના વર્ણનમાં રાઝની વાતોને જાહેર કરવા વિશે જે વાતો બયાન કરવામાં આવી એ આમ વાતો હતી, જેવી રીતે ત્યાં એ કહેવામાં આવ્યું કે રાઝની (ગુપ્ત) વાતોને જાહેર ન કરી શકાય એવી જ રીતે પતિ, પત્નીની આપસની વાતચીત પણ અમાનત હોય છે. પતિ માટે એ જાઈઝ નથી કે પોતાની પત્નીની રાઝની વાતો બીજાને બતાવે, અને ન પત્નીને માટે એ જાઈઝ છે કે પતિના છુપાયેલ રાઝને બયાન કરે. કુર્આને મુકદ્દસમાં આ બન્ને વિશે ફર્માવવામાં આવ્યું કે તેઓ એક

બીજા માટે લિબાસ છે. અને લિબાસની ખૂબી એ હોય છે કે શરીરની બુરાઈઓ અને ખાસ ભાગોને બરાબર છુપાવે છે. તો આવી જ રીતે પતિ, પત્નીએ પણ એવું જ હોવું જોઈએ કે એકબીજા માટે લિબાસ બનીને રહે અને કોઈ પણ હાલતમાં પોતાના પતિના રાઝોને જાહેર ન કરે.

હઝરત અબૂ સઈદ رضی اللہ عنہથી રિવાયત છે કે રસુલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ ઈર્શાદ ફર્માવ્યો :–

اِنَّ مِنْ اَعْظَمِ الْاَمَانَةِ يَوْمَ الْقِيَامَةِ الرَّجُلَ يُفْضِىْ اِلٰى امْرَأَتِهٖ وَتُفْضِىْ اِلَيْهِ ثُمَّ يَنْشُرُ سِرَّهَا

"કયામતના દિવસે અલ્લાહના નજીક સૌથી મોટી અમાનત જે પૂછતાછને પાત્ર હશે તે એ કે ઈન્સાન પોતાની પત્ની પાસે જાય અને પત્નીથી સુખ મેળવી અને પછી પત્નીના રાઝને બીજાઓ સામે જાહેર કરી દે."

*(સહીહ મુસ્લિમ, ભાગ–૨, પેજ– ૧૦૬૧)*

## ★ પૈસા અને બીજી વસ્તુઓમાં ખયાનત ★

અમાનત શબ્દ સાંભળીને વધારે પડતુ ધ્યાન માલની અમાનત તરફ જાય છે. કેમ કે લોકોમાં અમાનતનો આ જ પ્રકાર વધારે મશહૂર છે. જો કે પૈસા અથવા બીજી જે કોઈ વસ્તુઓ અમાનત માટે રાખવામાં આવે તેમાં પણ અસલ માલિકની ઈજાઝત અને તેની રઝા વિના અમાનત રાખવાવાળો કોઈ બદલી નથી કરી શકતો. મક્કાના મુશ્રિકો નબીએ કરીમ صلی اللہ علیہ وسلمની પાસે પોતાની વસ્તુઓ અમાનત રૂપે રાખ્યા કરતા હતા. અને હુઝૂર صلی اللہ علیہ وسلم એ વસ્તુઓને એવી સાચવી રાખતા હતા કે તેમાં કોઈ પણ પ્રકારનો ફેરફાર ન કરતા એટલા માટે હુઝૂર صلی اللہ علیہ وسلم તેમની વચ્ચે સચ્ચાઈ અને અમાનતદારીમાં ખૂબ જ મશહૂર હતા. અને મક્કાના કાફિરો મુશ્રિકોએ જ આપને સાચા અને અમીનનો લકબ આપ્યો હતો. મક્કાના મુશ્રિકોના તરફથી એટલી ઈજાઓ પહોંચી કે આપ પોતાના બાપ દાદાના વતન મક્કા શહેરથી હિજરત કરવા પર પણ રાજી થયા, પરંતુ તે સમયે પણ આપે મક્કાવાળાઓની અમાનતમાં કોઈ પ્રકારનું પણ તસર્રુફ (હેરફેર) ન કર્યું. હઝરત અલી کرم اللہ وجہہ الکریمને તે કામોના જવાબદાર બનાવ્યા અને તેમને આદેશ આપ્યો કે આ તમામ અમાનતો તેના માલિકો સુધી પહોંચાડી આપશો.

## ★ કોઈનો હક્ક઼ મારવો ★

જે શખ્સ કોઈ માલનો હક્ક઼દાર છે તેને તે માલથી વંચિત રાખવો અને આપવાથી ઈન્કાર કરવો હક્ક઼ મારવુ કહેવાય છે અને આ પણ અમાનતની યાદીમાં સામેલ છે. જે પ્રમાણે કે વારસાઈમાં જે લોકોનો ભાગ શરીઅતે નક્કી કર્યો છે, તેમને તેમનો હક્ક઼ ન આપવો કે પછી કોઈ શખ્સ કોઈ બીજા પાસે અમાનત રાખી ભૂલી જાય અથવા જેની પાસે અમાનત રાખી છે તે ઈન્કાર કરે અને વકીલની પાસે કોઈ કારણ ન હોય તો આવી હાલતમાં હક્ક઼ મારવાનું વધારે શક્ય બને છે. તો જો કોઈ આ પ્રકારની બાબતોમાં જેનો હક્ક઼ છે તેને હક્ક઼ ન આપે તે ખયાનત કરવાવાળો છે, તેણે ક઼યામતના દિવસે તેનો જવાબ આપવો પડશે.

## ★ અધિકારો ન આપવા પણ ખયાનત છે ★

અધિકારો પણ અમાનત છે, તે એ કે અધિકાર (હક્ક઼ો)ની અદાયગી પણ એટલી જ જરૂરી છે. જેમ કે નિકાહ પછી પત્ની પર પતિના અધિકારો, તે જ પ્રમાણે સ્ત્રી પર પણ પત્નીના હક્ક઼ો (અધિકારો) જરૂરી થાય છે કે જેની અદાયગી વિના છૂટકારો જ નથી. કેટલાક હક્ક઼ો એવો હોય છે જે માતા પિતા પર પોતાના બાળકો માટે પૂરા કરવા જરૂરી છે અને કેટલાક હ઼ક્કો માતા પિતા માટે બાળકો પર જરૂરી હોય છે.

જો કે જેટલા પણ પ્રકારના અધિકારો છે તે પતિ, પત્નીના હોય કે માતા, પિતાના, પડોશીઓના હોય કે વિદ્યાર્થી અને શિક્ષક વચ્ચે હોય, તમામ અધિકારોની સંપૂર્ણ અદાયગી અને તેમાં કોઈ પણ પ્રકારનું ટાળમટોળ ન કરવું જરૂરી છે. તેમાં સુસ્તી હક્ક઼ મારવું છે અને તે ખયાનતમાં સામેલ છે.

## ★ ઈન્સાફ ન કરવો ખયાનત છે ★

બાદશાહ, ક઼ાઝી, હાકિમ, જજ અથવા એવો કોઈ શખ્સ જેને ફૈંસલો કરવાની જિમ્મેદારી માટે રાખેલ હોય તેનો સાચા ઈન્સાફની સાથે ફૈંસલો કરવો પણ અમાનતમાં સામેલ છે. કોઈપણ પ્રકારનો ખોટો રસ્તો અપનાવીને હક્ક઼ની વિરુદ્ધમાં ફૈંસલો આપવો ખયાનત થશે. માટે જે પણ ફૈંસલો કરવાવાળો હોય તેના પર જરૂરી

છે કે મામલાની બધી જ સચ્ચાઈને જાણીને પૂરી ઈમાનદારી સાથે બંને બાજુની દલીલો સાંભળે, પછી જેની દલીલો જેટલી મજબૂત હોય તે મુજબ ફેંસલો કરે. આમાં કોઈ પણ રીતે કોઈ રિશ્તેદારી કે સ્થળ કે મઝહબ તથા મસ્લકની કોઈ તરફદારી ન જુએ. જો ઈન્સાફના કાયદાને છોડીને રિશ્તેદારી, ઈલાકાનો સંબંધ, મઝહબ અને મસ્લક અથવા કોઈ પણ પ્રકારની લાલચ કે લાંચના લીધે ફેંસલો ઈન્સાફની વિરુદ્ધ કર્યો તો આ ખયાનત કહેવાશે અને ક઼યામતના દિવસે આનો જવાબ આપવો પડશે.

આ બધી વિગતોથી જાણવા મળે છે કે અમાનતની હદ ફકત રૂપિયા પૈસા, મિલ્કત અને માલ સુધી પૂરતુ નથી, પરંતુ દરેક માલી, કાયદાકીય અને અખ્લાક઼ી અમાનત સુધી ફેલાયેલ છે. સામાન્ય રીતે માલી અમાનતોની અદાયગીને પૂરતી સમજવામાં આવે છે જ્યારે કે અમાનતદારીના ભાર્વાથમાં એ પૂરતુ નથી.

## (૬) મો'મિનો નમાઝોની હિફાઝત કરે છે

સૂરએ મો'મિનૂનમાં કામયાબ મો'મિનની છટ્ઠી ખૂબી એ બયાન કરવામાં આવી કે તેઓ નમાઝોની હિફાઝત કરે છે. ઈર્શાદે બારી તઆલા છે :–

وَالَّذِيْنَ هُمْ عَلٰى صَلَوٰتِهِمْ يُحَافِظُوْنَ○ ''અને તેઓ જે પોતાની નમાઝોની સાચવણી કરે છે.'' *(સૂરએ મો'મિનુન્, આ. ૯)*

નમાઝ ઈમાન પછી ઈસ્લામનો મહત્વનો સ્તંભ છે. કુર્આને કરીમ અને હદીષોમાં નમાઝની અહમિયત અને ફઝીલતનો ખૂબ જ અધિક પ્રમાણમાં ઝિક્ર કરવામાં આવ્યો છે, જેમાં નમાઝને ક઼ાયમ કરવા પર ખુશખબરી અને છોડવા પર સખ્ત નુકસાનો બતાવ્યાં છે. અહીંયાં કેટલીક આયતો અને હદીષો વર્ણવવામાં આવી રહી છે :–

### ★ નમાઝ અલ્લાહ તઆલાની યાદનો ઝરીયો છે ★

અલ્લાહ તબારક વ તઆલા કુર્આને મુક઼દ્દસમાં ઈર્શાદ ફર્માવે છે :–

اِنَّنِيْٓ اَنَا اللّٰهُ لَآ اِلٰهَ اِلَّآ اَنَا فَاعْبُدْنِيْ وَاَقِمِ الصَّلٰوةَ لِذِكْرِيْ ''બેશક ! હું જ અલ્લાહ છું અને મારા સિવાય કોઈ ઈબાદતને લાયક નથી, તો મારી બંદગી કર અને મારી

યાદ માટે નમાઝ કાયમ કર.'' *(સૂરએ તાહા, આ. ૧૪)*

અલ્લાહ તબારક વ તઆલાની યાદનો સબબ તો કાયનાતની દરેક વસ્તુ છે. બંદો જે બાજુ નજર કરે તો તેના જ જલ્વા જોવા મળે છે. પરંતુ વિચારો કે ઉપરોક્ત આયતે કરીમામાં અલ્લાહ તબારક વ તઆલાએ પોતાની યાદ માટે નમાઝનો હુકમ આપ્યો. આનાથી જાણવા મળ્યું કે નમાઝ અલ્લાહની યાદનો સૌથી બેહતર (સારો) ઝરીયો છે. નમાઝની હાલતમાં બંદાનું આખુ વજૂદ ખાલિકે કાઈનાતની સામે ઝુકેલુ હોય છે. તેની જીભ અલ્લાહના ઝિક્રથી તર રહે છે અને દિલ અન્વાર અને તજલ્લિયાતે રબ્બાનીનું કેન્દ્ર બની જાય છે. સારાંશ કે એક બંદો જ્યારે નમાઝમાં હોય છે તો એ અલ્લાહની યાદમાં ખોવાઈ જાય છે.

## ★ નમાઝ બુરાઈઓથી રોકે છે ★

અલ્લાહ તબારક વ તઆલા કુર્આને મજીદમાં ઈર્શાદ ફર્માવ્યો :–

وَاَقِمِ الصَّلٰوةَ اِنَّ الصَّلٰوةَ تَنْهٰى عَنِ الْفَحْشَآءِ وَالْمُنْكَرِ ''અને નમાઝ કાયમ કરો, બેશક ! નમાઝ રોકે છે બેહયાઈ અને બુરી વાતોથી.'' *(સૂરએ અન્કબૂત, આ. ૪૫)*

આજે દરેક ઈમાનવાળા સાચા મુસલમાનને એ વાતની ચિંતા રહે છે કે બુરાઈ અને બેહયાઈના પુરથી કેવી રીતે બચી અને બચાવી શકાય. અલ્લાહ તબારક વ તઆલાએ આપણને દિન અને રાતમાં પાંચ નમાઝોનો હુકમ આપ્યો. નમાઝ પઢવાવાળો બંદો દિવસમાં પાંચ વાર પોતાના શરીરથી લઈને પોતાના કપડાંની પણ પાકીનો ખયાલ રાખે છે. એક નમાઝી દિવસમાં પાંચવાર પોતાના મૌલાની બારગાહમાં હાજરી આપે છે અને તેને તે ફિક્ર હમેશાં રહે છે કે જો હું મારા દામનને ગુનાહોથી ખરાબ કરીશ તો રબ્બે કદીરની બારગાહમાં શું મોઢું લઈને જઈશ ?! બસ, આ જીવતા એહસાસને કારણે નમાઝી ઘણા ગુનાહો, બેહયાઈનાં કામોથી તેમજ પોતાના મૌલાની નારાજગીથી બચી જાય છે.

## ★ નમાઝ કાયમ કરવાવાળાનો બદલો અને સવાબ ★

જ્યારે આ આટલી મહત્વની ઈબાદત છે તો તેના પર મળવાવાળો બદલો અને સવાબ પણ એટલો જ મોટો હશે. તેનો ઝિક્ર આ આયતે કરીમામાં છે :–

اِنَّ الَّذِيْنَ اٰمَنُوْا وَعَمِلُوا الصّٰلِحٰتِ وَاَقَامُوا الصَّلٰوةَ وَاٰتَوُا الزَّكٰوةَ لَهُمْ اَجْرُهُمْ عِنْدَ رَبِّهِمْ وَلَا خَوْفٌ عَلَيْهِمْ وَلَا هُمْ يَحْزَنُوْنَ○

"બેશક ! એ જેઓ ઈમાન લાવ્યા અને સારાં કામો કર્યાં અને નમાઝો ક઼ાયમ કરી, અને ઝકાત આપી તેમના અમલો તેમના રબ પાસે છે અને તેમને કોઈ અંદેશો હોય ન કોઈ દુ:ખ." *(સૂરએ બક઼રહ, આ. ૨૭૭)*

### ★ નમાઝી હિદાયત પામેલા બંદાઓમાંથી છે ★

અલ્લાહ તબારક વ તઆલા ઈર્શાદ ફર્માવે છે :–

اِنَّمَا يَعْمُرُ مَسٰجِدَ اللّٰهِ مَنْ اٰمَنَ بِاللّٰهِ وَالْيَوْمِ الْاٰخِرِ وَاَقَامَ الصَّلٰوةَ وَاٰتَى الزَّكٰوةَ وَلَمْ يَخْشَ اِلَّا اللّٰهَ فَعَسٰۤى اُولٰٓئِكَ اَنْ يَّكُوْنُوْا مِنَ الْمُهْتَدِيْنَ○

"અલ્લાહની મસ્જિદો તેઓ જ આબાદ કરે છે જેઓ અલ્લાહ અને ક઼યામત પર ઈમાન લાવે અને નમાઝ ક઼ાયમ કરે છે અને ઝકાત આપે છે અને અલ્લાહના સિવાય બીજા કોઈથી નથી ડરતા, તો નજીક છે કે તે લોકો હિદાયતવાળાઓમાંથી છે." *(સૂરએ તૌબા, આ. ૧૮)*

### ★ નમાઝીનો બદલો બેકાર કરવામાં નહીં આવે ★

અલ્લાહ તઆલા ફર્માવે છે :–

وَالَّذِيْنَ يُمَسِّكُوْنَ بِالْكِتٰبِ وَاَقَامُوا الصَّلٰوةَ اِنَّا لَا نُضِيْعُ اَجْرَ الْمُصْلِحِيْنَ○

"અને તેઓ જે કિતાબને મજબૂતીથી પકડે છે અને તેમણે નમાઝો ક઼ાયમ રાખી અને નેકોના નેક (બદલો) જવા દેતા નથી." *(સૂરએ અઅ્રાફ, આ. ૧૭૦)*

### ★ ગુનાહોની મગફેરત માફી ★

હઝરત અબૂ મુસ્લિમ કહે છે કે, હું હઝરત અબૂ ઉમામા رضی اللہ عنہની ખિદમતમાં હાજર થયો. તેઓ મસ્જિદમાં બેઠેલા હતા. મેં કહ્યું, મને એક શખ્સે આપના તરફથી એક હદીષ નક઼લ કરી છે કે આપે હુઝૂર ﷺથી એ ઈર્શાદ સાંભળ્યો છે કે જે શખ્સ સારી રીતે વુઝૂ કરે અને પછી ફર્ઝ નમાઝ પઢે તો અલ્લાહ તઆલા તે ગુનાહો જે

ચાલવાથી થયા હોય, અને તે ગુનાહ જે તેના હાથોએ કર્યા હોય, અને તે ગુનાહ જે તેના કાનોથી થયા હોય, અને તે ગુનાહ જેને તેની આંખોએ કર્યા હોય, અને તે ગુનાહ જે તેના દિલમાં પેદા થયા હોય બધા જ માફ ફર્માવી દે છે. હઝરત અબૂ ઉમામા رضی اللہ عنہએ ફર્માવ્યું, ખુદાની કસમ ! આ વાત હુઝૂર صلی اللہ علیہ وسلمથી કેટલીયવાર સાંભળી છે. *(અત્તરગીબ વત્તરહીબ, ૧/૧૬૧)*

હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہથી મરવી છે. રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું, "પાંચ નમાઝો અને એક જુમ્આથી બીજી જુમ્આ સુધી અને એક રમઝાનથી બીજી રમઝાન સુધી આ બધા ગુનાહોને મિટાવી દે છે જે આની વચમાં હોય, જ્યારે કે મોટા ગુનાહથી બચવામાં આવે." *(સહીહ મુસ્લિમ, ૧/૨૦૯)*

## ★ ગુનાહ વૃક્ષનાં પાંડદાઓની જેમ ખરી જાય છે ★

હઝરત અબૂ ઝર رضی اللہ عنہથી રિવાયત છે કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ પાનખરની ઋતુમાં પાંદડાં ખરી બહાર નીકળ્યા, વૃક્ષોનાં પાંદડાંઓ ઝરી રહ્યાં હતાં. આપે એક વૃક્ષની બે ડાળીઓ પકડીને તેને હલાવી તેનાથી પાંદડાં પડવા લાગ્યાં. આપે ફર્માવ્યું, હે અબૂ ઝર ! મેં કહ્યું કે, હાજર છું ! યા રસૂલલ્લાહ ! صلی اللہ علیہ وسلم. આપ علیہ الصلوٰۃ والسلامએ ફર્માવ્યું :–

اِنَّ الْعَبْدَ الْمُسْلِمَ لَيُصَلِّى الصَّلٰوةَ يُرِيْدُ بِهَا وَجْهَ اللهِ فَتَهَا فَتُ عَنْهُ ذُنُوْبُهٗ كَمَا يَتَهَافَتُ هٰذَا الْوَرَقُ عَنْ هٰذِهِ الشَّجَرَةِ

"મુસલમાન બંદો જો નમાઝ પઢે છે અને તેનાથી અલ્લાહને રાજી કરવાનો ઈરાદો કરે છે, તો જે રીતે તે વૃક્ષનાં પાંદડાં પડી રહ્યાં હતાં એ જ પ્રમાણે તેનાથી ગુનાહ ખરી જાય છે." *(મુસ્નદે અહમદ, ૩૫/૪૪૦)*

જો કોઈ એહસાસવાળો છે અને તેને ગુનાહોથી દિલમાં તકલીફ મહેસૂસ થાય છે અને ખરેખર જે કામિલ મુસલમાન હશે તેને દિલમાં ગુનાહોથી જરૂર તકલીફ થશે, તો તેને આશ્વાસન આપવામાં આવે છે કે જો પાંચ સમય નમાઝની પાબંદી કરશે તો અલ્લાહ તઆલા તમારા ગુનાહોને એ પ્રમાણે ભૂંસી નાખશે જે પ્રમાણે ડાળીઓ પરથી પાંડદાઓ ખરી પડે છે.

### ★ જન્નતમાં લઈ જવાવાળો અમલ ★

હઝરત મુઆઝ رضی اللہ عنہથી રિવાયત છે કે, મેં રસૂલુલ્લાહ ﷺથી અર્ઝ કરી, મને એવું કામ બતાવો જે જન્નતમાં લઈ જાય અને જહન્નમથી બચાવે ? ઈર્શાદ ફર્માવ્યો, "અલ્લાહની ઈબાદત કર, એની સાથે બીજા કોઈને શરીક ન કર, નમાઝ ક઼ાયમ રાખ, ઝકાત આપ, રમઝાનના રોઝા રાખ અને બયતુલ્લાહનો હજ્જ કર. આ હદીષમાં એ પણ છે કે ઈસ્લામનો પાયો નમાઝ છે."

*(જામેઅ તિર્મિઝી, ભાગ : ૪, પેજ : ૨૮)*

આ હદીષમાં નમાઝને જન્નતી અમલમાં સમાવવામાં આવ્યો છે.

### ★ નમાઝથી ગુનાહોની માફી ★

હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہથી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺએ ઈર્શાદ ફર્માવ્યો, "પાંચ નમાઝો, એક જુમ્આથી બીજા જુમ્આ સુધી અને એક રમઝાનથી બીજી રમઝાન સુધી એ બધા જ ગુનાહોને મિટાવી નાખે છે જે તેમની વચ્ચેના સમયમાં થયા હોય, જ્યારે કે મોટા ગુનાહોથી બચવામાં આવે."

*(સહીહ મુસ્લિમ, ૧/૨૦૯)*

## નમાઝ છોડવાની સજાઓ

નમાઝ છોડવાના વિશે કુર્આન તથા હદીષમાં ખૂબ જ સખત સજાઓ બયાન કરવામાં આવી છે. અહીંયા એમાંથી કેટલીક ઝિક્ર કરવામાં આવી છે.

### ★ નમાઝમાં સુસ્તી કરવાવાળા પર અઝાબ ★

અલ્લાહ તબારક વ તઆલા કુર્આને મુક઼દ્દસમાં ઈર્શાદ ફર્માવે છે :–

فَوَيْلٌ لِّلْمُصَلِّينَ الَّذِينَ هُمْ عَن صَلَاتِهِمْ سَاهُونَ۝ "તો એ નમાઝીઓની ખરાબી છે જેઓ પોતાની નમાઝને ભૂલી ગયા છે." *(સૂરએ માઊન, આયત : ૪)*

'વેલ' જહન્નમમાં એક વાદીનું નામ છે જેનો હાલ એ છે કે જો તેમાં દુનિયાના પહાડ નાખવામાં આવે તો એ પણ તેની સખત ગરમીના કારણે ઓગળી જાય. એ

વાદીમાં એ લોકોને અઝાબ આપવામાં આવશે જેઓ નમાઝોમાં સુસ્તી કરી તેને સમય પસાર કરીને પઢે છે. વિચારવાની વાત છે કે જ્યારે સુસ્તી કરવાવાળા માટે આ અઝાબ છે તો છોડવાવાળા પર કેવો અઝાબ હશે ?!

### ★ જહન્નમના દરવાજા પર નામ ★

હઝરત અબૂ સઈદ رضی اللہ عنہથી રિવાયત છે કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું :–

مَنْ تَرَكَ صَلَاةً مُّتَعَمِّدًا كُتِبَ اِسْمُهٗ عَلٰى بَابِ النَّارِ فِيْمَنْ يَّدْخُلُهَا

''જેણે જાણી જોઈને નમાઝ છોડી તો તેનું નામ જહન્નના દરવાજા પર જહન્નમીઓની યાદીમાં લખી દેવામાં આવે છે.

### ★ અમલો મરદૂદ થઈ જશે ★

હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہથી રિવાયત છે કે હુઝૂર علیہ الصلوٰۃ والسلامએ ઈર્શાદ ફર્માવ્યો :–

''ક઼યામતના દિવસે બંદાના અમલોમાં સૌથી પહેલાં નમાઝ જોવામાં આવશે. જો તે પૂરી થઈ તો તેની નમાઝ અને બધા જ અમલો ક઼બૂલ કરી લેવામાં આવશે, અને જો એ ઓછી થઈ તો તેની નમાઝ અને તેના બધા જ અમલો રદ કરી દેવામાં આવશે.'' *(સુનને નિસાઈ, ૧/૨૩૨)*

### ★ કુફ્રના નજીક ! ★

હઝરત બુરીદા رضی اللہ عنہથી મરવી છે કે હુઝૂર صلی اللہ علیہ وسلمએ ઈર્શાદ ફર્માવ્યો :–

''આપણા અને મુનાફિક઼ો વચ્ચે તફાવત કરનાર ન માઝ છે, બસ જેણે નમાઝને છોડી તે કાફિર થઈ ગયો.'' *(સુનને તિર્મિઝી, ૪/૩૧))*

એ જ પ્રમાણે હઝરત અનસ બિન માલિક رضی اللہ عنہથી મરવી છે કે હુઝૂર صلی اللہ علیہ وسلمએ ઈર્શાદ ફર્માવ્યો :–

مَنْ تَرَكَ صَلَاةً مُّتَعَمِّدًا فَقَدْ كَفَرَ ''જે શખ્સે એક પણ નમાઝ જાણી જોઈને છોડી તો તે કુફ્રની નજીક થઈ ગયો.'' *–(અલ મુઅજમુલ અવસત, ૩/૩૪૩)*

فَقَدْ كَفَرَનો શાબ્દિક અર્થ તો એ થાય છે કે તે કાફિર થઈ ગયો. પરંતુ ઉલમાએ

કિરામે તેનો મતલબ એ બતાવ્યો કે કુફ્રની નજીક થઈ ગયો. કેમ કે તે નમાઝ છોડી બેઠો જ્યારે કે નમાઝ દીનનો સ્તંભ છે અને યક઼ીનનો પાયો છે. فَقَدْ كَفَرَનો બીજો અર્થ એ પણ વર્ણન કરવામાં આવ્યો છે કે, ''તેણે કાફિરનું કામ કર્યું.'' કેમ કે કાફિર પણ નમાઝ નથી પઢતો અને તેણે પણ ન પઢી. એક રિવાયતમાં છે કે, ''બંદા અને શિર્ક તથા કુફ્રની વચ્ચે ફરક નમાઝ છે. જ્યારે તેણે નમાઝ છોડી તો કાફિર જેવો અમલ કર્યો.'' *(સહીહ મુસ્લિમ, ૧/૮૮)*

માટે આપણે જોઈએ કે નમાઝની પાબંદી કરીએ જેથી બુરાઈઓ અને બેહયાઈથી બચેલા રહીએ. જો આપણે કામયાબ મો'મિન બનવા માગતા હોઈએ તો આપણે સૂરએ મુઅ્મિનૂનમાં બયાન કરવામાં આવેલ મો'મિનોની એ નિશાનીઓને અપનાવવી પડશે જેથી આપણે સાચા મો'મિન બનીને દુનિયામાં નસીબવંત બનીએ અને આખેરતમાં આપણને આરામ મળે.

# શ્રેષ્ઠ મુસલમાનો

અત્યાર સુધીના પૃષ્ઠોમાં આપે મો'મિનની નિશાનીઓના વિશે જે કાંઈ વિગત જાણી એ બધી જ સૂરએ મો'મિનૂનની આયતની રોશનીમાં હતી. હવે આપણે અલગ અલગ હદીષે રસૂલથી તે નિશાનીઓને બયાન કરીશું જેને અપનાવવાળાને શ્રેષ્ઠ મો'મિન ઠરાવી આપવામાં આવ્યો છે.

## ★ (૧) ખાવા ખવડાનાર અને સલામ કરનારો શ્રેષ્ઠ મુસલમાન છે ★

અલ્લાહ તબારક વ તઆલાના બંદાઓને ખાવા ખવડાવવું ખૂબ જ ફઝીલત ધરાવે છે, ત્યાં સુધી કે એકવાર સરકારે મુસ્તફા صلی اللہ علیہ وسلمને સવાલ કરવામાં આવ્યો કે ઈસ્લામનો શ્રેષ્ઠ અમલ શું છે ? તો આપે ફર્માવ્યું, એ કે તમે ખાવા ખવડાવો અને દરેક મો'મિન બંદાને સલામ કરો, ચાહે તેને જાણતો હોવ કે ન જાણતા હોવ.

*–(સહીહ બુખારી, ૧/૧૨)*

એ કામના મહત્વના કારણે જ ફર્માવવામાં આવ્યું કે જે શખ્સ ખાવા ખવડાવે છે અને સલામનો જવાબ આપે છે તે શ્રેષ્ઠ શખ્સ છે. હઝરત સુહૈબ رضی اللہ عنہથી રિવાયત છે કે હુઝૂર صلی اللہ علیہ وسلمએ ઈર્શાદ ફર્માવ્યો :–

خِيَارُكُمْ مَنْ أَطْعَمَ الطَّعَامَ وَرَدَّ السَّلَامَ "તમારા બધામાં સૌથી શ્રેષ્ઠ એ છે જે ખાવા ખવડાવે અને સલામનો જવાબ આપે." *(મુસ્નદે અહમદ, ૩૯/૩૪૮)*

## ★ (૨) નેકી કરી ખુશ થવાવાળો અને ગુનાહથી ઈસ્તિગફાર કરવાવાળો શ્રેષ્ઠ મુસલમાન છે ★

આજે આખી દુનિયાનો માહોલ એ થઈ ગયો છે કે બુરાઈને બુરાઈની નજરથી નથી જોવામાં આવી રહ્યું, તેને જાઈઝ સમજવામાં આવી રહી છે અથવા સારુ બનાવી પેશ કરવામાં આવી રહી છે. ઘણા એવાં કામો જે શરીઅતનો કાયદો જ નહીં પરંતુ પ્રકૃતિની પણ વિરુદ્ધ છે, લોકોએ તેને પોતાની રોજીંદી જિંદગીમાં સમાવી લીધાં છે. તેમને તેના પર ન કોઈ શરમ આવે છે ન કોઈ દુઃખ થાય છે. આવા ફિત્નાઓના

સમયમાં જો કોઈ એવો બંદો છે જેને નેકીઓ કરવા પર ખુશી મળે છે અને બુરાઈ કરવા પર દુ:ખ થાય છે અને તે પોતાના રબથી મગફિરત માગે છે તો આવા શખ્સ માટે ખુશખબરી છે કે તે શ્રેષ્ઠ લોકોમાં સામેલ છે. હઝરત અબૂ સઈદ બિન હબીબ رضی اللہ عنہથી રિવાયત છે કે હુઝૂર علیہ الصلوۃ والسلامએ ઈર્શાદ ફર્માવ્યો :–

خِيَارُ أُمَّتِي مَنْ شَهِدَ أَنْ لَّا إِلٰهَ إِلَّا اللّٰهُ وَحْدَهٗ لَا شَرِيْكَ لَهٗ وَأَنَّ مُحَمَّدًا عَبْدُهٗ وَرَسُوْلُهٗ وَالَّذِيْنَ إِذَا أَحْسَنُوْا اسْتَبْشَرُوْا وَإِذَا أَسَاءُوْا اسْتَغْفَرُوْا

"મારી ઉમ્મતમાં સૌથી શ્રેષ્ઠ એ લોકો છે જે એ વાતની ગવાહી આપે કે અલ્લાહ તઆલાના સિવાય કોઈ ઈબાદતને લાયક નથી, તે એક છે તેનો કોઈ ભાગીદાર નથી. અને મુહમ્મદ ﷺ તેના ખાસ બંદા અને રસૂલ છે. તે એવા લોકો છે કે જ્યારે નેકીનું કામ કરે છે તો ખુશ થાય છે અને જ્યારે તેમનાથી ગુનાહ થઈ જાય છે તો પોતાના રબથી માફી માગે છે." *(મુસન્નફે અબ્દુર્રઝ્ઝાક઼, ૨/૫૬૬)*

## ★ (૩) દુનિયા અને આખેરત બંનેની ફિક્ર કરવાવાળો શ્રેષ્ઠ મુસલમાન છે ★

હઝરત હુઝૈફા બિન યમાન رضی اللہ عنہથી મરવી છે કે સરકારે મદીના ﷺએ ઈર્શાદ ફર્માવ્યો :–

لَيْسَ خِيَارُكُمْ مَنْ تَرَكَ الدُّنْيَا لِلْاٰخِرَةِ وَ لَاخِيَارُكُمْ مَنْ تَرَكَ الْاٰخِرَةَ لِلدُّنْيَا وَ لٰكِنَّ خِيَارَكُمْ مَنْ اَخَذَ مِنْ كُلٍّ.

"તે લોકો બેહતર નથી જેઓ દુનિયાના માટે આખેરત અને આખેરત માટે દુનિયાને છોડી આપે, હા ! તમારામાથી બેહતરીન તેઓ છે જેઓ બંનેવથી લે."

*(તારીખે દમિશ્ક઼ લી ઈબ્ને અસાકિર, ૧૨/૨૯૩)*

દુનિયાના બદલે આખેરતને છોડવાનો મલતબ એ છે કે દુનિયાની એશો આરામની જિંદગીને આખેરતની નેઅમતો પર શ્રેષ્ઠતા આપવી. નેકીઓ કરવાની જગ્યાએ ગુનાહોમાં સુકૂન શોધવું. આખેરતને ફકત એક વાયદો અને દુનિયાને જીવતી જાગતી હક઼ીક઼ત સમજી આખેરતની ફિક્રને બાજુએ મૂકી દે અને મસ્તી મોજમાં એવી જિંદગી પસાર કરે જેમાં ન શરીઅતનો અદબ હોય કે ન આખેરતની ફિક્ર.

આખેરતના બદલે દુનિયાને છોડવાનો મલતબ એ છે કે ઈન્સાન એક જગ્યાએ ગોશાનશીન થઈ જાય અને લોકોને મળવાનું છોડી દે, શાદી ન કરે ત્યાં સુધી કે સામાજિક કામોને તદ્દન છોડી આપે અને રહબાનિયત અપનાવી સન્યાસી બની જાય તો ઈસ્લામ એની ઈજાઝત નથી આપતો. હુઝૂર ﷺનો ઈર્શાદે પાક છે :–

لَا رَهْبَانِيَّةَ فِي الْإِسْلَامِ "ઈસ્લામમાં સન્યાસી (રહબાનિયત) થવાનું નથી."

*(ફત્હુલ બારી લિઈબ્નિ રજબ, ભાગ : ૯, પેજ : ૧૧૧)*

જે શખ્સ સન્યાસી જીવન અપનાવે છે તે પોતાની હાલતનો ભાર બીજા પર નાખે છે અને આ જાઈઝ નથી કે તંદુરસ્ત ઈન્સાન કામ ન કરે અને બીજાઓ સામે હાથ ફેલાવે કે પછી એમના પર ભાર નાખે. એટલા માટે કેટલીક હદીષોમાં સ્પષ્ટપણે બોજ ન નાખવાનો ઉલ્લેખ પણ છે. હઝરત અનસ رضی اللہ عنہથી રિવાયત છે :

خَيْرُكُمْ مَنْ لَمْ يَتْرُكْ اٰخِرَتَهُ لِدُنْيَاهُ وَلَا دُنْيَاهُ لِاٰخِرَتِهٖ وَلَمْ يَكُنْ كَلًّا عَلَى النَّاسِ

"તમારા બધામાં શ્રેષ્ઠ એ છે જે દુનિયાને આખેરત અને આખેરતને દુનિયા માટે ન છોડે અને લોકો પર ભાર ન બને."

*(અલ્ જામિઅસ્સગીર વ ઝિયાદહ્, ૧/૬૬૬૫)*

## ★ (૪) ઈશ્ક઼ હોવા છતાંય શરીઅતની વિરુદ્ધ અમલથી બચવાવાળો શ્રેષ્ઠ મુસલમાન છે ★

ઈન્સાનની આદતમાં મહોબ્બત કરવાનું રાખવામાં આવ્યું છે. આ મહોબ્બત જેવી રીતે પોતાના મા બાપ, કુટુંબીજનો, નજીકના લોકો વગેરેથી હોય છે તેવી જ એક અજાણ સ્ત્રી સાથે થઈ શકે છે. દિલ પર કોઈનો કબજો નથી કેમ કે દિલ ઈન્સાનના કાબૂમાં નથી પરંતુ રહમાનના કાબૂમાં છે. એટલા માટે દિલમાં આવવાવાળા ખતરાઓ પર શરીઅત પકડ પણ નથી કરતી. પરંતુ મનુષ્યએ જોઈએ કે બુરા વિચારોથી બચવાની પૂરી કોશિશ કરે. જો કોઈ શખ્સને કોઈ સ્ત્રીથી મહોબ્બત થઈ જાય પરંતુ અલ્લાહ અને તેના મહબૂબ ﷺનો ડર અને શરમ રાખી કોઈ શરીઅતની વિરુદ્ધ કામ ન કરે, ન ઝિના, ન ખરાબ નજર, ન વાત તો અલ્લાહની બારગાહમાં તેને શ્રેષ્ઠ મો'મિનનો ખિતાબ મળે છે. હઝરત અબ્દુલ્લાહ

બિન અબ્બાસ رضی اللہ عنہما થી રિવાયત છે કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم એ ઈર્શાદ ફર્માવ્યો :–

خِيَارُ أُمَّتِي يَعْفُونَ إِذَا أَتَاهُمْ مِنَ الْبَلَاءِ شَيْئًا મારી ઉમ્મતના શ્રેષ્ઠ લોકો એ છે કે જ્યારે અલ્લાહ તઆલા તેમની આઝમાઈશ લે છે તો તે પાક દામન રહે છે. હાજરજનોએ કહ્યું, યા રસૂલલ્લાહ ! صلی اللہ علیہ وسلم એ કઈ આઝમાઈશ છે ?! નબીએ કરીમ صلی اللہ علیہ وسلم એ ઈર્શાદ ફર્માવ્યો, قَالُوْا قَالَ الْعِشْقُ તે ઈશ્ક઼ છે. *(જામિઉલ અહાદીષ, ૩૬/૯૯)*

## ★ (૫) ગુનાહોથી તૌબા કરવાવાળો શ્રેષ્ઠ મુસલમાન છે ★

મનુષ્ય ભૂલોનું પોટલુ છે. ક્યારેક ભૂલથી ગુનોહ કરે છે તો ક્યારેક જાણી જોઈને કરી બેસે છે. ગુનાહ અલ્લાહ તઆલાના ચૂનેલા બંદાઓ સિવાય બધાથી થઈ જાય છે. પરંતુ અલ્લાહ તઆલાને એ બંદાઓ પસંદ છે જે ગુનાહ પર શરમ અને પસ્તાવો કરે છે અને તરત પોતાના રબની બારગાહમાં હાજર થાય છે.

હઝરત અનસ رضی اللہ عنہ થી રિવાયત છે કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم એ ઈર્શાદ ફર્માવ્યો :

كُلُّ بَنِي آدَمَ خَطَّاءٌ وَخَيْرُ الْخَطَّائِينَ التَّوَّابُونَ "બધા ઈન્સાનો ભૂલો કરવાવાળા છે અને ભૂલો કરવાવાળાઓમાં સૌથી શ્રેષ્ઠ એ છે જે તૌબા કરી લે છે."

*(સુનને ઈબ્ને માજહ, ૨/૧૪૨)*

એક હદીષમાં હઝરત અલી کرم اللہ وجہہ الکریم થી મરવી છે કે હુઝૂર صلی اللہ علیہ وسلم એ ઈર્શાદ ફર્માવ્યો : خِيَارُكُمْ كُلُّ مُفَتَّنٍ تَوَّابٍ "તમારામાં સૌથી શ્રેષ્ઠ એ છે, જે ફિત્નાઓમાં પડે તો તૌબા કરે છે." *(શોઅબુલ ઈમાન, ૯/૩૨૭)*

## ★ (૬) વાયદો પૂરો કરવાવાળો શ્રેષ્ઠ મુસલમાન છે ★

આપણે બધા જાણીએ છીએ કે આજકાલ વાયદો પૂરો કરવાની હાલત શું છે ? લોકો વાયદો કરે છે પછી તેને પૂરો કરવાનું તો દૂર પરંતુ વાયદાથી ફરી જાય છે ! જે લોકો વાયદો પૂરો કરે છે તેને શ્રેષ્ઠ મુસલમાનમાં ગણવામાં આવ્યા. હઝરત અબૂ સઈદ رضی اللہ عنہ થી રિવાયત છે કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم એ ઈર્શાદ ફર્માવ્યો :–

خِيَارُكُمُ الْمُوفُونَ الْمُطَيِّبُونَ إِنَّ اللَّهَ يُحِبُّ الْخَفِيَّ التَّقِيَّ "તમારા શ્રેષ્ઠ લોકો એ છે જે વાયદો પૂરો કરવાવાળા અને નેક તબીઅતના માલિક છે. બેશક ! અલ્લાહ છુપાયેલા પરહેઝગાર બંદાઓને પસંદ કરે છે." *(અશ્શરીઅતુલ આજરી, ૨/૨૦૯૧)*

માટે આપણે વાયદો વફા કરવાની આદત રાખવી જોઈએ જેથી આપણો શ્રેષ્ઠ લોકોમાં સમાવેશ થાય. આ હદીષમાં વધુ એ વાત પણ કહેવામાં આવી છે કે અલ્લાહ તબારક વ તઆલા છુપાયેલા મુત્તક઼ીઓને પસંદ ફર્માવે છે. ઘણા લોકો એવું ચાહે છે કે તેમની નેકીઓ લોકો જુએ, તેમને નેકીઓ કરતા જોઈ તેમને મુત્તક઼ી અને અલ્લાહવાળો સમજે. જો કે આ રીતે બંદો નેકી કમાવવાની જગ્યાએ રિયાકારીને કારણે ગુનાહ પર ગુનાહ કરતો ચાલ્યો જાય છે. એટલા માટે ફર્માવવામાં આવ્યું કે પોતાના તક઼વા અને પોતાની નેકીઓને લોકોથી બચાવો કે એ પરિસ્થિતિમાં અમલ ફકત અલ્લાહ તબારક વ તઆલા માટે હશે, અને જ્યારે અમલ ફકત અલ્લાહ તબારક વ તઆલા માટે હશે તો એ અમલથી બંદો અલ્લાહની બારગાહમાં મક઼બૂલ બની જશે.

## ★ (૭) કુર્આન શીખવા અને બીજાઓને શીખવવાવાળો શ્રેષ્ઠ મુસલમાન છે ★

હદીષ શરીફમાં કુર્આને કરીમની તા'લીમ મેળવવા અને તા'લીમ આપવાવાળો બંનેને શ્રેષ્ઠ લોકોમાં સમાવવામાં આવ્યા છે. હઝરત ઉષ્માન બિન અફ્ફાન رضی اللہ عنہથી રિવાયત છે કે અલ્લાહના રસૂલ صلی اللہ علیہ وسلمએ ઈર્શાદ ફર્માવ્યો :–

خَيْرُكُمْ مَنْ تَعَلَّمَ الْقُرْاٰنَ وَعَلَّمَهٗ "તમારામાંથી શ્રેષ્ઠ વ્યક્તિ એ છે કે જે જાતે કુર્આન શીખે અને બીજા લોકોને શીખવાડે." *(સહીહ બુખારી શરીફ, ૬/૧૯૨)*

આ હદીષનો મતલબ એ નથી કે ફકત લખેલા શબ્દોને પઢવા અને પઢાવવાવાળો શ્રેષ્ઠ લોકોમાંથી છે, બલ્કે એનાથી મુરાદ એ પણ છે કે તેનો અર્થો બલ્કે દરેક એ વસ્તુ જે કુર્આને કરીમની તા'લીમ હશે તેને પઢવા અને પઢાવવાવાળા શ્રેષ્ઠ લોકો છે. આપણા સમાજની એ હાલત છે કે વાલી લોકો પોતાના બાળકોની તર્બિયતમાં કુર્આને કરીમની તા'લીમ પર ખાસ ધ્યાન નથી આપતા, એટલા માટે તેનો અર્થ તો શું શબ્દો પણ બરાબર ઉચ્ચારવામાં બાળકો સક્ષમ નથી હોતા અને યુવાન તથા વૃદ્ધ થતા સુધી એવા જ રહી જાય છે. જરૂરત એ વાતની છે કે આપણે આપણા બાળકોને એવા મક્તબમાં દાખલ કરીએ જ્યાં સારી રીતે તા'લીમ આપવામાં આવતી હોય તેમજ સાથે સાથે સમયે સમયે આપણે જાતે પણ તેની

સમીક્ષા કરવી જોઈએ કે આપણા બાળકો મક્તબથી શું જ્ઞાન મેળવે છે. આ પ્રમાણે આપણે કુર્આને કરીમની તા'લીમમાં સુધારો લાવી શકીએ છીએ.

### ★ (૮) હાફિઝે કુર્આન અને રાતને જીવંત રાખવાવાળા શ્રેષ્ઠ મુસલમાન છે ★

હાફિઝે કુર્આન (જે કુર્આને કરીમને યાદ કરવાની સાથે તેના પર અમલ કરતા હોય) અને એવો બંદો જે રાત્રે ઉઠી રબની ઈબાદત કરતો હોય. આ બંને અલ્લાહ તબારક વ તઆલાની નજીક મહબૂબ છે. હદીષે પાકમાં આ બંનેને શ્રેષ્ઠ લોકોમાં સમાવવામાં આવ્યા. હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہماથી રિવાયત છે કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ ઈર્શાદ ફર્માવ્યો, اَشْرَافُ اُمَّتِیْ حَمَلَةُ الْقُرْاٰنِ وَاَصْحَابُ اللَّیْلِ "મારી ઉમ્મતના શ્રેષ્ઠ લોકો હાફિઝે કુર્આન અને રાત્રે (ઈબાદત માટે) જાગવાવાળા છે."

*–(શોઅબુલ ઈમાન, ૪/૨૩૩)*

### ★ (૯) ગુનાહ અને હસદ ન કરવાવાળો શ્રેષ્ઠ મુસલમાન છે ★

હઝરત અબ્દુલ્લાહ બિન ઉમર બિન આસ رضی اللہ عنہથી રિવાયત છે, એ ફર્માવે છે કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمથી પૂછવામાં આવ્યું, مَنْ خَیْرُ النَّاسِ؟ લોકોમાં શ્રેષ્ઠ લોકો કોણ છે ? આપ علیہ الصلوٰۃ والسلامએ ઈર્શાદ ફર્માવ્યો, ذُو الْقَلْبِ الْمَخْمُوْمِ وَاللِّسَانِ الصَّادِقِ "લોકોમાં સૌથી સારો એ છે જે નરમ દિલ અને સાચી ઝુબાનનો માલિક છે. અમે અર્ઝ કરી, સાચી જુબાનનો અર્થ તો અમે સમજી ગયા પરંતુ નરમ દિલ કઈ વસ્તુ છે ? ફર્માવ્યું, هُوَ التَّقِیُّ النَّقِیُّ الَّذِیْ لَا إِثْمَ فِیْهِ وَلَا حَسَدَ "એ પાક અને સાફ દિલ જેમાં કોઈ ગુનોહ તથા હસદ ન હોય." *(શોઅબુલ ઈમાન, ૬/૯)*

હસદ પણ ગુનાહમાં સમાયેલ છે, છતાં પરંતુ તેને ખાસ એટલા માટે ઝિક્ર કરવામાં આવ્યું કે સામાન્ય રીતે લોકો તેમાં સપડાયેલા હોય છે, અને તે ઘણા બધા હક્કો છીનવાની અને બુરાઈઓનું મૂળ બને છે, જેમ કે ગીબત, ખૂન, ઝઘડો લાનતાન વગેરે.

### ★ (૧૦) જેના અખ્લાક઼ સારા હોય એ શ્રેષ્ઠ મુસલમાન છે ★

આ વાત ઈસ્લામ જ નહીં પરંતુ સમાજમાં પણ જાહેર છે કે જે શખ્સ સારા

અખ્લાક઼વાળો હોય છે તેને પસંદ કરવામાં આવે છે. ઈસ્લામે આવા શખ્સને શ્રેષ્ઠ મુસલમાન ઠરાવ્યો છે. હઝરત અબ્દુલ્લાહ બિન ઉમર બિન આસ رضی اللہ عنہથી રિવાયત છે કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ ઈર્શાદ ફર્માવ્યો, اِنَّ مِنْ خِيَارِكُمْ اَحْسَنَكُمْ اَخْلَاقًا "તમારામાં સૌથી શ્રેષ્ઠ એ છે જેના અખ્લાક઼ સારા હોય." *(સહીહ બુખારી, ૪/૧૮૯)*

યાદ રાખો ! અલ્લાહ તબારક વ તઆલા પોતાના બંદાઓથી ખૂબ જ મહોબ્બત કરે છે. તેના બંદાઓને તકલીફ પહોંચાડી તેની ઈબાદત કરવી તેને કદી પણ રાજી નથી કરી શકતા.

હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہથી રિવાયત છે કે એક શખ્સે અર્ઝ કરી કે, રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم પેલી સ્ત્રી વિશે વાતો કરવામાં આવે છે કે નમાઝ, રોઝા, સદક઼ો અતિ અધિક પ્રમાણમાં કરે છે પરંતુ એ વાત પણ છે કે તે પોતાના પાડોશીઓને જીભ વડે તકલીફ પહોંચાડે છે. આપે ફર્માવ્યું, તેણી જહન્નમમાં છે ! તેમણે કહ્યું, યા રસૂલલ્લાહ ! صلی اللہ علیہ وسلم પેલી સ્ત્રીના વિશે કહેવામાં આવે છે કે જેની નમાઝ, રોઝા, સદક઼ા તથા ઝકાતમાં કમી છે (એટલે નવાફિલ) પરંતુ એ પનીરના ટુકડા સદક઼ો કરે છે અને પોતાની જીભ વડે પડોશીઓને તકલીફ નથી પહોંચાડતી. આપ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું, તેણી જન્નતમાં છે !" *(મુસ્નદે અહમદ, ભાગ : ૩, પેજ : ૪૪૧)*

## ★ (૧૧) ફક઼ીહ શ્રેષ્ઠ મુસલમાન છે ★

ફિક઼હના ઈલ્મથી શરીઅતના મસાઈલનો ઈલ્મ પ્રાપ્ત થાય છે. આ ખૂબ જ ફઝીલતવાળો ઈલ્મ છે. આની ફઝીલત માટે એટલુ જ પૂરતુ છે કે કુર્આને કરીમે તેના માટે ઘણી જ ભલાઈનો શબ્દ ઉપયોગ કર્યો છે. ઈર્શાદે બારી તઆલા છે :

وَمَنْ يُّؤْتَ الْحِكْمَةَ فَقَدْ اُوْتِیَ خَيْرًا كَثِيْرًا "અને જેને હિકમત મળી તેને ઘણી જ ભલાઈ મળી." *(સૂરએ બક઼રહ, આ. ૨૬૯)*

મુફસ્સિરે કિરામ رضوان اللہ تعالیٰ علیہم اجمعین એ ફર્માવ્યું કે આ આયતમાં હિકમતથી મુરાદ ફિક઼હ છે.

હદીષે પાકમાં સરકાર علیہ الصلوٰۃ والسلامનો ઈર્શાદ છે :–

مَنْ يُّرِدِ اللّٰهُ بِهٖ خَيْرًا يُّفَقِّهْهُ فِی الدِّيْنِ અલ્લાહ તઆલા જેની સાથે ભલાઈનો

ઈરાદો કરે છે તેને દીનમાં ફક઼ીહ (દીની મસાઈલનો નિષ્ણાત, જાણકાર) બનાવી દે છે.'' *(સહીહ બુખારી, ૧/૨૪)* જ્યારે આ ઈલ્મ આટલા પ્રમાણમાં ફઝીલત ધરાવે છે તો જરૂર એને હાંસલ કરવાવાળો પણ મહાન ફઝીલત ધરાવનાર થશે. હદીષે પાકમાં ફુક઼હાએ કિરામને બેહતરીન મો'મિન ઠરાવવામાં આવ્યા છે. હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہથી રિવાયત છે કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ ઈર્શાદ ફર્માવ્યો :–

فَخِيَارُكُمْ فِي الْجَاهِلِيَّةِ خِيَارُكُمْ فِي الْإِسْلَامِ إِذَا فَقُهُوْا ''તમારામાંથી જે જહાલતમાં શ્રેષ્ઠ હતા, તેઓ ઈસ્લામમાં પણ શ્રેષ્ઠ છે જ્યારે કે ફક઼ીહો બની જાય.''

## ★ (૧૨) આલિમે દીન શ્રેષ્ઠ મુસલમાન છે ★

દુનિયાનો દરેક વ્યક્તિ એ વાતને માને છે કે ઈલ્મવાળો અને ઈલ્મ વિનાનો એક સરખા નથી. જ્યારે કે દુનિયાના ઈલ્મનો આ હાલ છે તો દીની ઈલ્મ જે આખેરતના રસ્તાઓને સહેલા બનાવવાળો છે, તેને પ્રાપ્ત કરવાવાળાની ફઝીલત શું હશે ?! હદીષ શરીફમાં ઉલમાને શ્રેષ્ઠ મુસલમાન ગણવામાં આવ્યા છે અને આ ઉલમાની ખાસ તારીફ કરવામાં આવી છે કે તેઓ લોકો સાથે કડક વલણ અને તકબ્બુરને બદલે નમ્રતા અને આજિઝીથી મુલાકાત કરે છે, તેમના મસાઈલને સાંભળે છે અને તેમને તેનો ઉપાય બતાવે છે. હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہથી રિવાયત છે કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ ઈર્શાદ ફર્માવ્યો :–

خِيَارُ أُمَّتِي عُلَمَاؤُهَا وَخِيَارُ عُلَمَائِهَا خِيَارُهَا أَلَا وَإِنَّ اللهَ يَغْفِرُ لِلْعَالِمِ أَرْبَعِيْنَ ذَنْبًا قَبْلَ أَنْ يَّغْفِرَ لِلْجَاهِلِ ذَنْبًا وَاحِدًا أَلَا وَإِنَّ الْعَالِمَ الرَّحِيْمَ يَجِيْءُ يَوْمَ الْقِيَامَةِ وَإِنَّ نُوْرَهُ قَدْ أَضَاءَ يَمْشِيْ فِيْهِ بَيْنَ الْمَشْرِقِ وَالْمَغْرِبِ كَمَا يُضِيْءُ الْكَوْكَبُ الدُّرِّيُّ.

''મારી ઉમ્મતના શ્રેષ્ઠ લોકો ઉલમા છે અને તે ઉલમામાંથી શ્રેષ્ઠ એ ઉલમા છે જે નરમ મિજાઝના છે. ખબરદાર ! અલ્લાહ તબારક વ તઆલા જાહિલનો એક ગુનો માફ કરતા પહેલાં આલિમના ૪૦ ગુનાહો માફ કરે છે, ખબરદાર ! નરમ મિજાઝવાળો આલિમ એ શાનથી ક઼યામતમાં આવશે કે તેનું નૂર તેના માટે એટલી રોશની કરી દેશે કે તે પૂર્વ અને પશ્ચિમ વચ્ચે ચાલવાની શક્તિ ધરાવશે.

## ★ (૧૩) અલ્લાહ તઆલાની તરફ બોલવનાર શ્રેષ્ઠ મુસલમાન છે ★

જે લોકો બુરાઈથી રોકે છે નેકીની દા'વત આપે છે અને શરીઅતને ફેલાવે છે (તબ્લીગ કરે છે). પોતાની ક઼ૌમને નેક બનાવવાની કોશિશ કરે છે, તેમને હદીષે પાકમાં શ્રેષ્ઠ લોકોમાં સમાવવામાં આવ્યા. હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہથી રિવાયત છે કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ ઈર્શાદ ફર્માવ્યો : خِيَارُ أُمَّتِيْ مَنْ دَعَا إِلَى اللهِ تَعَالٰى وَحَبَّبَ عِبَادَهٗ إِلَيْهِ "એટલે કે મારી ઉમ્મતમાં શ્રેષ્ઠ એ વ્યક્તિ છે જે અલ્લાહ તરફ બોલાવે અને લોકોને અલ્લાહના મહબૂબ બનાવે." *–(ફૈઝુલ ક઼દીર, ૩/૪૬૩)*

## ★ (૧૪) જેને મોડેથી ગુસ્સો આવે અને જલ્દી ચાલ્યો જાય એ શ્રેષ્ઠ મુસલમાન છે ★

ગુસ્સો મનુષ્યની આદતમાં રાખવામાં આવ્યો છે પરંતુ કેટલાક લોકો એવા હોય છે જે વાત વાત પર ગુસ્સો કરે છે. આવા લોકોને સમાજમાં સારા નામથી યાદ કરવામાં નથી આવતા. કેમ કે મનુષ્ય નરમીને પસંદ કરવાની ફિતરત ધરાવે છે. હદીષે પાકમાં ગુસ્સો આવવા પર જવા પર ત્રણ હાલતો બયાન કરવામાં આવી છે. અને પછી ફર્માવવામાં આવ્યું કે તે લોકો સૌથી શ્રેષ્ઠ છે જેને મોડેથી ગુસ્સો આવે અને જલ્દીથી ચાલ્યો જાય. હઝરત અબૂ સઈદ ખુદરી رضی اللہ عنہથી રિવાયત છે કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ ઈર્શાદ ફર્માવ્યો :–

اَلَا وَاِنَّ مِنْهُمُ الْبَطِیْءَ الْغَضَبِ سَرِیْعَ الْفَیْءِ وَ مِنْهُمْ سَرِیْعَ الْغَضَبِ سَرِیْعَ الْفَیْءِ فَتِلْكَ بِتِلْكَ، اَلَا وَاِنَّ مِنْهُمْ سَرِیْعَ الْغَضَبِ بَطِیْءَ الْفَیْءِ، اَلَا وَخَیْرُهُمْ بَطِیْءُ الْغَضَبِ سَرِیْعُ الْفَیْءِ اَلَا وَشَرُّهُمْ سَرِیْعُ الْغَضَبِ بَطِیْءُ الْفَیْءِ

"સાવચેત રહો કે લોકોમાં કેટલાક એવા છે જેને મોડેથી ગુસ્સો આવે છે અને ઝડપથી ચાલ્યો જાય છે, અને કેટલાકને જલ્દી આવે છે અને જલ્દી જતો રહે છે. એકના બદલામાં બીજો છે. સાંભળો ! તેમનામાં કેટલાક એવા પણ છે જેમને જલ્દી ગુસ્સો આવે છે અને મોડેથી ઉતરે છે. સાંભળી લો ! તેમનામાં શ્રેષ્ઠ એ છે જેમને

મોડેથી ગુસ્સો આવે અને જલ્દી ચાલ્યો જાય અને બુરા તે છે જેમને જલ્દી ગુસ્સો આવે અને મોડેથી જાય." *(સુનને તિર્મિઝી, ૪/૪૮૩)*

આપણે જોઈએ કે આ હદીષના મુજબ પોતાની આદત એવી બનાવીએ કે ઓછામાં ઓછો ગુસ્સો કરીએ, જ્યાં સુધી થઈ શકે તેનાથી બચીએ અને જ્યારે ગુસ્સો આવે તો આ હદીષને યાદ કરીએ. ઈન્શા અલ્લાહ ! ગુસ્સાને ઠંડો કરવાનો જઝબો પેદા થઈ જશે.

## ★ (૧૫) જે કૄર્ઝ સમયસર અદા કરે તે શ્રેષ્ઠ મુસલમાન છે ★

હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہથી મરવી છે કે રસૂલુલ્લાહ એ ઈર્શાદ ફર્માવ્યો :

فَإِنَّ مِنْ خِيَارِ النَّاسِ أَحْسَنَهُمْ قَضَاءً "શ્રેષ્ઠ વ્યક્તિ એ છે જે કૄર્ઝ સારી રીતે અદા કરે." *(સહીહ બુખારી, ૩/૧૧૬)*

ઘણા લોકોની આદત હોય છે કે લોકોથી કૄર્ઝ લે છે અને પાછુ આપવામાં ટાળ મટોળ કરે છે, જો કે કેટલીકવાર એવું પણ જોવામાં આવ્યું કે રકમ હોવા છતાંય અદા નથી કરતા. આવું કરવું ઘણુ જ બુરુ છે. કૄર્ઝ આપવાવાળાનું એહસાન હોય છે કે તે કૄર્ઝ માગનારની જરૂરતના સમય પર મદદ કરે છે. શું એ મદદનો બદલો એ છે કે તેને તેની જ રકમથી વંચિત કરવામાં આવે ? સારા અને શ્રેષ્ઠ એ લોકો છે કે કૄર્ઝ લીધા બાદ એ ફિક્રમાં રાત દિવસ પસાર કરે છે કે ક્યારે પોતાના મુસલમાનભાઈનું કૄર્ઝ ચૂકાવી પોતે હુકૂકુલ એબાદથી છૂટકારો મેળવે.

## ★ (૧૬) જે પોતાની પત્ની અને બાળકોનો સારી રીતે ખયાલ રાખે એ શ્રેષ્ઠ મુસલમાન છે ★

હઝરત અબ્દુલ્લાહ બિન અબ્બાસ رضی اللہ عنہماથી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺએ ઈર્શાદ ફર્માવ્યો : خَيْرُكُمْ خَيْرُكُمْ لِأَهْلِهِ وَأَنَا خَيْرُكُمْ لِأَهْلِي

"તમારામાં શ્રેષ્ઠ એ છે જે પોતાના ઘરવાળાઓ માટે શ્રેષ્ઠ હોય અને હું મારા ઘરવાળાઓ માટે સૌથી સારો છું." *(સુનને ઈબ્ને માજહ, ૧/૬૩૬)*

મનુષ્ય જો પોતાના ઘરવાળાઓ સાથે સારો વ્યવહાર કરે અને તેમનો ખયાલ રાખે તો ઘરનો માહોલ સારો રહે છે, અને મુસીબત તથા તકલીફના હોવા છતાંય ઘર તૂટતુ નથી. કેમ કે એકબીજાનો ખયાલ રાખવાથી એકબીજાને સહારો મળે છે.

જે લોકો પોતાના ઘરવાળાઓ સાથે ખાસ કરીને પોતાની બીવીઓ સાથે સારો વ્યવહાર નથી કરતા તે હમેશાં એકલતા અનુભવે છે અને ઘણીવાર આ એકલાપણુ તેમની નાકામ જિંદગીનું કારણ બની જાય છે આ ખૂબ જ જરૂરી વાત છે જેને ઘણા ઓછા લોકો સમજે છે.

### ★ (૧૭) જેને જોઈને ખુદા યાદ આવે એ શ્રેષ્ઠ મો'મિન (મુસલમાન) છે ★

આપણી આજુબાજુ અલ્લાહના બંદાઓમાંથી કેટલાક એવા લોકો હોય છે જેમને જોઈને જ તેમના તક્વા, પાકી અને પવિત્રતાને કારણે આપણને આપણા રબની યાદ આવે છે આ એ જ લોકો છે જેમના વિશે ફર્માવવામાં આવ્યું કે તમારામાં શ્રેષ્ઠ એ લોકો છે કે તેમને જોઈને ખુદા યાદ આવે. હઝરત અબ્દુલ્લાહ બિન અબ્બાસ رضی اللہ عنہما થી રિવાયત છે. હુઝૂર ﷺ થી પૂછવામાં આવ્યું કે આપણા લોકોમાં સૌથી શ્રેષ્ઠ કોણ છે ? આપ علیہ الصلوٰۃ والسلام એ ઈર્શાદ ફર્માવ્યો, خِیَارُکُمْ مَنْ ذَکَّرَکُمْ بِاللّٰہِ رُؤْیَتُہٗ "તમારામાં સૌથી શ્રેષ્ઠ એ છે જેને જોવું તમને અલ્લાહની યાદ અપાવે."

*(શોઅબુલ ઈમાન, ૧૨/૪૯)*

### ★ (૧૮) જે દુનિયાની સગવડોથી દિલ ન લગાડે એ સૌથી શ્રેષ્ઠ છે ★

હઝરત હસન બસરી رحمۃ اللہ علیہ થી રિવાયત છે કે સહાબાએ કિરામ رضوان اللہ تعالٰی علیہم اجمعین એ હુઝૂર علیہ الصلوٰۃ والسلام થી અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ અમારામાં શ્રેષ્ઠ કોણ છે ? આપ ﷺ એ ઈર્શાદ ફર્માવ્યો : اَزْھَدُکُمْ فِی الدُّنْیَا وَاَرْغَبُکُمْ فِی الْاٰخِرَۃِ "તમારામાં સૌથી બેહતર એ છે જે દુનિયાથી લગાવ ઓછો રાખે અને આખેરત સાથે લગાવ રાખવાવાળો હોય." *(શોઅબુલ ઈમાન, ૧૩/૧૧૫)*

આ હદીષનો અર્થ કદી પણ એ નથી કે આખેરત માટે દુનિયાને છોડી આપવામાં આવે. પાછલા પેજોમાં આ બયાન મુજબ અમે એવું ઝિક્ર કરી ચૂક્યા કે ઈસ્લામ સામાજિક બંધારણને પસંદ કરે છે. અમારે ત્યાં સન્યાસ અપનાવવાની પરવાનગી નથી. આ હદીષનો મતલબ ફકત એટલો જ છે કે ચાહે કેટલોય માલ સંપત્તિ હોય કે કશો જ માલ ન હોય, કોઈપણ સંજાગોમાં દિલ ફકત અને ફકત આખેરત સાથે જ લાગેલુ હોય. ભરોસો માલ (સંપત્તિ) પર ન હોય પરંતુ અલ્લાહની

ઝાત પર હોય. દુનિયા જરૂરત પ્રમાણે જ કમાવવાની કોશિશ કરે. ઈચ્છાઓની દોડમાં ન પડે કેમ કે ઈચ્છાઓ ક્યારેય ખત્મ થતી નથી.

## ★ (૧૯) જેની દુષ્ટતાથી લોકો મહેફૂઝ રહે એ શ્રેષ્ઠ મુસલમાન છે ★

સમાજમાં કેટલાક લોકો એવા હોય છે કે જ્યારે લોકો તેમને આવતા જુએ તો પોતાના રસ્તાને બદલી કાઢે છે, કેમ કે જાણે છે કે આ કોઈ ન કોઈ મુસીબત સાથે લાવ્યો હશે અથવા આનાથી કોઈ ન કોઈ તકલીફ મને પહોંચશે. એની જગ્યાએ કેટલાક એવા લોકો પણ હોય છે કે લોકો પોતાના ખરાબ સમયમાં તેમને પોતાના આશ્રયસ્થાન સમજી તેમની પાસે જાય છે અને તે લોકોની ખુશી ખુશી મદદ કરે છે. આવા લોકોને હદીષ શરીફમાં શ્રેષ્ઠ લોકોમાં સમાવવામાં આવ્યા.

હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہથી રિવાયત છે કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ ઈર્શાદ ફર્માવ્યો : خِيَارُكُمْ مَنْ يُؤْمَنُ شَرُّهٗ وَيُرْجٰى خَيْرُهٗ "તમારા બધામાં શ્રેષ્ઠ વ્યક્તિ એ છે જેની બુરાઈથી મહેફૂઝ રહેવામાં આવે અને તેનાથી ભલાઈની આશા રાખવામાં આવે." *(શોઅબુલ ઈમાન, ૧૩/૫૪૨)*

સંક્ષિપ્તમાં શબ્દોમાં કે...

ભલાઈઓ ઈમાન પર મૌકૂફ રાખવામાં આવી અને ઈમાનને કેટલાક લક્ષણોનો સંગ્રહ બનાવી આપવામાં આવ્યો છે :–

- ❀ ખુશૂઅ તથા ખુઝૂઅ (એકાગ્રતા)ની સાથે નમાઝ પઢે.
- ❀ નકામી અને અર્થ વિનાની વાતો બાજુ ધ્યાન ન આપે.
- ❀ ઝકાત અદા કરે.
- ❀ શર્મગાહની હિફાઝત કરે.
- ❀ અમાનતોને અદા કરે અને વાયદો પૂર્ણ કરે.
- ❀ નમાઝની હિફાઝત કરે.

એ જ પ્રમાણે હદીષે મુબારકાની રોશનીમાં શ્રેષ્ઠ મુસલમાનની નિશાનીઓ જોઈએ તો તે નીચે મુજબ છે.

- ખાવા ખવડાવવાવાળો અને સલામ કરવાવાળો શ્રેષ્ઠ મુસલમાન છે.
- નેકી કરી ખુશ થવાવાળો અને ગુનાહોથી દૂરી બનાવવાવાળો શ્રેષ્ઠ મુસલમાન છે.
- દુનિયા અને આખેરત બંનેવની ફિક્ર કરવાવાળો શ્રેષ્ઠ મુસલમાન છે.
- ઈશ્ક઼ થવા છતાંય શરીઅતની વિરુદ્ધ કામથી બચવાવાળો શ્રેષ્ઠ મુસલમાન છે.
- ગુનાહોથી તૌબા કરવાવાળો શ્રેષ્ઠ મુસલમાન છે.
- વાયદો પૂર્ણ કરવાવાળો શ્રેષ્ઠ મુસલમાન છે.
- કુર્આન શીખવા અને શીખવવાવાળો શ્રેષ્ઠ મુસલમાન છે.
- હાફિઝે કુર્આન અને રાતને જીવંત રાખવાવાળો શ્રેષ્ઠ મુસલમાન છે.
- ગુનાહ અને હસદ ન કરવાવાળો શ્રેષ્ઠ મુસલમાન છે.
- જેના અખ્લાક઼ સારા હોય તે શ્રેષ્ઠ મુસલમાન છે.
- ફક઼ીહ શ્રેષ્ઠ મુસલમાન છે.
- આલિમે દીન શ્રેષ્ઠ મુસલમાન છે.
- જેને મોડેથી ગુસ્સો આવે અને જલ્દી ચાલ્યો જાય એ શ્રેષ્ઠ મુસલમાન છે.
- જે ક઼ર્ઝ બરાબર અદા કરે તે શ્રેષ્ઠ મુસલમાન છે.
- જે પોતાની પત્ની, બાળકોનો સારી રીતે ખયાલ કરે તે શ્રેષ્ઠ મુસલમાન છે.
- જેને જોઈને ખુદા યાદ આવે તે શ્રેષ્ઠ મુસલમાન છે.
- જે દુનિયાની ખુશીઓથી દિલ ન લગાડે એ શ્રેષ્ઠ મુસલમાન છે.
- જેની દુષ્ટતાથી લોકો મહેફૂઝ છે તે શ્રેષ્ઠ મુસલમાન છે.

આપણી જવાબદારી બને છે કે આપણે આ બધા લક્ષણો અપનાવીને પોતાની જાતને મુસલમાનોવાળા લક્ષણવાળી બનાવીએ અને સમાજમાં શ્રેષ્ઠ કહેવાના હક્ક઼દાર બની જઈએ.

અલ્લાહ તબારક વ તઆલા આપણને તૌફીક઼ અતા ફર્માવે. (આમીન)